દરરોજ સવારે રાજકોટ થી પ્રસિદ્ધ થતું

RNI Title Code No. GUJGUJ18141

દૈનિક મુંબઈ તરંગ સત્ય ની સાથે.....

# દૈનિક મુંબઈ તરંગ

વર્ષ - 2 ❖ અંક - 309 ❖ શુક્રવાર 09 મે 2025 ❖ તંત્રી : કાંતિલાલ એ પટેલ ❖ પાનાં 8 ₹3/-

www.mumbaitarang.com Email : mumbaitarangnews@gmail.com

**આજ નો સુવિચાર**

**સમયની કિંમત સમજવી તે જીવનનું સાચું મુલ્ય છે.**

**સંક્ષિપ્ત સમાચાર**

## કર્નલ સોફિયા, વિંગ કમાન્ડર વ્યોમિકા સિંહે ઓપરેશન સિંદુરની માહિતી આપી

ઓપરેશન સિંદુર હેઠળ આ સૈન્ય કાર્યવાહી અંગે કર્નલ સોફિયા કુરેશી અને વિંગ કમાન્ડર વ્યોમિકા સિંહે વિગતવાર માહિતી પૂરી પાડી હતી.ભારતીય સૈન્યની બંને મહિલા અધિકારીઓએ પાકિસ્તાન પર હુમલા અંગે વિગતવાર વાત કરી હતી અને જણાવ્યું કે, સૈન્યે પાકિસ્તાનમાં ચાલી રહેલી આતંકની ફેક્ટરીઓને ખતમ કરી દીધી છે. ભારતીય સૈન્યમાં લેફ્ટનન્ટ કર્નલ સોફિયા કુરૈશીએ પૂણેમાં આયોજિત બહુરાષ્ટ્રીય સૈન્ય અભ્યાસ - એક્સરસાઈઝ ફોર્સ ૧૮માં ભારતીય સેનાની ટુકડીનું સુકાન સંભાળનારી પહેલી મહિલા તરીકે ઈતિહાસ રચ્યો હતો. ૨ માર્ચથી ૮ માર્ચ સુધી પૂણેમાં આયોજિત આ યુદ્ધ અભ્યાસમાં ૧૮ દેશોએ ભાગ લીધો હતો, જેમાં આસિયાનના સભ્ય દેશોની સાથે જાપાન, ચીન, રશિયા, અમેરિકા, દક્ષિણ કોરિયા, ન્યૂઝીલેન્ડ અને ઓસ્ટ્રેલિયા જેવા દેશો સામેલ હતા. સોફિયાના દાદા આર્મીમાંથી નિવૃત્ત થયા હતા જ્યારે સોફિયાએ મિકેનાઈઝ્ડ ઈન્ફન્ટ્રીના અધિકારી સાથે લગ્ન કર્યા છે.]

## ઓપરેશન સિંદૂર : સ્કાલ્પ ક્રૂઝ મિસાઈલ્સ અને હેમર-સ્માર્ટ-વેપન્સ નિશાન પર વાપરવામાં આવ્યાં

પાકિસ્તાનને પહેલગાંવ ઘટના ભારે પડી ગઈ છે. પાક. જનરલ મુનીરના અવિચારી પગલાનો આટલો કટ્ટર જવાબ મળશે તે તેણે ધાર્યું જ ન હતું. તેણે તો માત્ર 'વિરોધ-યાદી'ની આશા રાખી હશે. પરંતુ ભારતીય સેનાએ પાકિસ્તાનના કબ્જા નીચેનાં કાશ્મીર અને ખુદ પાકિસ્તાનની જ ધરતી ઉપર બરોબર નીચા ઉડાણની ટેકનોલોજીનાં વાપરી ધાર્યા નિશાન પર પ્રહારો અચૂક પ્રહારો કર્યા હતા. આ ટેકનોલોજીનો હેતુ પ્રહારક શસ્ત્ર રડારમાં પકડાય નહીં તે હતો. તેમ તે કાર્યવાહીમાં ભાગ લેનાર બે મહિલાઓ પૈકીનાં એક વિંગ કમાન્ડર વ્યોમિકા સિંહે બુધવારે (આજે) પત્રકારોને સંબોધન કર્યું હતું.00:06/01:13તેઓએ કહ્યું મંગળ-બુધવારની રાત્રીએ ૧.૦૫ કલાકથી૧.30 કલાક વચ્ચેની ૨૫ મિનિટમાં ભારતે એપ્રિલ ૨૨ની ઘટના જેમાં ૨૬ નિર્દોષોના જાન ગયા હતા. તેનો બરોબરનો વળતો જવાબ આપી દીધો હતો.તે હુમલામાં દરેકે-દરેક ટાર્ગેટ નિશ્ચિત કરાયો સાથે ચોક્કસ બિલ્ડીંગ અને બિલ્ડીંગના જૂથ નિશ્ચિત કરી તેને 'પોઈન્ટ ઓફ કમ્પેક્ટ' બનાવ્યાં.જોકે તે હુમલામાં બીજા ક્યાં ક્યાં શસ્ત્રાસ્ત્રો વપરાયા હતાં તે વિષે વિંગ કમાન્ડર વ્યોમિકા સિંહે જણાવ્યું ન હતું. પરંતુ હિન્દુસ્તાન ટાઈમ્સને પછીથી માહિતી મળી હતી કે તે હુમલામાં સ્કાલ્પ-ડીપ-સ્ટ્રાઈક ક્રૂઝ મિસાઈલ્સ વપરાયા હતા જે રાફેલ વિમાનો સાથે જોડાય છે.




## CM યોગીએ લખનઉમાં મોક ડ્રીલ કાર્યક્રમમાં તૈયારીઓનો તાગ મેળવ્યો, કહ્યું- 'સેનાના પરાક્રમને પ્રજાનું સંપૂર્ણ સમર્થન'

ભારતે પહલગામ આતંકી હુમલાનો ઓપરેશન સિંદૂર દ્વારા જડબાતોડ જવાબ આપ્યો છે. PoKમાં મોડી રાત્રે એર સ્ટ્રાઈક કરી ભારતીય સેનાએ 9 જગ્યાએ આતંકવાદી ઠેકાણા પર હુમલો કર્યો હતો. ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે રાજધાનીમાં મોક ડ્રીલ કાર્યક્રમ દરમિયાન નાગરિક સુરક્ષા તૈયારીઓનો અભ્યાસની સમીક્ષા કરી હતી. તેમણે કહ્યું હતું કે, 'ઓપરેશન સિંદૂર એ વડાપ્રધાન નરેન્દ્ર મોદી, દેશની સેના અને બહેન-દીકરીઓ પ્રત્યેની સંવેદનાનું પ્રતીક છે. જનતા પણ સેનાની બહાદુરીને સંપૂર્ણ સમર્થન આપીને પહલગામ હુમલા પર સેનાની કાર્યવાહીને નિર્ણાયક ગણાવી હતી. અમે કોઈને પણ દેશના ગૌરવ અને ગરિમા સાથે ખિલવાડ કરવા દઈશુ નહીં. દેશ પહેલા આવે છે, ભારત માતા વિરુદ્ધ કાવતરું કરનારાઓને પરિણામ ભોગવવું પડશે.'

આ પણ વાંચો: કોઈપણ પરિસ્થિતિમાં સામનો કરવા તૈયાર રહો..., કેન્દ્ર સરકારે 10 રાજ્યોના મુખ્યમંત્રીઓને આપ્યો આદેશ

મુખ્યમંત્રીએ કહ્યું કે, 'ભારત માતા વિરુદ્ધમાં જે પણ કાવતરુ ઘડશે, તેને પરિણામ ભોગવવું પડશે. ગામડાં, શહેર અને મોહલ્લાઓમાં જ્યારે પણ સુરક્ષા સંબંધિત મુદ્દાની વાત આવશે, ત્યારે સૌથી પહેલા દેશ ચિંતા કરવામાં આવશે. ફક્ત NCC, હોમગાર્ડ્સ કે સ્કાઉટ્સ જ નહીં, સામાન્ય નાગરિકોએ પણ સુરક્ષા એજન્સીઓ સાથે હાથ મિલાવવો પડશે. તેમણે તમામ નાગરિકોને પોતાની ફરજો સમજવા અને દેશની સુરક્ષામાં ભાગ લેવા અપીલ કરી હતી.'



પહલગામ આતંકી હુમલાના જવાબમાં કરવામાં આવેલી ભારતીય સૈન્યની કાર્યવાહીને લઈને મુખ્યમંત્રી યોગીએ ત્રણેય સેના, વડાપ્રધાન મોદી, રક્ષા મંત્રી અને કેન્દ્રીય મંત્રીમંડળનો ઉત્તર પ્રદેશની જનતાની તરફથી શુભકામના પાઠવી હતી. આ સાથે મુખ્યમંત્રીએ પહલગામ હુમલામાં શહીદ થયેલા લોકો પ્રત્યે સંવેદના પણ વ્યક્ત કરી હતી.

આ પણ વાંચો: ઉત્તરાખંડ : બદ્રીનાથ ધામની સુરક્ષામાં ફેરફાર, હવે ભારતીય રિઝર્વ બટાલિયન સંભાળશે જવાબદારી

લખનઉમાં રિઝર્વ પોલીસ લાઈનમાં થયેલી મોક ડ્રીલમાં મુખ્યમંત્રીએ ભારત માતાના જયકારા સાથે શરૂઆત કરી હતી. જેમાં NDRF દ્વારા મોક ડ્રીલ શરૂ થતાં જ સાયરન વાગવા લાગ્યું અને દુશ્મનના હવાઈ હુમલાઓથી બચવા માટે બ્લેકઆઉટ કરવામાં આવ્યું હતું. આ દરમિયાન નાગરિકોએ સલામત સ્થળોએ આશરો લીધો હતો. પહલગામ આતંકી હુમલાના જવાબમાં કરવામાં આવેલી ભારતીય સેન્યની કાર્યવાહીને લઈને મુખ્યમંત્રી યોગીએ ત્રણેય સેના, વડાપ્રધાન મોદી.

# સેનાને સલામ : ઓપરેશન સિંદૂર : આંતકીઓનો કચ્ચરઘાણ

❋ **નરેન્દ્ર મોદીનું મક્કમ વલણ: મહાસત્તાઓ સામે ઝૂક્યા વગર પાક.ને તમાચો**

❋ **મધ્યરાત્રીએ 25 મીનીટમાં 24 એર સ્ટ્રાઈક: પાક. પંજાબમાં ચાર, પીઓકેમાં પાંચ આતંકી છાવણીઓ પર મિસાઈલ હૂમલા, 90 આતંકીઓ મોતને ઘાટ ઉતાર્યા, મસૂદ અઝરના પરિવારના 10 લોકોનાં પણ મોત**




પાકિસ્તાન સમર્થિત આતંકીઓએ જમ્મુ-કાશ્મીરના પહલગામમાં ૨૨ એપ્રિલે હિન્દુ પર્યટકોની નામ પુછીને હત્યા કરતા આખા દેશમાં ભારે આક્રોશ હતો અને પાકિસ્તાનને ખતમ કરીને બદલો લેવાની માગ થઈ રહી હતી. દેશવાસીઓની માગણી પૂરી કરતા ભારતીય સૈન્યે પાકિસ્તાનની સરહદ ઓળંગ્યા વિના જ મંગળવારે રાતે ઓપરેશન સિંદુર હેઠળ ૧.૦૦ કલાકે પાકિસ્તાન અને પીઓકેમાં આતંકીઓની ટેરર ફેક્ટરી એવા લશ્કર-એ-તોયબા અને જૈશ-એ-મોહમ્મદના નવ સ્થળો પર માત્ર ૨૫ મિનિટમાં ૨૪ મિસાઈલ હુમલા કરીને ૯૦થી વધુ આતંકીઓને ઠાર કરી દીધા હતા. આ સાથે ભારતીય સૈન્યે માત્ર પહલગામ આતંકી હુમલો જ નહીં વર્ષ ૨૦૦૧માં સસદ હુમલાથી પુલવામા સુધીના બધા જ આતંકી હુમલાઓનો બદલો લઈ લીધો છે. ઉરી હુમલા પછી સર્જિકલ સ્ટ્રાઈક અને પુલવામા હુમલા પછી બાલાકોટ એર સ્ટ્રાઈકનું પુનરાવર્તન કરતા ભારતીય સૈન્ય દળોએ ઓપરેશન સિંદુર હેઠળ મંગળવારે રાત્રે ૧.૦૦થી ૧.૨૫ વચ્ચે માત્ર ૨૫ મિનિટના સૈન્ય અભિયાનમાં પાકિસ્તાનના પંજાબના બહાવલપુરમાં જૈશ-એ-મોહમ્મદ અને મુરિદકેમાં લશ્કર-એ-તોયબાના મુખ્યાલયો સહિત નવ સ્થળોનો ૨૪ મિસાઈલ હુમલા કરી નાશ કર્યો હતો. આ સાથે સૈન્ય દળોએ પાકિસ્તાને પચાવી પાડેલા કાશ્મીર (પીઓકે)ના મુઝફ્ફરાબાદમાં પણ આતંકી છાવણીઓનો નાશ કરી દીધો હતો. પહલગામમાં આતંકીઓએ માત્ર પુરુષોને ટાર્ગેટ કરીને હિન્દુ મહિલાઓને વિધવા બનાવી દીધી હતી, તેના જવાબમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આ સૈન્ય કાર્યવાહીનું નામ 'ઓપરેશન સિંદુર' રાખ્યું હતું. આ ઓપરેશનમાં ભારતીય સૈન્યે વિશ્વસનીય ગુપ્તચર માહિતીના આધારે પાકિસ્તાનમાં આતંકીઓના ચાર અને પીઓકેમાં પાંચ સ્થળો પર મિસાઈલ હુમલો કર્યો હતો. આ મિસાઈલ હુમલામાં જૈશ-એ-મોહમ્મદના કુખ્યાત આતંકી મસૂદ અઝહરના પરિવારના ૧૦ સભ્યો અને ચાર સાથીઓ સહિત કુલ ૧૪નાં મોત પણ નીપજ્યા છે. પાકિસ્તાનના પંજાબમાં આવેલા બહાવલપુરમાં જૈશ-એ-મોહમ્મદનું હેડક્વાર્ટર હતું, જ્યાં મસૂદ અઝહરનો પરિવાર રહેતો હતો. આ હુમલામાં માર્યા ગયેલા આતંકીઓમાં મસૂદ અઝહરના બે ભાઈઓ, બહેન, બનેવી, ચાર નજીકના સાથી, મૌલાના કાશિફ, તેનો પરિવાર અને મૌલાના અબ્દુલ રઉફની મોટી પુત્રીનો સમાવેશ થાય છે.

# સ્ટોર્મ શેડો મિસાઈલ : આતંકીઓ ઉપર વરસેલું વ્યાધીનું વાવાઝોડું






પહલગામમાં થયેલા આતંકવાદી હુમલા બાદ ભારતે આતંકવાદ ઉપર વધુ એક પ્રહાર કર્યો છે. ઓપરેશન સિંદુરની મદદથી પાકિસ્તાન અને પીઓકેમાં આવેલા ૯ આતંકી ઠેકાણાઓ ઉપર ૨૪ જેટલી મિસાઈલ છોડીને સર્જિકલ સ્ટ્રાઈક કરવામાં આવી હતી. આ હુમલા માટે ભારતીય વાયુસેના દ્વારા અત્યાધુનિક સ્ટોર્મ શેડો એટલે કે સ્કેલ્પ મિસાઈલનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. સચોટ, શક્તિશાળી અને જમીનની નીચે બનાવેલા બંકરોને પણ તોડવાની ક્ષમતા ધરાતવી આ મિસાઈલ દુશ્મનો માટે એક દુ:સ્વપ્ન સમાન છે. ફાઈટર જેટની મદદથી છોડવામાં આવતી આ મિસાઈલ મજબુતમાં મજબુત ઈમારતોને ધ્વસ્ત કરવા માટે સક્ષમ છે. જીભછન્ૅ-ઈયૂ એટલે કે સ્ટોર્મ શેડો બ્રિટન અને ફ્રાન્સ દ્વારા તૈયાર કરવામાં આવેલી સૌથી સચોટ મિસાઈલ છે. ભારતે રાફેલની ખરીદી કરી ત્યારે જ આ મિસાઈલ્સ પણ સાથે જ ખરીદવામાં આવી હતી. તેનું સૌથી મોટું પાસું એ છે કે, તે દિવસ-રાત અને કોઈપણ સિઝનમાં ઉપયોગમાં લઈ શકાય છે. તેનું જીપીએસ એટલું મજબૂત અને સચોટ છે કે તે ચોક્કસ નિશાનને ભેદી કાઢે છે. તેની બીજી ખાસિયત એ છે કે, તેને જ્યારે છોડવામાં આવે છે ત્યારે તે આકાશને બદલે જમીનની નજીક ઉડે છે તેના કારણે દુશ્મનોના રડારમાં પકડાતી નથી અને ઝડપથી ટાર્ગેટ એચિવ કરી શકે છે. તેનાથી સાધેલું નિશાન પાર પડે છે અને આસપાસ કોઈ નુકસાન થતું નથી. આ કારણોસર સ્કેલપ મિસાઈલ પસંદ કરાઈ૧. ભારતનું સૌથી મોટું લક્ષ્ય હતું કે, આંતરરાષ્ટ્રીય સરહદ પાર કર્યા વગર પાકિસ્તાન અને પીઓકેના આતંકી લોન્ચપેડને ધ્વસ્ત કરવા. તેના માટે લાંબા અંતરની અને જીપીએસ ગાઈડેડ મિસાઈલ જરૂરી હતી. સ્ટોર્મ શેડો મિસાઈલ ૫૬૦ કિલોમીટરની રેન્જ ધરાવે છે. રાફેલ દ્વારા તેને સરળતાથી ટાર્ગેટ સુધી લોન્ચ કરી શકાય છે. તેના માટે એર ડિફેન્સ ઝોનમાં પ્રવેશ કરવાની પણ જરૂર નથી. તેના કારણે કામ પણ પાર પડી જાય છે તથા પાઈલટ અને વિમાન પણ સુરક્ષિત રહે છે. ૨. આ મિસાઈલનો આખાર ખૂબ જ વિશેષ છે. એરોડાઈનેમિક અને ચપટા આકારના કારણે આ મિસાઈલમાં રડાર ક્રોસ સેક્શન નહીવત પ્રમાણમાં ઉદભવે છે. તેના કારણે આ મિસાઈલ અંગે દુશ્મનના રડારને માહિતી મળી જ નથી. તે ઉપરાંત આ મિસાઈલનો બહારનો ભાગ એવા મટિરિયલમાંથી બનાવાયો છે જે ઈન્ફ્રારેડ તરંગોને પોતાની અંદર સમાવી લે છે. તેના કારણે દુશ્મનો ઈન્ફ્રારેડ તરંગો થકી પણ આ મિસાઈલને શોધી શકતા નથી. આ કારણે મિસાઈલ જ્યાં સુધી ટાર્ગેટ હિટ ન કરે ત્યાં સુધી દુશ્મન અજાણ જ રહે છે. ૩. લાંબા અંતરની આ મિસાઈલમાં એવી ઘણી ટેક્નોલોજી છે જે તેને ખાસ બનાવે છે. તેમાં સૌથી પહેલાં તો ઈનર્શિયલ નેવિગેશન સિસ્ટમ છે જે ફાયર કરવા દરમિયાન શરૂઆતના રસ્તાનું નેવિગેશન કરે છે. ત્યારબાદ તેમાં જીપીએસ છે જે ટાર્ગેટ લોકેશનને સતત અપડેટ કરતું રહે છે. ત્યારબાદ ટેરેને પ્રોફાઈલ મેચિંગ છે જે જમીનનો નકશો બનાવીને તેના આધારે પોતાના રસ્તાની દિશા, ઉંચાઈ અને ગતિ નક્કી કરે છે. તેમાં ઈલેક્ટ્રો ઓપ્ટિલકલ ટર્મિનલ ગાઈડેન્સ સિસ્ટમ છે જે ટાર્ગેટ હિટિંગની અંતિમ ક્ષણોમાં ટાર્ગેટની તસવીર સાથે મેચિંગ કરીને માઈક્રો લેવલે સરખામણી કરીને હિટ કરે છે. તેનાથી અચૂક નિશાન સધાય છે. તેના કારણે જ વાહનો, બંકર, નાના ઠેકાણાઓ અને ગુપ્ત જગ્યાઓને સરળતાથી ટાર્ગેટ કરી શકાય છે.૪. અંતિમ અને મહત્ત્વની વાત એ છે કે, આ મિસાઈલ બે તબક્કામાં હુમલો કરે છે. તેનો પહેલો ભાગ કોઈપણ ટાર્ગેટના બાહ્ય માળખાને ધ્વસ્ત કરી નાખે છે. પોલાદ, લોખંડ કે પછી કોંક્રિટના મજબૂત માળખાને પણ તોડી પાડે છે. ત્યારબાદ અંદરનો બીજો હિસ્સો એક્ટિવ થાય છે જે આ માળખાની અંદર રહેલા તમામ ઈક્વિપમેન્ટ્સને નષ્ટ કરી નાખે છે.

## કોઈપણ પરિસ્થિતિનો સામનો કરવા તૈયાર રહો..., કેન્દ્ર સરકારે 10 રાજ્યોના મુખ્યમંત્રીઓને આપ્યો આદેશ



પહલગામ હુમલા બાદ ભારતે પાકિસ્તાનને આજે જડબાતોડ જવાબ આપ્યો છે. ત્યારબાદ સરકારે વધુ તૈયારીઓ દાખવવાની શરૂ કરી દીધી છે. આ હેઠળ કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહે પાકિસ્તાન અને નેપાળથી જોડાયેલા 10 રાજ્યોમાં અને કેન્દ્રી શાસિત પ્રદેશોના મુખ્યમંત્રીઓ, મુખ્ય સચિવો અને પોલીસ વડાઓની સાથે એક હાઈ લેવલ બેઠક કરી. વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા થયેલી આ બેઠકમાં જમ્મુ કાશ્મીર, પંજાબ, રાજસ્થાન, ગુજરાત, ઉત્તરાખંડ, ઉત્તરપ્રદેશ, બિહાર, સિક્કિમ અને પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી, મુખ્ય સચિવ અને ડીજીડી સામેલ થયા. આ સિવાય જમ્મુ કાશ્મીર અને લદાખના ઉપરાજ્યપાલ અને ગૃહ મંત્રાલયના વરિષ્ઠ અધિકારી પણ બેઠકમાં હાજર રહ્યા હતા. આ બેઠક ભારત તરફથી કરાયેલા 'ઓપરેશન સિંદૂર' બાદ થઈ, જેમાં ભારતીય સેનાએ બોર્ડર પાર 9 આતંકવાદી ઠેકાણાઓ પર હુમલો કર્યો. હુમલાને લઈને શું કહ્યું બેઠક દરમિયાન અમિત શાહે કહ્યું કે આ હુમલાઓમાં લશ્કર-એ-તૈયબા, જૈશ-એ-મોહમ્મદ, હિઝબુલ મુજાહિદીન જેવા આતંકવાદી સંગઠનોના તાલીમ શિબિરો, શસ્ત્ર ડેપો અને ઠેકાણા સંપૂર્ણપણે નાશ પામ્યા છે. આ કાર્યવાહી મોદી સરકારની આતંકવાદ પ્રત્યે 'ઝીરો ટોલરન્સ પોલિસી'નું ઉદાહરણ છે અને આ હુમલો ભારતની સરહદો, સેના અને નાગરિકોને પડકારનારાઓને યોગ્ય જવાબ છે. 22 એપ્રિલના રોજ પહલગામ હુમલા પછી વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ આપેલું વચન પૂર્ણ થયું છે. આવશ્યક સેવાઓ પૂરી પાડવાનો આદેશ અમિત શાહે રાજ્યોને સતર્ક રહેવા અને હોસ્પિટલો, ફાયર બ્રિગેડ અને આવશ્યક ચીજવસ્તુઓ જેવી આવશ્યક સેવાઓના પુરવઠામાં કોઈ વિક્ષેપ ન આવે તેની ખાતરી કરવા નિર્દેશ આપ્યો. તેમણે કહ્યું હતું કે, સ્ટેટ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સ (SDRF), સિવિલ ડિફેન્સ, હોમગાર્ડ્સ, NCC વગેરેને સતર્ક રાખવા જોઈએ. ગૃહમંત્રીએ સોશિયલ મીડિયા અને અન્ય માધ્યમો પર ફેલાતા 'રાષ્ટ્ર વિરોધી પ્રચાર' પર નજર રાખવા અને અફવાઓ ફેલાતી અટકાવવા જાગૃતિ અભિયાન ચલાવવાની વાત કરી. તેમણે કહ્યું કે સ્થાનિક વહીવટીતંત્ર, સેના અને અર્ધલશ્કરી દળો વચ્ચે સંકલન વધારવું જોઈએ અને સંવેદનશીલ વિસ્તારોની સુરક્ષા મજબૂત બનાવવી જોઈએ.

## પોતાની ભૂમિ પરનાં ત્રાસવાદી મથકોનો નાશ થતાં પાકે. કહ્યું અમે અમારા સમયે અને નક્કી કરેલા સ્થળોએ હુમલા કરીશું



ભારતે પાકિસ્તાનનાં કબજા નીચેના કાશ્મીર (પીઓકે) અને ખુદ પાકિસ્તાનના પંજાબ પ્રાંતમાં પણ રહેલા ત્રાસવાદી મથકોનો એર સ્ટ્રાઈક દ્વારા નાશ કર્યો પછી પાકિસ્તાનની ઈન્ટર-સર્વિસ પબ્લિક રીલેશન્સ (આઈએસપીઆર) ના ડીરેક્ટર જનરલ લેફ્ટે. જન. અહમદ શરીફ ચૌધરીએ કહ્યું : થોડા સમય પૂર્વે જ ભારતે, ભાવલપુરનાં અહમદ-ઈસ્ટ- એરિયા, કોટવી અને મુઝફ્ફરાબાદ તેમ ત્રણ સ્થળોએ એર સ્ટ્રાઈક કરી હતી. આ સાથે આપણા વાયુદળના જેટ વિમાનો આકાશ સ્થિત થઈ ગયા છે. તે કાયરતાભર્યો અને શરમજનક હુમલો ભારતની આકાશ સીમા પરથી કરવામાં આવ્યો હતો, તે અંગે હું સ્પષ્ટ રીતે કહું છું કે, આવા હત્યારા હુમલાનો પાકિસ્તાન તેણે નિશ્ચિત કરેલા સમયે અને સ્થળોએ વળતો ફટકો મારશે જ. આવો નૃશંસ હુમલો જવાબ વગરનો નહીં રહે. પહલગાંવ હત્યાકાંડ પછી ભારતીય ભૂમિ હવે પાકિસ્તાનના કબજા નીચેના કાશ્મીર તેમજ પાકિસ્તાનના ભાવલપુરમાં રહેલા કેટલાએ સ્થળોએ મિસાઈલ હુમલા કર્યા હતા. જ્યારે ભારતીય યુદ્ધ વિમાનોએ પણ પાકિસ્તાનની આકાશી સીમા ઓળંગી હુમલા કર્યા હતા. તેથી ત્યાં રહેલી ૯ ત્રાસવાદી છાવણીઓ નાશ પામી હતી. બીજી તરફ નક્કર વાસ્તવિકતા તે છે કે, ભારતના આ હુલાથી પાકિસ્તાનના જનસામાન્યમાં પણ ચિંતા અને ભયનું મોજું ફેલાઈ ગયું છે. પાકિસ્તાને લાહોર, રાવલપિંડી અને ઈસ્લામાબાદ એરપોર્ટ બંધ કર્યા છે. ભારતની આક્રમક કાર્યવાહીને વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જ 'ઓપરેશન-સિંદૂર' તેવું નામ આપ્યું છે.

## તંત્રી લેખ



### આતંકના માસ્ટર માટે કાયમી સારવાર હોવી જોઈએ; પાકિસ્તાનને લશ્કરી, આર્થિક અને રાજદ્વારી, બધા મોરચે હરાવવું જ પડશે.

તરુણ ગુપ્તા. પહેલગામમાં થયેલા ભયાનક આતંકવાદી હુમલાને એક પખવાડિયાથી વધુ સમય થઈ ગયો છે. ત્યારથી આખો દેશ યોગ્ય પ્રતિભાવની રાહ જોઈ રહ્યો છે. આખો રાષ્ટ્ર એકમત લાગણીથી ભરેલો છે કે આપણે આપણી બધી શક્તિથી બદલો લેવો જોઈએ. જોકે, અમને સરકારના આશ્વાસનમાં વિશ્વાસ છે કે યોગ્ય પગલાં ચોક્કસપણે લેવામાં આવશે. છતાં, રાહ તેને અધીરો બનાવે છે. એ પણ સાચું છે કે આવા વિષયો અત્યંત સંવેદનશીલ હોય છે અને તેમના સંદર્ભમાં જરૂરી સાવધાની રાખવી જોઈએ.આ સમયે, સમાજમાં સૌથી વધુ ચર્ચા આ પાસા પર છે કે ભારતે ક્યારે, શું અને કેવી રીતે પગલાં લેવા જોઈએ. તાર્કિક અભિગમ કહે છે કે સતત પ્રયાસો દ્વારા પાકિસ્તાન પર બહુ-સ્તરીય દબાણ લાદવું જોઈએ. તેને લશ્કરી, આર્થિક અને રાજદ્વારી - બધા મોરચે માર મારવો જોઈએ. પાકિસ્તાનનો ક્રૂર અને કદરૂપો ચહેરો, જેનાથી આપણે હંમેશા પરિચિત છીએ, તે તાજેતરના વર્ષોમાં આખી દુનિયા સમક્ષ ખુલ્લો પડી ગયો છે.લાંબા સમયથી એવું કહેવામાં આવે છે કે પાકિસ્તાનના લોકો શાંતિ ઈચ્છે છે, પરંતુ સેનાના રક્ષણ હેઠળ કાર્યરત ડીપ સ્ટેટે આતંકવાદને રાજ્યની નીતિ તરીકે અપનાવ્યો છે. આવી સ્થિતિમાં, આપણી લશ્કરી કાર્યવાહીમાં તે ઊંડા રાજ્યને નિશાન બનાવવું પડશે. ભારતે તેની સંભવિત કાર્યવાહીમાં આતંકવાદી છાવણીઓનો નાશ કરવા ઉપરાંત પાકિસ્તાની સૈન્ય ઠેકાણાઓને પણ નિશાન બનાવવા જોઈએ.પાકિસ્તાનમાં ગરીબી અને કટ્ટરવાદના વ્યાપને જોતાં, ત્યાં તાલીમ પામેલા આતંકવાદીઓની ક્યારેય કમી રહેશે નહીં. તેથી, આપણા દેશને નુકસાન પહોંચાડનારા આતંકવાદીઓ સાથે વ્યવહાર કરવા ઉપરાંત, આપણે તેમને પોષણ આપતી પાકિસ્તાની સેનાને પણ આપણી કાર્યવાહીના દાયરામાં લાવવી પડશે. જ્યારે બીજા દેશોને નુકસાન પહોંચાડનારાઓ પોતે જ માનવીય નુકસાન સહન કરે છે, ત્યારે તે તેમના યુદ્ધ ઉન્માદ માટે અસરકારક નિવારક સાબિત થશે.આવા ઓપરેશન્સ નિઃશંકપણે અત્યંત મુશ્કેલ હોય છે અને તેનાથી પૂર્ણ-સ્તરીય યુદ્ધ થવાનું જોખમ પણ રહેલું છે. આમ છતાં, સમયની માંગ એ છે કે અસરકારક અને જરૂરી પગલાં લેવામાં આવે. દાયકાઓથી આપણે નરસંહારના ગુનેગારોને પ્રત્યાર્પણ કરવાના નિરર્થક પ્રયાસોમાં રોકાયેલા છીએ. આતંકના આ માસ્ટર્સને સીધા કે પરોક્ષ રીતે જે દેશોમાં આશ્રય આપવામાં આવે છે ત્યાં તેમને નિશાન બનાવવા યોગ્ય રહેશે. ઘણી પરિસ્થિતિઓમાં, દ્રષ્ટિકોણ પણ ખાસ મહત્વ ધરાવે છે. આવી સ્થિતિમાં, એ મહત્વનું છે કે આપણે ફક્ત આ યુદ્ધ જીતીએ જ નહીં, પણ જીતીએ છીએ તેવું પણ દેખાય.નિઃશંકપણે આપણી રોગપ્રતિકારક શક્તિ મજબૂત હોવી જોઈએ. ભલે અત્યારે સમગ્ર ધ્યાન વળતા હુમલા પર છે, તે જ સમયે આપણે આ હુમલા દ્વારા બહાર આવેલી આંતરિક ખામીઓનું પણ વિશ્લેષણ કરવું પડશે. આપણે આપણી સરહદોને અભેદ્ય બનાવવાની, આપણી બાહ્ય અને આંતરિક ગુપ્તચર રચનામાં સુધારો કરવાની અને આતંકવાદીઓને મળતા કોઈપણ સમર્થનને રોકવાની જરૂર છે.દાયકાઓથી આપણે પાકિસ્તાનની વાસ્તવિકતા ઉજાગર કરવાનો પ્રયાસ કરી રહ્યા છીએ. અમારા રાજદ્વારી પ્રયાસો પણ સફળ રહ્યા છે.

-દિલીપ નાનજીભાઈ પટેલ

# કુમળાં મનમાં નફરતને ન કંડારો:બાળકોને વડીલો પાસેથી અજાણતા ખોટી વાતો શીખતા અટકાવો, દાદા-દાદી સાથે સંવાદ કરો







પ્રશ્નઃ હું અને મારા પતિ બંને દિલ્હીમાં રહીએ છીએ. મારા પતિ કોર્પોરેટ નોકરી કરે છે અને હું એક કલાકાર છું. અમારા આંતરજાતિય લગ્ન થયા છે, જેના માટે શરૂઆતમાં બંને પરિવાર તૈયાર નહોતા પરંતુ પછી તેઓ માની ગયા. અમારે 5 વર્ષનો દીકરો છે. બંને પરિવારો સારા છે પણ થોડા રૂઢિચુસ્ત વિચાર પણ ધરાવે છે. અમારો દીકરો તેના નાના-નાની અને દાદા-દાદી પ્રત્યે ખૂબ જ લાગણી ધરાવે છે પરંતુ તાજેતરમાં કંઈક એવું બન્યું જેનાથી અમે ચિંતામાં મૂકાઈ ગયા છીએ.એક દિવસ અમે બધા ટીવી જોઈ રહ્યાં હતાં. પછી મારા દીકરાએ સ્ક્રીન તરફ ઈશારો કરીને કહ્યું, ₹મુસ્લિમ... પપ્પા, આ તો મુસ્લિમ છે... આ લોકો સારા નથી.₹આ સાંભળીને અમને આઘાત લાગ્યો, કારણ કે અમારા ઘરમાં કોઈ આવી વાતો કરતું નથી. અમે ક્યારેય તેની સામે હિન્દુ અને મુસ્લિમ શબ્દોનો ઉપયોગ પણ નથી કર્યો, તો પછી તેણે તે ક્યાંથી શીખ્યું? ઘણી પૂછપરછ કર્યા પછી ખબર પડી કે, તેણે તેના દાદાને આ કહેતા સાંભળ્યા હતા. તે કોઈને કહી રહ્યા હતા. જોકે, અમારા બંનેના માતા-પિતા જાતિ અને ધર્મ અંગે સમસ્યારૂપ વાતો કહેતા રહે છે. અમને ડર છે કે, તેની અમારા દીકરા પર નકારાત્મક અસર પડશે. આ વિષયો પર અમારી સમજ ખૂબ જ સ્પષ્ટ છે. અમે ઈચ્છીએ છીએ કે, અમારા બાળકને કોઈ પૂર્વગ્રહ ન રહે અને તે બધાનો આદર કરે. અમે બાળકને તેના દાદા-દાદીથી દૂર રાખવા માંગતા નથી પરંતુ તેમને સમજાવવું પણ મુશ્કેલ છે કે, તેમણે બાળકની સામે આવી વાતો ન કરવી જોઈએ. અમારા માટે એ ખૂબ જ ચિંતાનો વિષય છે કે, બાળક કોઈપણ પ્રકારના ભેદભાવ કે પૂર્વગ્રહનો ભોગ ન બને. અમે શું કરીએ. અમારા માતા-પિતાને કેવી રીતે સમજાવીએ?નિષ્ણાતઃ અદિતિ સક્સેના, કાઉન્સેલિંગ સાઈકોલોજિસ્ટ, ભોપાલજવાબઃ તમારી ચિંતા બિલકુલ વાજબી છે. તમે એ સૂક્ષ્મ રેખાને ઓળખી લીધી છે, જ્યાં બાળકના મનમાં પ્રેમ અને મૂલ્યો સાથે અજાણતા પૂર્વગ્રહ પણ ભળી શકે છે. સૌ પ્રથમ, આ ધ્યાનમાં લેવા બદલ તમારી જાતને શ્રેય આપો. ઘણા લોકો આ વાતને અવગણે છે. આ દર્શાવે છે કે, તમે એક કાળજી રાખનાર માતા-પિતા છો.હવે પ્રશ્ન એ છે કે આગળ શું કરવું?શું બાળકોને તેમના દાદા-દાદી કે નાના-નાનીથી અલગ રાખવા જોઈએ? અથવા તેમની સાથે વાતચીત કરીએ અને તેમને તમારો મુદ્દો સમજાવવાનો પ્રયાસ કરીએ. સાચો રસ્તો એ છે કે, તમારે તમારા માતા-પિતા સાથે આ બાબતે પ્રેમથી અને ખૂલીને વાત કરવી જોઈએ. પ્રેમ, આદર અને પોતાનાપણું એવા છે કે, જો યોગ્ય રીતે, ધીરજપૂર્વક અને શાંતિથી સમજાવવામાં આવે તો કોઈ પણ સમજી શકે છે.અને તે તમારા માતા-પિતા છે. તે તમને અને તમારા બાળકને પ્રેમ કરે છે. શક્ય છે કે, તેમના વિચારો જૂના હોય પરંતુ એકવાર તેમને શાંતિથી સમજાવવામાં આવે કે આપણે બાળકની સામે કોઈપણ પ્રકારની ભેદભાવપૂર્ણ ભાષાનો ઉપયોગ ન કરવો જોઈએ, તો શક્ય છે કે તેઓ આ સમજી જશે.બાળકનું મન કોરાં કાગળ જેવું હોય છે5 વર્ષના બાળકની દુનિયા એક સફેદ કેનવાસ કે કાગળ જેવી છે, જેના પર જે કંઈ લખાય છે, તે ઘેરા રંગમાં છપાય જાય છે. તે તેમની આસપાસ જે કંઈ સાંભળે છે, તે બધું જ સંપૂર્ણ સત્ય માની લે છે.બાળકો અનુભવો અને લાગણીઓને ફિલ્ટર કર્યા વિના આત્મસાત કરી લે છે. પરિવાર, સ્કૂલ, ટીવી, વાર્તાઓ, દરેક જગ્યાએથી મળતા સંદેશા તેમના વિચારનો ભાગ બની જાય છે. જેમ તમે પ્રશ્નમાં કહ્યું છે તેમ, બાળકના મનમાં પૂર્વગ્રહ બંધાઈ રહ્યો છે. આ વાતો કોઈ પણ વિચાર કર્યા વગર તેના મગજમાં ચાલી ગઈ.બાળક સાથે ક્યારેય આ વાત ન કરવી જોઈએજો બાળકના વિચારમાં કોઈ પૂર્વગ્રહ દેખાય છે, તો એ સમજવું જરૂરી છે કે એ બાળકનો વાંક નથી. તે ફક્ત તેની આસપાસ જે સાંભળ્યું છે, તેનું પુનરાવર્તન કરી રહ્યો છે. તેથી, બાળક સાથે પ્રેમ અને ધીરજથી વાત કરો.દીકરા, તને આવું કેમ લાગે છે?તેના જવાબ પર ક્રોધ ન કરો. તેની વાત સાંભળો અને ધીમે ધીમે વિષય બદલો.જો કોઈ વ્યક્તિ અલગ કપડાં પહેરે છે, તો શું તે તેને ખરાબ બનાવે છે?જો કોઈ આપણાથી અલગ દેખાય, તો શું તે આપણો મિત્ર ન બની શકે?'હા-ના' વાળા પ્રશ્નો ટાળો. બાળકોને જાતે વિચારવા અને નિષ્કર્ષ પર પહોંચવા માટે પ્રોત્સાહિત કરો.એમાં દાદા-દાદીનો પણ વાંક નથીતમે પ્રશ્નમાં ઉલ્લેખ કર્યો છે કે, દાદા-દાદીએ બાળકને આવી કોઈ વાત શીખવી નથી. બાળકે તેમની વચ્ચેની વાતચીત સાંભળીને આ શીખ્યું છે. તેનો અર્થ એ થયો કે, તેમનો બાળકના મનમાં કોઈ પૂર્વગ્રહ બાંધવાનો કોઈ ઈરાદો નથી. હા, કદાચ તેમને એ સમજ નથી હોતી કે, આપણે જે કંઈ કહીએ છીએ, બાળકો તે બધું સાંભળે છે અને તેમાંથી શીખે છે. એટલા માટે આપણે તેમની આસપાસ શું બોલીએ છીએ તે અંગે સાવચેત રહેવું જોઈએ.માતાપિતા સાથે વાતચીત કરવી એ એકમાત્ર રસ્તોતમે પ્રશ્નમાં એ પણ ઉલ્લેખ કર્યો છે કે, તમે આંતરજાતિય લગ્ન કર્યા છે. જો તમારા માતા-પિતા રૂઢિચુસ્ત હોવા છતાં તમારા સંબંધને સ્વીકારે છે, તો એક વાત સ્પષ્ટ છે. હા, તે થોડા જૂના વિચારોના હોઈ શકે છે પણ તે તેમના બાળકોને પ્રેમ પણ કરે છે અને હજુ પણ તેમની સાથે વાત કરવાનો અને તેમને સમજાવવાનો અવકાશ છે.બાળકના દાદા-દાદીને આ 5 વાતો કહો1. બાળકે તમારી વાતચીતમાં જે સાંભળ્યું, તે તેના વિચાર પર અસર કરી રહ્યું છે. તમે કંઈ ખોટું શીખવ્યું નથી પણ બાળક સમજ્યાં વિના વાતને આત્મસાત કરી રહ્યું છે.2. જ્યારે અમે કાઉન્સેલર સાથે વાત કરી, ત્યારે તેમણે અમને કહ્યું કે, આ ઉંમરે બાળકો બધું જ સાચું માને છે. તેથી, તેની સામે તમે જે કંઈ કહો છો અથવા કરો છો તેમાં સાવચેત રહો.3. તે તમારી પાસેથી પ્રેમ અને સ્નેહ શીખી રહ્યો છે. એટલા માટે અમે ઈચ્છીએ છીએ કે તે તમારી સાથે સમય વિતાવે અને દયા (કાઈન્ડનેસ) શીખે.4. બાળકની સામે ધર્મ કે જાતિ સંબંધિત કોઈ પણ બાબત વિશે વાત ન કરવાનો નાનો પ્રયાસ કરો, જેથી તેના મનમાં જાણ્યે-અજાણ્યે કોઈ પૂર્વગ્રહ ન બંધાય.5. તમે અમારા લગ્નને ખૂબ જ પ્રેમ અને ખુશીથી સ્વીકાર્યા છે. અમને ખાતરી છે કે, તમે પણ આ સમજી શકશો. સાથે મળીને આપણે બાળકને વધુ સારો ઉછેર અને શિક્ષણ આપી શકીએ છીએ.તમારા શીખવેલા મૂલ્યો તેને ભવિષ્યને દિશા આપશેતમારો દીકરો અત્યારે ખૂબ નાનો છે. જેમ જેમ તે મોટો થશે તેમ તેમ તે સ્કૂલમાં શિક્ષકો અને મિત્રોને મળશે. તે રમતગમત અને સંગીતના ક્લાસમાં ઘણા મિત્રો બનાવશે. બહારની દુનિયામાં, તે ઘણી બધી વાતો સાંભળશે અને શીખશે, જે આપણે આપણા બાળકને શીખવા દેવા માંગતા નથી. આવી સ્થિતિમાં, તેના વિચાર પર સૌથી વધુ પ્રભાવ તે બાળપણમાં શું શીખ્યો અને તે તેના ઘરમાં દરરોજ શું શીખે છે તેનો રહેશે. તમે તમારા બાળકને ખૂબ સારી રીતે ઉછેરી રહ્યા છો. મને ખાતરી છે.

# સનસ્ક્રીન લગાવતાં પહેલાં સ્કિનનો પ્રકાર જાણો:તમારા માટે કેટલા SPFવાળું સનસ્ક્રીન યોગ્ય રહેશે? ડર્મેટોલોજિસ્ટ પાસેથી જાણો ક્યારે અને કેવી રીતે લગાવવું

ઉનાળામાં તીવ્ર સૂર્યપ્રકાશ આપણી સ્કિનને ઘણી રીતે નુકસાન પહોંચાડે છે. તડકામાં બહાર નીકળતાની સાથે જ ટેનિંગ, સનબર્ન, ફ્રીકલ્સ અને અકાળે કરચલીઓ દેખાવા લાગે છે. આનું સૌથી મોટું કારણ સૂર્યના હાનિકારક અલ્ટ્રાવાયોલેટ (યુવી) કિરણો છે, જે સ્કિનને ઊંડે સુધી નુકસાન પહોંચાડે છે. આવી સ્થિતિમાં, સનસ્ક્રીનનો ઉપયોગ સૌથી મહત્ત્વનો છે. તે સ્કિન માટે રક્ષણાત્મક કવચ તરીકે કામ કરે છે.જોકે, બજારમાં ઉપલબ્ધ ઘણા વિકલ્પોમાંથી તમારા માટે યોગ્ય સનસ્ક્રીન પસંદ કરવું થોડું મુશ્કેલ હોઈ શકે છે. કારણ એ છે કે, દરેક વ્યક્તિની સ્કિનનો પ્રકાર અલગ હોય છે. કેટલાક લોકોની સ્કિન ડ્રાઈ હોય છે તો કેટલાકની સ્કિન ઓઈલી(તૈલી) હોય છે. આવી સ્થિતિમાં, તમારી સ્કિન અનુસાર યોગ્ય SPF અને યોગ્ય ફોર્મ્યુલા ધરાવતું સનસ્ક્રીન પસંદ કરવું મહત્ત્વનું છે.તો, આજે કામના સમાચારમાં, આપણે તમારા માટે શ્રેષ્ઠ સનસ્ક્રીન કેવી રીતે પસંદ કરવું તે વિશે વાત કરીશું? તમે એ પણ જાણશો કે-SPF શું છે અને તમારા માટે કયું યોગ્ય છે?દરરોજ સનસ્ક્રીન લગાવવું કેમ મહત્ત્વપૂર્ણ છે?નિષ્ણાતઃ ડૉ. શીના કપૂર, ડર્મેટોલોજિસ્ટ, કોકિલાબેન ધીરુભાઈ અંબાણી હોસ્પિટલ, ઈન્દોરપ્રશ્ન- સનસ્ક્રીન શું છે?જવાબ- તે એક પ્રકારની ક્રીમ, લોશન અથવા સ્પ્રે છે. તેમાં એવા ઘટકો હોય છે જે યુવી કિરણોને સ્કિન સુધી પહોંચતાં અટકાવે છે અથવા તેમની અસર ઘટાડે છે.પ્રશ્નઃ સનસ્ક્રીન ખરીદતી વખતે કઈ બાબતો ધ્યાનમાં રાખવી જોઈએ?જવાબઃ ડૉ. શીના કપૂર કહે છે કે સનસ્ક્રીન ખરીદતાં પહેલાં, તેના સન પ્રોટેક્શન ફેક્ટર (SPF) ને ચોક્કસપણે તપાસો. SPF જેટલું વધારે હશે, સ્કિન યુવી કિરણોથી વધુ સુરક્ષિત રહેશે. આ ઉપરાંત, તમારી સ્કિનનો પ્રકાર કેવો છે તે પણ ધ્યાનમાં રાખો. તે મુજબ સનસ્ક્રીન પસંદ કરવું મહત્ત્વપૂર્ણ છે. સનસ્ક્રીનના ઘટકો પર ધ્યાન આપવું પણ મહત્ત્વપૂર્ણ છે.પ્રશ્ન- કયા પ્રકારની સ્કિન માટે કયો સનસ્ક્રીન યોગ્ય છે?જવાબ- દરેક પ્રકારની સ્કિનની જરૂરિયાતો અલગ અલગ હોય છે. દરેક સ્કિન માટે એક જ સનસ્ક્રીન અસરકારક નથી. તેથી, તમારી ત્વચાનો પ્રકાર ઓળખ્યા પછી જ સનસ્ક્રીન પસંદ કરો. નીચે આપેલા ગ્રાફિક પરથી આ સમજો-પ્રશ્ન- SPF શું છે?જવાબ- SPF એટલે કે સન પ્રોટેક્શન ફેક્ટર તે દર્શાવે છે કે સનસ્ક્રીન તમારી ત્વચાને યુવી કિરણોથી કેટલો સમય સુરક્ષિત રાખી શકે છે. અમેરિકન એકેડેમી ઓફ ડર્મેટોલોજી (AAD) અનુસાર, વ્યક્તિએ હંમેશા SPF 30 કે તેથી વધુ વાળા સનસ્ક્રીનનો ઉપયોગ કરવો જોઈએ.પ્રશ્ન- આપણે કયું SPF પસંદ કરવું જોઈએ? શું ફક્ત ઉચ્ચ SPFનો ઉપયોગ કરવો જરૂરી છે?જવાબઃ ડૉ. શીના કપૂર કહે છે કે ફક્ત ઉચ્ચ SPFનો ઉપયોગ કરવો જરૂરી નથી. તમારે તમારી જરૂરિયાત અને સ્કિનના પ્રકાર અનુસાર તેને પસંદ કરવું જોઈએ. નીચેના ગ્રાફિકમાં જાણો કે કઈ પરિસ્થિતિમાં કયું SPF સારું છે.SPF 15-30:જો તમે રોજિંદા કામ જેમ કે ઓફિસ જવું, બજારમાં જવું અથવા હળવા સૂર્યપ્રકાશમાં થોડો સમય વિતાવવો હોય તો આ SPF પૂરતું છે. તે હળવું છે અને સ્કિન પર કોઈ બોજ પડતો નથી.SPF 30-50:જો તમે બાળકો સાથે પાર્કમાં જાઓ છો, બાગકામ કરો છો અથવા થોડો સમય તડકામાં કામ કરો છો, તો આ SPF સ્કીનને વધુ સારી સુરક્ષા આપે છે.SPF 50+:આ એવા લોકો માટે જરૂરી છે જેમને લાંબા સમય સુધી તડકામાં રહેવું પડે છે, જેમ કે રમતવીરો, પ્રવાસીઓ અથવા બાંધકામ કામદારો. ઉપરાંત, ગોરી અથવા સંવેદનશીલ સ્કિન ધરાવતા લોકો માટે SPF 50+ જરૂરી છે કારણ કે તેમની ત્વચા સરળતાથી તડકામાં બળી શકે છે.પ્રશ્ન- સનસ્ક્રીન લગાવવાની સાચી રીત કઈ છે?જવાબઃ સનસ્ક્રીન લગાવવા માટે, પહેલા તમારી સ્કિનને સારી રીતે સાફ કરો અને જો સ્કિન શુષ્ક હોય તો પહેલા મોઈશ્ચરાઈઝર લગાવો.




તેને થોડીવાર માટે ત્વચામાં શોષાઈ જવા દો. આ પછી સનસ્ક્રીનનો ઉપયોગ કરો.પ્રશ્નઃ શું ઘરમાં રહીને પણ સનસ્ક્રીન લગાવવું જરૂરી છે?જવાબઃ ઘણા લોકો માને છે કે સનસ્ક્રીન ફક્ત તડકામાં બહાર જવા માટે છે, પરંતુ આ સંપૂર્ણપણે સાચું નથી. હકીકતમાં, યુવી કિરણો બારીના કાચમાંથી પણ પ્રવેશી શકે છે. આ કિરણો સ્કિનમાં ઊંડે સુધી પહોંચે છે અને ધીમે ધીમે તેને નુકસાન પહોંચાડે છે. એટલું જ નહીં, મોબાઈલ અને લેપટોપમાંથી નીકળતો વાદળી પ્રકાશ પણ સ્કિન પણ અસર કરી શકે છે. આ પ્રકાશ સ્કિનના રંગને અસમાન બનાવી શકે છે અને સમય જતાં ત્વચાની ચમક ઓછી થઈ શકે છે. તેથી, સ્કિનને સ્વસ્થ, યુવાન




અને સુરક્ષિત રાખવા માટે, દર 2-3 કલાક પછી દરરોજ સનસ્ક્રીન લગાવવું જરૂરી છે.પ્રશ્નઃ સનસ્ક્રીન લગાવતી વખતે કઈ બાબતોનું ધ્યાન રાખવું જોઈએ?જવાબઃ સનસ્ક્રીનમાં હાજર એવોબેન્ઝોન જેવા ઘટકો યુવી કિરણો સામે રક્ષણ આપે છે, પરંતુ જો તે આકસ્મિક રીતે આંખોમાં જાય છે, તો તે બળતરા,આંખોમાં પાણી આવવું અથવા લાલાશ જેવી સમસ્યાઓનું કારણ બની શકે છે. આ સ્થિતિ તમને થોડા સમય માટે અસ્વસ્થતા આપી શકે છે. તેથી, સનસ્ક્રીન લગાવતી વખતે આ બાબતોનું ધ્યાન રાખો. જેમ કે-આંખોની ખૂબ નજીક અથવા પોપચાની આસપાસ સનસ્ક્રીન લગાવવાનું ટાળો.સનસ્ક્રીન લગાવ્યા પછી તમારી આંખોને તમારા હાથથી સ્પર્શ કરશો નહીં, ખાસ કરીને જો તમે તમારા હાથ ધોયા ન હોય.જો તમે વર્કઆઉટ અથવા આઉટડોર એક્ટિવિટી કરી રહ્યા છો, તો પરસેવાને કારણે સનસ્ક્રીન તમારી આંખોમાં જઈ શકે છે, તેથી વોટર રેઝિસ્ટેન્ટ સનસ્ક્રીન પસંદ કરો.સનસ્ક્રીન લગાવ્યા પછી, તેને બે થી ત્રણ મિનિટ સૂકવવા દો જેથી તે સ્કિનમાં સારી રીતે શોષાઈ શકે. જોકે, બજારમાં ઉપલબ્ધ ઘણા વિકલ્પોમાંથી તમારા માટે યોગ્ય સનસ્ક્રીન પસંદ કરવું થોડું મુશ્કેલ હોઈ શકે છે.

# વડોદરામાં બાકી ભાડા મામલે પાણીગેટ શોપિંગ સેન્ટરની આઠ દુકાનો સીલ



: વડોદરાના પાણીગેટ વિસ્તારમાં આવેલ કોર્પોરેશનના શોપિંગ સેન્ટરની દુકાનોના માલિકો દ્વારા લાંબા સમયથી ભાડું ન ભરાતા સીલ કરવાની કાર્યવાહી શરૂ કરી છે. વડોદરા પાલિકાની માલિકીના ઘણા શોપિંગ સેન્ટર ખાતે દુકાનો તથા અન્ય મિલકતો ભાડે લઈ ભાડું આ તો સમયસર યોગ્ય ભાડું આપતા નથી આ મામલે પાલિકા તંત્ર વારંવાર તેઓને નોટીસ તેમજ રિમાઈન્ડર પાઠવતું આવ્યું છે. થોડા સમય પૂર્વે તેના કારણે થોડા સમય પૂર્વે પૂર્વા શાકમાર્કેટના ઓટલા પતરાથી સીલ કરવાની કાર્યવાહી શરૂ કરાઈ હતી. ત્યારે આજરોજ માર્કેટ સુપ્રીટેન્ડન્ટ ડોક્ટર વિજય પંચાલની આગેવાનીમાં પાલિકા તંત્ર એ પાણીગેટ વિસ્તારમાં આવેલ શોપિંગ સેન્ટરની દુકાનો સીલ કરવાની કાર્યવાહી શરૂ કરી છે ડોક્ટર વિજય પંચાલના જણાવ્યા પ્રમાણે અહીં બાકી ભાડા મામલે ભાડુઆતોને વારંવાર સૂચના અને નોટિસ આપી હોવા છતાં તેઓ દ્વારા બાકી ભાડું ચૂકવાતું ન હતું જેથી આજે અહીંની આઠ દુકાનો સીલ કરવામાં આવી છે તબક્કાવાર શહેરના અન્ય વિસ્તારમાં પણ આ પ્રકારની કાર્યવાહી કરવામાં આવશે.

# વડોદરાથી હાલોલ રોડ પર પ્લાસ્ટિકના રોલની આડમાં દારૂનો જથ્થો લઈને જતી ગાડી ઝડપાઈ



વડોદરાથી હાલોલ તરફ જતા રોડ ઉપર આસોજ ગામની સીમમાં જિલ્લા એલસીબીએ બંધ બોડીની એક ટ્રક ઝડપી પાડી હતી. આ ટ્રકમાં તપાસ કરતા પેકિંગ કરવાના પ્લાસ્ટિકના રોલની આડમાં દારૂનો મોટો જથ્થો મળ્યો હતો. પોલીસે રૂપિયા 68.14 લાખ કિંમતનો દારૂની 44,810 બોટલો તેમજ રોકડ રકમ સહિત કુલ 78.24 લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો. અને ડ્રાઈવર નાસીર ઈબ્રાહીમ મન્સૂરી રહે ગ્રીનપાર્ક ઈન્દોરની ધરપકડ કરી હતી. તેની પૂછપરછમાં જાણવા મળ્યું હતું કે ઈન્દોર હાઈવે પરથી જાવેદ નામના શખ્સે દારૂ ભરેલી ગાડી આપી હતી અને આ ગાડી લઈને સુરત જવા કહ્યું હતું. સુરત દારૂ ભરેલી ગાડી લઈને પહોંચ્યા પછી ત્યાંથી હાલોલ પરત મોકલ્યો હતો આ અંગે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# વડોદરાની મંગળ બજાર, સમા, અભિલાષા ચોકડીના હંગામી દબાણોનો સફાયો : બે ટ્રક જેટલો માલ સામાન કબજે



વડોદરા શહેરમાં કાયમી ધોરણે માથાના દુખાવા રૂપ બનેલા મંગળ બજાર લહેરીપુરાના લારી ગલ્લા પથારાના દબાણો સહિત દુકાનદારોના લટકણીયાથી રાહદારીઓને પસાર થવામાં ભારે મુશ્કેલીનો સામનો કરવો પડે છે. જ્યારે વાહન ચાલકોની તો વાત જ થઈ શકે એવી નથી. દરમિયાન પાલિકા દબાણ શાખાની ટીમે આજે મંગળ બજાર વિસ્તારના હંગામી દબાણો લારી ગલ્લા પથારા વાળાને વિસ્તારમાંથી તગેડી મૂક્યા હતા. આ ઉપરાંત ઠેર-ઠેર દુકાનદારોના લટકતા દુકાનો બહારના લટકણીયા તથા કેટલાક પથારાવાળાનો મળીને એક ટ્રક જેટલો માલ સામાન કબજે કર્યો હતો. વોર્ડ 1માં પાલિકા તંત્રની આ કાર્યવાહી દરમિયાન કેટલાય પથારાવાળા અને દુકાનદારોને દબાણ શાખાની ટીમ સાથે રીતસર બોલાચાલી અને ઘર્ષણ જેવા દ્રશ્યો સર્જાયા ત્યારે લોકોના ટોળા એકત્ર થયા હતા પરંતુ તૈનાત પોલીસ કાફલાએ મામલો સંભાળી લેતા તંત્રની કામગીરી સરળ થઈ હતી. ત્યારબાદ દબાણ શાખાની ટીમ શહેરના ઉત્તર વિસ્તારમાં વોર્ડ નં.2માં પહોંચી હતી. સમા વિસ્તારના અભિલાષા ચોકડીથી વિસ્તારના પૃથ્વી સર્કલ સુધીના હંગામી લારી ગલ્લા ખાણીપીણી-ચા પાણીની રેકડીઓ, કેરી તથા તરબૂચ શક્કરટેટીના તંબુ અને શેરડીના કોલાના શેડ પાલિકાની દબાણ શાખાએ તોડી નાખ્યા હતા જ્યારે હંગામી દબાણોનો સફાયો કરીને દબાણ શાખાની ટીમે વધુ એક ટ્રક માલ સામાન કબ્જે કર્યો હતો.

# આજથી 15 દિવસ બંધ રહેશે કૂબેરનગર ITI અંડરપાસ, ત્રણ કિલોમીટર ફરીને જવું પડશે એરપોર્ટ, જાણો વૈકલ્પિક રૂટ



અમદાવાદના પૂર્વ વિસ્તારમાં આવેલા નરોડા ખાતેના કૂબેરનગર I T I અંડરપાસના રિનોવેશનની કામગીરી શરૂ કરવાને લઈને અંડરપાલ બંધ કરવાનો નિર્ણય લેવાયો છે. 8 મેથી 15 દિવસ સુધી બંધ રહેશે. આ અંડરપાસ બંધ હોવાથી નરોડા, નિકોલ અને પૂર્વ વિસ્તારથી એરપોર્ટ જવા માટે વૈકલ્પિક રસ્તોના ઉપયોગ કરવાનો રહેશે. એરપોર્ટ જવા માટે નરોડા રેલવે ઓવરબ્રિજથી ટોયોટા શોરૂમ થઈ કોતરપુર થઈને એરપોર્ટ જઈ શકાશે. જેના માટે સ્થાનિકોએ ત્રણ કિલોમીટર જેટલું ફરીને જવું પડશે.આ પણ વાંચોઃ વિશ્વામિત્રી પ્રોજેક્ટના કામમાં અનેક જગ્યાએ તિરાડો-ભંગાણ, 180 કરોડની ગ્રાન્ટ CMએ કરી હતી મંજૂર8 મેથી 22 મે સુધી બંધ રહેશે અંડરપાસઅમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના બ્રિજ પ્રોજેક્ટ વિભાગ દ્વારા જણાવવામાં આવ્યું કે, ઉત્તર ઝોનમાં આવેલા શ્રીમદ રાજચંદ્ર અંડરપાસ (કુબેરનગર I T I અંડરપાસ) સમારકામ કરવાનું હોવાથી અકસ્માત ટાળી શકાય તે હેતુસર 15 દિવસ બંધ કરવામાં આવશે. 8 મેથી 22 મે સુધી અથવા સમારકામ પૂરૂ ન થાય ત્યાં સુધી અવર-જવર સંપૂર્ણ રીતે બંધ રહેશે. આ પણ વાંચોઃ ગુજરાત બોર્ડ રિઝલ્ટ : વડોદરાનું ધો.10નું 76.65 ટકા પરિણામ, 1111 વિદ્યાર્થીઓને એ-1 ગ્રેડવૈકિલ્પિક માર્ગોલેક્ષી ચાર રસ્તાથી નરોડા રેલવે ઓવરબ્રિજ ટોયોટા શોરૂમ થઇ કોતરપુર ટર્નીંગ થઈ જઈ શકાશે.નરોડા પાટીયાથી કુબેરનગર ક્રોસિંગ થઈ માયા સિનેમા થઈ કોતરપુર ટર્નીંગ તરફ થઈને એરપોર્ટ તરફ જઈ શકાશે.

# હવે બાળકીઓ શાળામાં પણ સુરક્ષિત નથી? વડોદરામાં 4 વર્ષની બાળકી સાથે પટાવાળાએ કર્યા શારીરિક અડપલાં



ગુજરાતમાં શાળામાં અભ્યાસ કરતી બાળકીઓની સુરક્ષાને લઈને ચિંતા ઊભી થાય તેવો બનાવ સામે આવ્યો છે. વડોદરામાંથી એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. જ્યાં શાળામાં પટાવાળા દ્વારા 4 વર્ષની બાળકી સાથે શારીરિક અડપલા કરવામાં આવ્યા હતાં. જોકે, બાદમાં બાળકીને ગુપ્તાંગમાં પીડા થતાં તેણે પોતાની માતાને સમગ્ર ઘટના વિશે જાણ કરતાં માતાએ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. હાલ પોલીસે આરોપીને ઝડપી આ અંગે વધુ તપાસ હાથ ધરી છે. શું હતી ઘટના? વડોદરાના ખોડિયાર નગરની એક શાળામાં 4 વર્ષની બાળકી સાથે પટાવાળાએ શારીરિક અડપલા કર્યા હોવાની ઘટના સામે આવી છે. સોમવારે (5 મે) ધર્મેશ પરમાર નામના પટાવાળાએ શાળામાં અભ્યાસ કરતી 4 વર્ષની બાળકીને ખોળામાં લઈ તેની સાથે શારીરિક અડપલા કર્યા હતાં. જોકે, સાંજે તેની માતા તેને લેવા આવી ત્યારે બાળકીએ માતાને જણાવ્યું કે, મને ગુપ્તાંગમાં દુઃખે છે. બાદમાં બાળકીએ નરાધમ પટાવાળા દરમિયાન શાળામાં તેની સાથે આચરેલા કૃત્ય વિશે જણાવ્યું હતું. આ પણ વાંચોઃ ભાવનગરમાં ધોધમાર 3 ઈંચ, માવઠાંથી તારાજી જેવી સ્થિતિ, આજે પણ રેડ એલર્ટ પોલીસે હાથ ધરી તપાસસમગ્ર ઘટના જાણ્યા બાદ બાળકીની માતા તુરંત શાળાએ પહોંચી અને પ્રિન્સિપાલ સાથે આ અંગે વાત કરી. પ્રિન્સિપાલે બાળકીની માતાની મદદ કરી અને શાળાના તમામ સીસીટીવી ફૂટેજ ચેક કર્યા. બાદમાં બાળકીના પિતા અને બહેન પણ શાળાએ પહોંચ્યા અને પોલીસનો સંપર્ક કર્યો. સમગ્ર ઘટનાની જાણ થતાં પોલીસ પણ તાત્કાલિક ધોરણે શાળાએ પહોંચી અને આરોપીને ઝડપી પાડ્યો હતો. હાલ, પોલીસે આરોપીને પકડી આરોપીની પૂછપરછ શરૂ કરી આ અંગે વધુ તપાસ હાથ ધરી છે. વિકૃત માનસિકતા ધરાવતા આ પટાવાળાએ શાળાની અન્ય વિદ્યાર્થિનીઓ સાથે પણ આવું વર્તન કર્યું છે કે કેમ તે અંગે પણ પોલીસ તપાસ કરી રહી છે. આ પણ વાંચોઃ આભમાંથી આફત વરસીઃ મહુવામાં આભ ફાટ્યા જેવી સ્થિતિ, 6 કલાકમાં 7 ઈંચ કમોસમી વરસાદ શાળામાં જ બાળકીઓ અસુરક્ષિત? એવામાં પ્રશ્ન થઈ રહ્યો છે કે, મહિલાઓ અને બાળકીઓ માટે સુરક્ષિત કહેવાતા ગુજરાતમાં શું બાળકીઓ હવે શાળામાં પણ સુરક્ષિત નથી? ગુજરાતમાંથી અવાર-નવાર એવા કિસ્સા સામે આવે છે, જેમાં શાળામાં જ બાળકીઓ સાથે શારીરિક અડપલાં કે દુષ્કર્મ આચરવામાં આવે છે. એવામાં ગુજરાત સરકારે શાળામાં બાળકીઓની સુરક્ષાને લઈને હજુ સુધી કોઈ નક્કર પગલાં લીધા નથી. તેથી, અનેક વાલીઓમાં હવે વિદ્યાર્થિનીઓને શાળાએ મોકલતા પણ ફફડાટ થઈ રહ્યો છે.

# આજે આ 10 જિલ્લામાં મેઘરાજા બોલાવશે ધડબડાટી, હજુ ત્રણ દિવસ સુધી નહીં કરે ખમૈયા

ગુજરાતમાં છેલ્લાં ત્રણ-ચાર દિવસથી ભરઉનાળે રાજ્યના અનેક વિસ્તારોમાં મેઘગર્જના અને પવન ફૂંકાવવાની સાથે ભારેથી અતિભારે કમોસમી વરસાદ પડી રહ્યો છે. રાજ્યના અનેક જિલ્લામાં ધોધમાર વરસાદને પગલે પાણી ભરાયા હતા. કમોસમી વરસાદના કારણે ખેડૂતો મુશ્કેલીમાં મૂકાયા છે. એવામાં હવામાન વિભાગની આગાહી મુજબ લાગી રહ્યું છે કે મેઘરાજા વિરામના મૂડમાં નથી. હવામાન વિભાગની આગાહી મુજબ ગુરૂવારે (8 મે) 10 જિલ્લામાં ગાજવીજ સાથે ભારે કમોસમી વરસાદની સંભાવના છે. 10 જિલ્લામાં ગાજવીજ સાથે ભારે વરસાદની આગાહી હવામાન વિભાગની આગાહી મુજબ, ગુરૂવારે 10 જિલ્લામાં ગાજવીજ સાથે ભારે કમોસમી વરસાદની આગાહી છે. આજે રાજકોટ, અમરેલી, ગીર સોમનાથ, ભાવનગર, આણંદ, ભરૂચ, વલસાડ, મહીસાગર, અરવલ્લી, સાબરકાંઠા જિલ્લાના છૂટાછવાયા સ્થળોએ મેઘગર્જના સાથે ભારે વરસાદની આગાહીને પગલે યલો ઍલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. આ સાથે રાજ્યભરમાં 50-60 કિ.મી.ની ઝડપે ભારે પવન ફૂંકાવવાની આગાહી છે. આગામી 9 થી 11 મે દરમિયાન રાજ્યભરના છૂટાછવાયા સ્થળોએ હળવી મેઘગર્જનાની ચેતવણી છે. આ દરમિયાન પણ રાજ્યમાં 30-50 કિ.મી.ની ઝડપે પવન ફૂંકાવવાની આગાહી છે. શુક્રવારે, નવમી તારીખે આખા ગુજરાતમાં ઘણા સ્થળોએ ગાજવીજ સાથે હળવાથી મધ્યમ વરસાદની આગાહી છે. શનિવારે, 10મી તારીખે ગુજરાતના અમુક સ્થળોએ ગાજવીજ સાથે હળવાથી મધ્યમ વરસાદની આગાહી છે.

# કમોસમી વરસાદથી ખેડૂતોને મોટું નુકસાન, અમરેલીના પૂર્વ સાંસદે PM-CMને પત્ર લખી માગી સહાય



ગુજરાતમાં છેલ્લાં ત્રણ દિવસથી કમોસમી વરસાદના કારણે ખેડૂતોને રોવાનો વારો આવ્યો છે. અપર એર સાઈક્લોનિક સર્ક્યુલેશન સિસ્ટમ અને ટ્રફ લાઈનના કારણે ગુજરાતમાં મેઘરાજા બેટિંગ કરી રહ્યા છે. આ કમોસમી વરસાદના ખેડૂતોની મુશ્કેલી સૌરાષ્ટ્રભરમાં વધી રહી છે. ત્યારે અમરેલી જિલ્લામાં રાજુલા, સાવરકુંડલા, ધારી,ખાંભા સહિત લીલીયા વિસ્તામાં પડેલા વરસાદથી વિવિધ પાકોમાં નુકસાનની સ્થિતિ સર્જાઈ છે. જેના કારણે ખેડૂતોમાં નારાજગી ઊભી થતા અમરેલીના પૂર્વ સાંસદ નારણ કાછડિયાએ વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને પત્ર લખી સહાયની માગ કરી છે. કેરી, ડુંગળી, અને તલના પાકને પુષ્કળ નુકસાન અમરેલી પૂર્વ સાંસદ નારણ કાછડિયા દ્વારા વડાપ્રધાન નરેન્દ્ર મોદી, કેન્દ્રીય કૃષિમંત્રી શિવરાજસિંહ ચૌહાણે, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, રાજ્યના કૃષિમંત્રી રાઘવજી પટેલને પત્રને લખી રજૂઆતો કરી છે, જેમાં તેમણે લખ્યું છે કે, 'ગુજરાતમાં કમોસમી વરસાદના કારણે કેરી, ડુંગળી, અને તલના પાકને પુષ્કળ નુકસાન થયું છે. જેથી ખેડૂતોને સહાય આપવા આવે.' અમરેલી જિલ્લામાં ખેડૂતોની કેરી ડુંગળી તલ જેવા વિવિધ પાકોમ નુકસાન હોવાથી સરકાર સમક્ષ સહાય પેકેજ આપવા માટે ભાજપ નેતાઓ દ્વારા રજૂઆતો કરી માંગણી કરી છે. ભારે વરસાદના કારણે ખેડૂતનો મોઢે આવેલો કોળિયો છીનવાયો ભારે વરસાદના કારણે રાજ્યમાં અનેક જિલ્લામાં ભારે નુકસાન સર્જાયું છે. જેમાં આણંદમાં તૈયાર બાજરી-ડાંગરના પાકને ભારે નુકસાન થયું છે, જેના કારણે ખેડૂતોના મોઢે આવેલો કોળિયો ઝૂંટવાઈ ગયો હતો. બીજી બાજું વડોદરામાં બે ઈંચ વરસાદ ખાબકતાં તુલસીવાડીના ઘરોમાં પાણી ઘૂસી ગયા હતાં. આંબાવાડીઓને થયું નુકસાન આ સિવાય સૌરાષ્ટ્રના ભાવનગરમાં 2500 હેક્ટરમાં પાકેલી કેરીના આંબાને નુસાન થયું હતું. મહુવામાં 7 ઈંચ વરસાદના કારણે વીજ પુરવઠો ખોરવાયો હતો. તેમજ પાલીતાણામાં વરસાદના કારણે 2500 હેક્ટર જેટલાં વિસ્તારની આંબાવાડીઓની કેસર કેરીના આંબાને નુકસાન થયું હતું.

# ધોરણ 10-12ની બોર્ડની પરીક્ષામાં રાજ્યકક્ષાએ ટોપ-3 વિદ્યાર્થીઓને રૂ. 51 હજારનું ઇનામ જાહેર




રાજ્યમાં ધો. 10 અને 12 બોર્ડનું પરિણામ જાહેર કરાયું છે ત્યારે સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રી ભાનુબેન બાબરીયાના નેતૃત્વમાં મહત્વપૂર્ણ નિર્ણય કરાયો છે. "છત્રપતિ શાહુજી મહારાજ પ્રોત્સાહક ઈનામ" યોજના અંતર્ગત ધોરણ 10-12ની બોર્ડની પરીક્ષામાં અનુસૂચિત જાતિ- SC તેમજ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ- SEBCનાં પ્રથમ ત્રણ ક્રમાંક પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓને આપવામાં આવતી પ્રોત્સાહક ઈનામની રકમમાં વિવિધ કક્ષાએ રૂ. 20 હજારનો સુધીનો વધારો કરાયો છે. રાજ્યમાં અનુસૂચિત જાતિ તથા સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગનાં વિદ્યાર્થીઓને અભ્યાસમાં વધુ રૂચિ કેળવીને સારી ટકાવારી પ્રાપ્ત કરવા પ્રોત્સાહિત થાય તે હેતુથી ધોરણ 10 અને 12નાં બોર્ડની પરીક્ષામાં રાજ્ય તથા જિલ્લા કક્ષાએ પ્રથમ ત્રણ ક્રમે આવનાર વિદ્યાર્થીઓની પ્રોત્સાહક ઈનામની રકમમાં વધારો કરવામાં આવ્યો છે. આ માટે વર્ષ 2025-26ના બજેટમાં રૂ. 53 લાખની નવી બાબતને મંજૂરી આપવામાં આવી છે. અનુસૂચિત જાતિ તથા સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગનાં વિદ્યાર્થીઓમાં શૈક્ષણિક સ્પર્ધાત્મકતા કેળવાય તથા વધુમાં વધુ વિદ્યાર્થીઓ શૈક્ષણિક વિકાસ સાધી શકે તે હેતુથી "છત્રપતિ શાહુજી મહારાજ પ્રોત્સાહક ઈનામ" યોજના અમલી બનાવાઈ છે. આ યોજના હેઠળ ધોરણ-10 અને 12નાં બોર્ડની પરીક્ષામાં રાજ્ય તથા જિલ્લા કક્ષાએ પ્રથમ ત્રણ ક્રમે આવનાર વિદ્યાર્થીઓને પ્રોત્સાહક ઈનામ આપવામાં આવે છે.રાજ્યકક્ષાએ પ્રથમ ત્રણ ક્રમે આવનાર વિદ્યાર્થીઓની ઈનામી રકમમાં રૂ. 20 હજારનો વધારોવિદ્યાર્થીઓને આપવામાં આવતી પ્રોત્સાહક ઈનામની રકમમાં વધારો કરવામાં આવ્યો છે તે અંતર્ગત રાજ્યકક્ષાએ ધો. 10 અને ધો. 12માં સામાન્ય પ્રવાહ, વિજ્ઞાન પ્રવાહ, વ્યવસાયલક્ષી પ્રવાહ તેમજ ઉત્તર બુનિયાદી પ્રવાહ એમ ચાર પ્રવાહમાં પ્રથમ ત્રણ ક્રમ પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીને પ્રોત્સાહક ઈનામમાં રૂ. 20 હજારનો વધારો કરવામાં આવ્યો છે. "છત્રપતિ શાહુજી મહારાજ પ્રોત્સાહક ઈનામ" યોજનાઆ યોજના અંતર્ગત રાજ્યકક્ષાએ પ્રથમ ક્રમાંકે આવનાર વિદ્યાર્થીને પહેલા રૂ. 31 હજાર આપવામાં આવતા હતાં જેમાં વધારો કરીને હવે રૂ. 51 હજાર પ્રોત્સાહક ઈનામ આપવામાં આવશે. તેવી જ રીતે દ્વિતીય સ્થાને આવશે તેમને રૂ. 21 હજારમાં વધારો કરીને રૂ. 41 હજાર આપવામાં આવશે તથા તૃતીય સ્થાને આવનાર વિદ્યાર્થીને અગાઉ રૂ. 11 હજાર અપાતા હતા જેમાં વધારો કરીને રૂ. 31 હજાર પ્રોત્સાહક ઈનામ તરીકે આપવામાં આવશે.આ ઉપરાંત ધો. 10 અને 12માં સામાન્ય પ્રવાહ અને વિજ્ઞાન પ્રવાહમાં જિલ્લા કક્ષાએ પ્રથમ ક્રમાંકે આવનાર વિદ્યાર્થીને પહેલા રૂ. 6 હજાર અપાતા હતાં જેમાં વધારો કરીને રૂ. 15 હજાર પ્રોત્સાહક ઈનામ આપવામાં આવશે. તેજ રીતે દ્વિતીય સ્થાને આવશે તેમને રૂ. 5 હજારમાં વધારો કરીને રૂ. 11 હજાર આપવામાં આવશે તથા તૃતીય સ્થાને આવનાર વિદ્યાર્થીને અગાઉ રૂ. 4 હજાર આપવામાં આવતા હતા જેમાં વધારો કરીને રૂ. 9 હજાર પ્રોત્સાહક ઈનામ તરીકે આપવામાં આવશે.વિદ્યાર્થીઓને નિયત કરેલી મળવાપાત્ર ઈનામની રકમ D B T પદ્ધતિથી અપાશેઆ યોજના અંતર્ગત શૈક્ષણિક વર્ષના અંતે લેવાતી બોર્ડની પરીક્ષા (માર્ચ-એપ્રિલ)ના વિદ્યાર્થીઓને જ આ યોજનાનો લાભ મળશે. શૈક્ષણિક વર્ષના વચ્ચે (ઓક્ટોબર-નવેમ્બર) માં લેવાતી પરીક્ષા ઉત્તીર્ણ કરનાર વિદ્યાર્થીઓને આ યોજનાનો લાભ મળશે નહીં. આ ઉપરાંત એક જ ક્રમ પર એક સરખા ગુણાંક વાળા એકથી વધુ વિદ્યાર્થીઓ આવેલા હોય તેવા સંજોગોમાં એસ.એસ.સી પરીક્ષાના કિસ્સામાં પ્રથમ ત્રણ ક્રમાંક પર આવતા હોય અને એચ.એસ.સી પરીક્ષાના કિસ્સામાં દરેક પ્રવાહમાં ત્રણ ક્રમાંક પર આવતાં હોય તેવા એક સરખા ગુણાંકવાળા વિકસતી જાતિના તમામ વિદ્યાર્થીઓને ઈનામ આપવામાં આવશે.

# જામનગર જિલ્લામાં ગઈકાલે સાંજે હવામાનમાં પલટો આવ્યા બાદ સાર્વત્રિક અડધાથી બે ઈંચ વરસાદ નોંધાયો



જામનગર શહેર અને જિલ્લામાં ગઈકાલે સાંજે ભારે પવન સાથે એકાએક હવામાનમાં પલટો આવ્યો હતો, અને સાર્વત્રિક રીતે અડધાથી બે ઈંચ વરસાદ નોંધાયો છે. જામનગર શહેરમાં ગઈકાલે સાંજે પોણો ઈંચ પાણી પડી ગયું હતું, જ્યારે જામજોધપુરમાં ધોધમાર બે ઈંચ વરસાદ પડી ગયાના અહેવાલો પ્રાપ્ત થયા છે. જામનગર શહેરમાં ગઈકાલે સાંજે મોકડ્રીલની કાર્યવાહી ચાલી રહી હતી, દરમિયાન અચાનકજ હવામાનમાં પલટો આવ્યો હતો, અને તોફાની પવન ફુકાવાનો શરૂ થયા બાદ વરસાદી છાંટા શરૂ થઈ ગયા હતા, અને થોડીવાર માટે ધોધમાર વરસાદ પડી ગયો હતો. 15 મિનિટ સુધી પડેલા વરસાદના કુલ 17 મિમી. પાણી પડી ગયું હોવાના અહેવાલો પ્રાપ્ત થયા છે ત્યારબાદ પણ આકાશમાં ગાજવીજ ચાલુ રહી હતી. જોકે મોડેથી વાદળો વિખેરાયા હતા. અને આજે પણ આકાશમાં વાદળો આંટાફેરા જોવા મળી રહ્યા છે. જોકે સૂર્ય દેવતા બહાર આવી ગયા છે.

જામનગર જિલ્લાના જામજોધપુરમાં ગઈકાલે સાંજે ધોધમાર મેઘવૃષ્ટિ થઈ હતી. સાંજે 6.00 વાગ્યા બાદ વરસાદ તૂટી પડ્યો હતો, અને બે કલાકના સમયગાળા દરમિયાન 48 મી.મી. પાણી પડી ગયું હોવાના અહેવાલો પ્રાપ્ત થયા છે. ગઈકાલે પડેલા વરસાદના કારણે જામજોધપુર તાલુકાના બાલવા ગામની પાદરમાં એક મોટું વૃક્ષ ભારે પવનના કારણે ધરાસાઈ થઈ ગયું હતું. સદભાગ્ય કોઈ જાનહાની થઈ ન હતી. આ ઉપરાંત જામનગર જિલ્લાના કાલાવડમાં 7 મી.મી., ધ્રોલમાં 4 મી.મી., જોડિયા અને લાલપુરમાં 4 મી.મી. વરસાદ નોંધાયો હતો. આજે સવારે 8.00 વાગ્યાથી સમગ્ર જિલ્લામાં મેઘરાજાએ સંપૂર્ણ પણે વિરામ રાખ્યો છે, અને સૂર્યદેવતાનો આકરો મિજાજ ફરી જોવા મળી રહ્યો છે.

# વડોદરા નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ યોજીત પાંચ દિવસના ગ્રીષ્મોત્સવની પૂર્ણાહુતિ



વડોદરા વડોદરા કોર્પોરેશન હસ્તકની નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અને શીતલાજી ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ગ્રીષ્મોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. ₹ખેલશે તે ખીલશે₹ સૂત્ર સાર્થક કરવા માટે વર્ષ 2022 થી 75 વિદ્યાર્થીઓ સાથે આની શરૂઆત થઈ હતી. આ વર્ષે પાંચ દિવસના આ ઉત્સવમાં 900 વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં 90 ટકા શિક્ષણ સમિતિની શાળાના વિદ્યાર્થીઓ તથા 10 ટકાથી વધુ અન્ય શાળાના વિદ્યાર્થીઓએ ઉત્સાહ સાથે જોડાયા હતા. ગ્રીષ્મોત્સવ અંતર્ગત આ વર્ષે શ્રી ગોવિંદરાવ મહારાજ મધ્યવર્તી પ્રા.શાળા અને પૂજ્ય ડોંગરેજી મહારાજ પ્રા.શાળા એમ બે શાળાના રમતના મેદાનમાં અને શાળાના ચોકમાં જુદા જુદા પ્રકારની રમતો રમાડી હતી. જેમાં વિદ્યાર્થીઓએ કબડી, બેડમિન્ટન, રસ્સાખેંચ, સતોડિયું, જુડો, યોગ, દોડ, ખો-ખો લંગડી, ચેસ અને કેરમ જેવી રમતો રમીને મજા માણી હતી. આ રમતોના મૂળભૂત નિયમોનું જ્ઞાન પ્ર-શિક્ષિત વ્યાયામ શિક્ષકો દ્વારા 5 દિવસ સુધી આપવામાં આવ્યું હતું.

# અમદાવાદ પૂર્વમાં સવા 3 ઇંચ વરસાદ અને હાડમારી 10 ઇંચ જેટલી! પાણી ઘરમાં ઘુસતાં ઘરવખરી પલળી



અમદાવાદ શહેરમાં સતત ત્રણ દિવસથી વરસાદી માહોલ છવાયેલો છે. બે દિવસમાં પૂર્વ અમદાવાદના ચાર ઝોનમાં સરેરાશ સવા ત્રણ ઈંચ વરસાદ માંડ વરસ્યો હશે, ત્યાં જ લોકો માટે જાણે કે એકસાથે 10 ઈંચ વરસાદ વરસી ગયો હોય, એટલી હાડમારી પેદા થઈ છે. ખાસ કરીને રસ્તા પર ભરાયેલા પાણીથી ઠેર ઠેર ટ્રાફિક જામ સર્જાયો હતો. આકસ્મિક આવી પડેલી આફત સામે મ્યુનિ.કોર્પોરેશન તંત્ર સંપૂર્ણ ઉંઘતું ઝડપાયું છે. માર્ગો પર ઠેર ઠેર પાણી ભરાઇ જતાં જળબંબાકાર જેવી સ્થિતિ જોવા મળી હતી. સામાન્ય રીતે વરસાદી પાણી ગટરમાં વહી જતાં હોય છે, પરંતુ ઓઢવ, ખોખરા, નિકોલ જેવા વિસ્તારોમાં તો ઉલટાનું ગટરમાંથી દૂષિત અને વરસાદી પાણી બહાર નીકળીને રોડ પર ભરાયા હતા. રસ્તા પર પાણી ભરાઈ જવાના કારણે અનેક નાના વાહનો બંધ પડી ગયા હતા.

વરસાદ બંધ થયા પછી પણ લાંબા સમય સુધી માર્ગો પર રહેલા વરસાદી પાણીના કારણે વાહન વ્યવહાર પ્રભાવિત થયો હતો. રસ્તા પર ટ્રાફિક જામ જેવા દ્રશ્યો સર્જાયા હતા. સ્માર્ટ સિટી અમદાવાદના હૃદય સમાન મણિનગરના વલ્લભવાડી વિસ્તારમાં વર્ષોથી દર ચોમાસામાં વરસાદી પાણી ભરાઈ જાય છે, તંત્ર લુખ્ખા આશ્વાસનો આપે છે, પણ સમસ્યાનો ઉકેલ આવતો નથી. રામબાગ, કૃષ્ણબાગ તરફથી આવતા પાણી અહીં ભરાઈ જતા હોવાનું લોકોએ જણાવ્યું છે. વસ્ત્રાલમાં કર્ણાવતી ચોકડીથી નિરાંત ચોકડી સુધીના રસ્તા પર વરસાદી પાણીના નિકાલની વ્યવસ્થાના અભાવે માર્ગો જળબંબાકાર થઈ ગયા હતા.

નિકોલમાં બારેમાસ ગટર ઉભરાવા માટે કુખ્યાત ગોપાલ ચોક અને જીવનવાડીમાં તો માર્ગો પર રીતસરની નદીઓ વહી નીકળી હોય તેવી સ્થિતિ જોવા મળી હતી. શાહીબાગ વોર્ડના ગિરધરનગર બ્રિજની પાસે અને નીચેના રસ્તા પર સામાન્ય વરસાદમાં પાણી ભરાઈ જતા વાહન ચાલકો હેરાન થયા હતા. અહીં ગટરની લાઈનો અને વરસાદી પાણીના નિકાલની સંખ્યાબંધ કેચપિટ ભરાયેલી હોવાની ફરિયાદો અનેક વખત લોકોએ કરી છે. પરંતુ મ્યુનિ. દ્વારા સફાઈમાં ધ્યાન નહીં અપાતા રસ્તા પર પાણી ભરાયા છે. કમોસમી વરસાદમાં આવી હાલત હોય તો ચોમાસામાં કેવી સ્થિતિ સર્જાશે? તે સવાલ લોકોને સતાવી રહ્યો છે.

પૂર્વ અમદાવાદના મોટાભાગના વિસ્તારોમાં ગટર લાઈન અને વરસાદી પાણીની લાઈનની અયોગ્ય વ્યવસ્થાના કારણે વરસાદી પાણી ભરાયા હતા. લાંભાના ઈન્દિરાનગરમાં વરસાદી પાણી ઘરમાં ઘુસી જતા ઘરવખરી પલળી ગઈ લાંભા વોર્ડના ઈન્દિરાનગર વિભાગ-2માં જૈન મંદિરની સામે આજે વરસાદી પાણી રીતસર લોકોના ઘરમાં ઘુસી ગયા હતા. જેના કારણે લોકોની ઘરવખરી પલળી ગઈ હતી. સ્થાનિક રહેવાસીઓના જણાવ્યા અનુસાર ઘર નં. 545થી 209ની સિરિઝમાં રહેતા લોકો કફોડી હાલતમાં મૂકાઈ ગયા હતા. મ્યુનિ. કોર્પોરેશનના અધિકારીઓની ગંભીર બેદરકારીના માઠા પરિણામો લોકોએ ભોગવવાનો વારો આવે છે. ઓઢવ ફાયર સ્ટેશન વિસ્તારમાં 400થી 500 મીટરમાં કાળા રંગના પાણી ભરાયા! ઓઢવના ફાયર સ્ટેશન વિસ્તારમાં બુધવારે સવારે સાડા આઠેક વાગ્યે વરસેલા વરસાદના કારણે માર્ગો પર 400થી 500 મીટર જેટલા વિસ્તારમાં કાળા રંગના પાણી ભરાયા હતા! આ પાણી વરસાદનું છે. ગટરમાંથી ઉભરાયેલું છે કે પછી કેમિકલવાળુ દૂષિત પાણી બહાર આવ્યું છે? તેને લઈને લોકોમાં સવાલો ઉઠ્યા છે. રસ્તા પર દોઢથી બે ફુટ જેટલા પાણી ભરાઈ જતા વાહન ચાલકો હેરાન થઈ ગયા હતા.

# વઢવાણમાં મહિલાને ધમકી આપી રૂ. 9 લાખ રોકડની લૂંટ, પોલીસે 4 શખસોની શોધખોળ શરૂ કરી



સુરેન્દ્રનગર જિલ્લામાં મારામારી અને લૂંટ સહિતના બનાવો વધી રહ્યાં છે. ત્યારે વઢવાણ રોડ પર આવેલ એક હોટલ પાછળ રહેતી મહિલાને ચાર જેટલા શખસોએ છરી બતાવી અને વીડિયો વાઈરલ કરવાની ધમકી આપી હતી. આ ઉપરાંત મહિલા પાસેથી 9 લાખ રૂપિયાની રોકડ લઈને નાસી છૂટ્યા હતા. આ અંગે મહિલાએ બી-ડિવીઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથધરી છે. જાણો શું છે સમગ્ર મામલો મળતી માહિતી અનુસાર, વઢવાણ રોડ પર આવેલ હરેકૃષ્ણ હોટલ પાછળના વિસ્તારમાં રહેતી 58 વર્ષની મહિલાના ઘેર કોઈ ધાર્મિક જગ્યાના સાધુ બપોરના સમયે જમવા આવ્યા હતા. ત્યારબાદ અન્ય ચાર શખસો પણ વાહનમાં આવી મહિલાના ઘરમાં પ્રવેશ કર્યો હતો. જે પૈકી એક શખસે વીડિયો ઉતારીને છરી બતાવી વીડિયોને વાઈરલ કરવાની ધમકી આપી હતી. તેણે મહિલા પાસે રૂપિયા માંગતા મહિલાએ ઘરમાં રહેલ રોકડ 2.45 લાખ રૂપિયા આપ્યા હતા. ત્યારબાદ ચારેય શખસોએ વધુ રૂપિયાની માંગ કરતા મહિલાએ ફીક્સ ડિપોઝીટ (એફડી) હોવાનું જણાવતા મહિલાને ટુ વ્હીલર પર બેસાડી બેન્કે લઈ જઈ 7 લાખ રૂપિયાની એફડી તોડાવી તે રકમ પણ પડાવી લીધી હતી. આ પણ વાંચોઃ અમદાવાદના પૂર્વ વિસ્તારમાં વરસાદ સવા ત્રણ ઈંચ અને હાડમારી 10 ઈંચ જેટલી! પાણી ઘરમાં ઘુસી જતા ઘરવખરી પલળી ગઈ આ શખસોએ મહિલાને આ અંગે કોઈને જાણ કરશે તો જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. આ મામલે ભોગ બનનાર મહિલાએ ચાર શખસો સામે લૂંટ તેમજ જાનથી મારી નાંખવાની ધમકી અંગે બી-ડિવીઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથધરી છે.

# ગુજરાતમાં મેઘરાજાનો કહેર યથાવતઃ 48 કલાકમાં 21 લોકોના મોત, ખેડૂતોના મોઢે આવેલો કોળિયો છીનવાયો



ગુજરાતમાં છેલ્લાં ત્રણ દિવસથી કમોસમી વરસાદના કારણે ખેડૂતોને રોવાનો વારો આવ્યો છે. અપર એર સાઇક્લોનિક સર્ક્યુલેશન સિસ્ટમ અને ટ્રફ લાઇનના કારણે ગુજરાતમાં મેઘરાજા સતત 48 કલાકથી બેટિંગ કરી રહ્યા છે. એવામાં ભારે પવન સાથેના વરસાદના કારણે અનેક જાનહાનિ અને માલહાનિના સમાચાર પણ સામે આવ્યા છે. ભારે વરસાદના કારણે રાજ્યમાં 21 લોકોના મોત નિપજ્યા છે, 20થી વધારે લોકો ઈજાગ્રસ્ત થયા હતાં. આ સિવાય 45થી વધુ પશુના મોત નિપજ્યા છે. ભારે વરસાદના કારણે ખેડૂતનો મોઢે આવેલો કોળિયો છીનવાયો ભારે વરસાદના કારણે રાજ્યમાં અનેક જિલ્લામાં ભારે નુકસાન સર્જાયું છે. જેમાં આણંદમાં તૈયાર બાજરી-ડાંગરના પાકને ભારે નુકસાન થયું છે, જેના કારણે ખેડૂતોના મોઢે આવેલો કોળિયો ઝૂંટવાઈ ગયો હતો. બીજી બાજું વડોદરામાં બે ઈંચ વરસાદ ખાબકતાં તુલસીવાડીના ઘરોમાં પાણી ઘૂસી ગયા હતાં. આ પણ વાંચોઃ આજે આ 10 જિલ્લામાં મેઘરાજા બોલાવશે ધડબડાટી, હજુ ત્રણ દિવસ સુધી નહીં કરે ખમૈયા આંબાવાડીઓને થયું નુકસાન આ સિવાય સૌરાષ્ટ્રના ભાવનનગરમાં 2500 હેક્ટરમાં પાકેલી કેરીના આંબાને નુસાન થયું હતું. મહુવામાં 7 ઈંચ વરસાદના કારણે વીજ પુરવઠો ખોરવાયો હતો. તેમજ પાલીતાણામાં વરસાદના કારણે 2500 હેક્ટર જેટલાં વિસ્તારની આંબાવાડીઓની કેસર કેરીના આંબાને નુકસાન થયું હતું.

આ પણ વાંચોઃ ધોરણ 10-12ની બોર્ડની પરીક્ષામાં રાજ્યકક્ષાએ ટોપ-3 વિદ્યાર્થીઓને રૂ. 51 હજારનું ઈનામ જાહેર હવામાન વિભાગની આગાહી નોંધનીય છે કે, હજુ સુધી વરસાદ ખમૈયા કરવાના મૂડમાં નથી. હવામાન વિભાગની આગાહી મુજબ ગુરૂવારે (8 મે) 10 જિલ્લામાં ગાજવીજ સાથે ભારે કમોસમી વરસાદની સંભાવના છે.ગુરૂવારે 10 જિલ્લામાં ગાજવીજ સાથે ભારે કમોસમી વરસાદની આગાહી છે. આજે રાજકોટ, અમરેલી, ગીર સોમનાથ, ભાવનગર, આણંદ, ભરૂચ, વલસાડ, મહીસાગર, અરવલ્લી, સાબરકાંઠા જિલ્લાના છૂટાછવાયા સ્થળોએ મેઘગર્જના સાથે ભારે વરસાદની આગાહીને પગલે યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. આ સાથે રાજ્યભરમાં 50-60 કિ.મી.ની ઝડપે ભારે પવન ફૂંકાવવાની આગાહી છે. શુક્રવારે, નવમી તારીખે આખા ગુજરાતમાં ઘણા સ્થળોએ ગાજવીજ સાથે હળવાથી મધ્યમ વરસાદની આગાહી છે. શનિવારે, 10મી તારીખે ગુજરાતના અમુક સ્થળોએ ગાજવીજ સાથે હળવાથી મધ્યમ વરસાદની આગાહી છે અને રવિવારે, 11મી તારીખએ આખા ગુજરાતમાં અમુક સ્થળોએ ગાજવીજ સાથે હળવાથી મધ્યમ વરસાદની આગાહી છે.

# જામનગરમાં અંધશ્રમ ફાટક નજીક ટ્રેનની ઠોકરે ગંભીર રીતે ઈજાગ્રસ્ત બનેલા બુઝુર્ગનું સારવારમાં અપમૃત્યુ



જામનગરમાં અંધાશ્રમ રેલવે ફાટક નજીક ગત 27મી તારીખે 60 વર્ષના એક બુઝુર્ગ ટ્રેનની ઠોકરે ચડી ગયા હતા, અને ઈજાગ્રસ્ત બન્યા હતા. તેઓનું સારવાર દરમિયાન ગઈકાલે મૃત્યુ નીપજ્યું છે. આ બનાવની વિગત એવી છે કે જામનગરમાં દિગ્વિજય પ્લોટ શેરી નંબર 50 માં રહેતા અને નિવૃત્ત જીવન જીવતા વિજયભાઈ માધવભાઈ નાથાણી નામના 60 વર્ષના બુઝુર્ગ ગત 27મી તારીખે અંધાશ્રમ રેલવે ફાટક પાસેથી પસાર થઈ રહ્યા હતા, જે દરમિયાન ટ્રેનની ઠોકરે ચડી ગયા હતા અને ઈજાગ્રસ્ત બન્યા હતા. તેઓને 108 નંબરની એમ્બ્યુલન્સ મારફતે સારવાર માટે જામનગરની સરકારી જી.જી. હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા, ત્યાં ગઈકાલે સાંજે તેઓનું સારવાર દરમિયાન મૃત્યુ નીપજ્યું છે. આ બનાવ અંગે મૃતકના પુત્ર ભાવિન વિજયભાઈ નાથાણીએ પોલીસને જાણ કરતાં સીટી સી.ડિવિઝનના પોલીસ હેડ કોન્સ્ટેબલ એન.બી.સદાદિયા જી.જી.હોસ્પિટલમાં દોડી ગયા હતા, અને મૃતદેહનો કબજો સંભાળી વધુ તપાસ હાથ ધરી છે.

# આણંદ જિલ્લામાં સવા 4 ઇંચ સુધી કમોસમી વરસાદ :કેળના પાકને નુકસાન, 11મી સુધી ભારે વરસાદની આગાહી




આણંદ જિલ્લામાં ભરઉનાળે છેલ્લા ત્રણ દિવસથી કમોસમી વરસાદ પડી રહ્યો છે. મંગળવારની રાત્રિથી બુધવારની બપોર સુધીમાં જિલ્લામાં સવા ચાર ઈંચ સુધી વરસાદ પડયો હતો. આણંદમાં ચાર ઈંચ વરસાદના કારણે ઠેરઠેર પાણી ભરાયા હતા. આ ઉપરાંત બાજરી, શાકભાજી, ઘાસચારો અને કેળના પાક સહિત ઉનાળુ પાકને વ્યાપક નુકસાન થયું છે. તૈયાર થયેલો ઉનાળુ પાકનો સોથ વળતા ખેડૂતોએ વળતરની માગણી કરી છે. આણંદ જિલ્લામાં ભારે વરસાદની હવામાન વિભાગે આગાહી કરી છે અને મંગળવારની રાત્રિથી જિલ્લામાં વરસાદ શરૂ થયો હતો. બુધવારે શહેરમાં વરસાદથી હિલ સ્ટેશન જેવો માહોલ છવાયો હતો. આણંદમાં સૌથી વધુ 113 મીલીમીટર,તારાપુરામાં 84, સોજિત્રામાં 78, ઉમરેઠમાં 80, ખંભાતમાં 106, બોરસદમાં 74, પેટલાદમાં 69 મીલીમીટર વરસાદ પડયો હતો. આ વરસાદના કારણે આણંદ શહેર અને ખંભાતમાં ઠેરઠેર પાણી ભરાયા હતા. કેટલાક વિસ્તારોમાં પાણીનો નિકાલ નહીં થતાં લોકોને મુશ્કેલીનો સામનો કરવો પડયો હતો. વરસાદના કારણે વીજ પુરવઠો ખોરવાતા લોકોને મુશ્કેલીનો સામનો કરવો પડયો હતો. જ્યારે જિલ્લામાં 11મી સુધી ભારે વરસાદની આગાહી હવામાન વિભાગ દ્વારા કરવામાં આવી છે. આ વરસાદના કારણે ખેતરોમાં થયેલા થયેલો ઉનાળુ પાકને નુકસાન વેઠવાનો ખેડૂતોને વારો આવ્યો છે. બાજરી, તલ,મગ, શાકભાજી, ઘાસચારો સહિતના પાકમાં વ્યાપક નુકસાન થયું છે. આ ઉપરાંત આણંદ જિલ્લામાં વાવાઝોડાના કારણે કેળાના છોડ જળમૂળમાંથી ઉખડી ગયા હતા.

# હવસખોર કાકા સસરાને પાઠ ભણાવવા પરિણીતાએ પોલીસની મદદ લીધી




હવસખોર કાકા સસરાની શાન ઠેકાણે લાવવા પરિણીતાએ અભયમ અને પોલીસની મદદ લેતા ફરાર થઈ ગયેલા કાકાની શોધખોળ હાથ ધરાઈ છે. નંદેસરી વિસ્તારમાં રહેતી પરિણીતા પર છેલ્લા કેટલાક સમયથી કાકા સસરા કુદ્રષ્ટિ નાખી રહ્યા હતા. કોઈપણ કારણ વગર ઘરમાં બેસી રહી પરણીતા સાથે વાત કરવાનો તેમજ સ્પર્શ કરવાનો પ્રયાસ કરતા હતા. પરિણીતાએ આ અંગે પતિ તેમજ સાસરિયાને જાણ કરતા કાકા સસરાને સમજાવવામાં આવ્યા હતા. પરંતુ ત્યાર પછી પણ તેમની હરકતો ચાલુ રહી હતી. બે દિવસ પહેલા પરિણીતા રાત્રે દરવાજો ખુલ્લો રાખીને સૂઈ રહી હતી ત્યારે કાકા સસરા ઘરમાં ઘૂસી આવ્યા હતા અને શારીરિક છેડછાડ કરતા પરિણીતાએ બુમરાણ મચાવી હતી. જેથી કાકા સસરા ભાગી ગયા હતા. કાકા સસરાને પાઠ ભણાવવા માટે પરિણીતાએ અભયમની મદદ લેતા તેમને નંદેસરી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ માટે મોકલવામાં આવ્યા છે.

# સૂઈગામના વૃદ્ધે 1971ના યુદ્ધના સંસ્મરણો વાગોળ્યાં, ગામડે ગામડે એક પોલીસ જવાન રહેતો હતો



જમ્મુ અને કાશ્મીરમાં આવેલા પહેલગામમાં થયેલા આતંકી હુમલા બાદ હાલમાં ભારત અને પાકિસ્તાન બોર્ડર ઉપર તણાવની પરિસ્થિતિ સર્જાઈ છે. ત્યારે સૂઈગામના ભરડવાના 83 વર્ષના એક વૃદ્ધે 1971માં થયેલા યુદ્ધના સમ તેમણે ભોગવેલી યાદોને તાજી કરી હતી. તેઓ તે વખતે ગામહે ગામડે જઈને રાતે ઘરોમાં દીવા નહીં કરવા લોકોને કહેવાનું કામ કરીને દેશ માટે કંઈક કરી છૂટયાનો સંતોષ મેળવતા હતા. ભારત અને પાકિસ્તાન વચ્ચે વર્ષ 1971માં યુદ્ધ થયું હતું. ત્યારબાદ હાલમાં પહલગામ આતંકી હુમલા બાદ બન્ને દેશો વચ્ચે તણાવની સ્થિતિ સર્જાઈ છે. ભારતના સૈન્યએ બહાદુરીપૂર્વક ઓપરેશન સિંદૂર કરીને પાકિસ્તાનને સબક શીખવાડયો છે. તેવામાં ભારત અને પાકિસ્તાન બોર્ડર ઉપર સૈન્યબળોની હલચલમાં વધારો થયો છે. તેવા સમયે 1971માં થયેલા યુદ્ધના સંસ્મરણો તાજી કરીને પાકિસ્તાની સરહદે આવેલાં સૂઈગામ તાલુકાના ભરડવા ગામના વતની અને નડેશ્વરી માતાના ભગત અરજણભાઈ પટેલે (83 વર્ષ) કહ્યું હતું કે, તે સમયે ગામડે ગામડે એક પોલીસ જવાન રહેતો હતો. શેરીએ શેરીએ જઈને તેઓ રાતે દીવા ના કરવા કહેતા હતા. લોકોમાં તે વખતે પણ ભય કે ફફડાટ ના હતો આજે પણ ભય કે ફફડાટ નથી. લોકો તે યુદ્ધના સમયે નડાબેટમાં એક હજાર સૈનિકો હતા. તેમનું જમવાનું તૈયાર હતું ને મેસેજ મળ્યો કે તરત સરહદે પહોંચી ગયા હતા. લીંબાળા ગામના રણછોડબા પગી અને જલોયા ગામના રેવાભાઈ ઠાકોર સૈન્ય ભેગા ગયા હતા. રણછોડભા પગી પેથાપરના વતની હતા. જેથી તેઓ જાણતા હતા કે તેમના થાણા ક્યાં છે અને સૈન્યને મદદરૂપ થતાં હતા. વધુમાં તેમણે જણાવ્યું કે 1971 વખતે આપણી એસ ટી બસ થરપારકરમાં પડી રહેતી હતી. નડાબેટ સરહદે વડ, ઘેરાણું, બુદેસર ચુડિયા બેરણ, થરપારકર (નગર) જેવા ગામો આવેલા છે.

# વિરમગામના થુલેટા ગામ નજીક દારૂ ભરેલી કાર પલટી મારી ગઇ



નળ સરોવર રોડથી આગળ થુલેટા ગામ જવાના રસ્તા ઉપર ગાડી પલટી મારી ગયેલી ગાડીમાંથી વિદેશી દારૂ અને બિયરના ટીન મળી રૂ.૨,૬૮,૮૨૯ના મુદ્દા માલ સાથે એક આરોપી ઝડપાઈ ગયો હતો બીજો આરોપી નાસી છૂટયો હતો. નળસરોવર પોલીસને માહિતી મળેલ કે નળ સરોવરથી આગળ થુલેટા ગામ જવાના રસ્તાની બાજુમાં બ્રેઝા ગાડી રોડની સાઈડમાં પલટી ખાઈ ગઇ છે. તેમાંથી વિદેશી દારૂ અને બિયરના ટીન વેરણછેરણ પડયા છે. ઘટના સ્થળે પોલીસ આવી અલગ અલગ બ્રાન્ડની વિદેશી દારૂ અને બિયરના ટીનની ૬૭૮ બોટ (કિં.રૂ. ૬૮,૮૨૯), ગાડી (કિં.રૂ.બે લાખ) કુલ રૂપિયા ૨,૬૮,૮૨૯ના મુદ્દામાલ સાથે ઈજાગ્રસ્ત આરોપી દેદારામ તગારામ મદાવા (રહે. પાનોરીયા, તા.બાડમેર રાજસ્થા)ની અટકાયત કરી હતી જ્યારે બીજો આરોપી ખેમરાજ જાટ (રહે. ચૌટાન, તા.બાડમેર,રાજસ્થાન) નાસી છૂટવામાં સફળ થયો હતો. પોલીસની તપાસમાં ગાડીમાં ખોટી નંબર પ્લેટ લગાવી હોવાનું જાણવા મળ્યું હતું. આ બનાવની વધુ તપાસ નળ સરોવર પોલીસ ચલાવી રહી છે. ઉલ્લેખનીય છે અગાઉ ૩જી મે ૨૦૨૫ના રોજ સાણંદ રાજસ્થાન પાસિંગ કારમાં ગુજરાત પાસિંગની નંબર પ્લેટ લગાવી દારૂની હેરાફેરી થતી હોવાનું ઝડપાયુ હતું.

# મોરબીની સગીરા પર દુષ્કર્મ કેસમાં આરોપીને પાંચ વર્ષની સજા



મોરબીની સગીરા સાથે વર્ષ ૨૦૧૭માં થયેલા દુષ્કર્મના બનાવમાં મોરબીની કોર્ટે આરોપી અને ગુનામાં મદદગારી કરનાર મહિલા સહિત ત્રણ શખ્સને પાંચ વર્ષની સજા ફટાકારી છે. કોર્ટે આરોપીઓને ચાર લાખનું વળતર ચુકવવા આદેશ કર્યો છે.

મોરબી શહેરી વિસ્તારમાં રહેતી ૧૫ વર્ષની સગીરાને વર્ષ ૨૦૧૭માં લલચાવી ફોસલાવી અપહરણ કરી ચોટીલા ખાતે લઈ જઈ એક શખ્સે વારંવાર દુષ્કર્મ આચર્યું હતું. આ ગુનામાં આરોપીને એક મહિલા સહિત અન્ય બે વ્યક્તીએ મદદગારી કરી હતી. આરોપીએ દુષ્કર્મ ગુજારી આ અંગે કોઈને જાણ કરશે તો સગીરા તેમજ તેના પરિવારને જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. આ મામલે મોરબી એ-ડિવીઝન પોલીસ મથકે દુષ્કર્મ આચરનાર સહિત ત્રણ શખ્સો સામે ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ હાથ ધરી હતી. આ અંગેનો કેસ મોરબીની વિશેષ ન્યાયાધીશ (પોક્સો કેસ) અને અધિક સેશન્સ જજની કોર્ટમાં વર્ષ ૨૦૧૭માં દાખલ થયો હતો.

જેમાં ફરિયાદીના વકીલની દલીલો તેમજ દસ્તાવેજી અને મોખિક પુરાવાઓને ધ્યાને લઈ મોરબી ફાસ્ટટ્રેક સ્પેશયલ કોર્ટ તેમજ પોક્સો કોટે સગીરા પર દુષ્કર્મ આચરનાર આરોપી કાંતિલાલ અવચરભાઈ ડાભી (રહે.કંડલા)ને તેમજ મદદગારી કરનાર જીવરાજભાઈ ધનજીભાઈ પરમાર (રહે.મોરબી) અને ભારતીબેન રામજીભાઈ હડીયલ (રહે.વાવડી રોડ, મોરબી)ને દોષિત ઠેરવી પાંચ વર્ષની સખત કેદની સજા તેમજ ભોગ બનનારને રૂા.૪ લાખ વળતર પેટે ચુકવવાનો હુકમ કર્યો છે.

# ભાવનગરમાં સ્વયંભૂ સજ્જડ બ્લેક આઉટ, વાહન વ્યવહાર ન થંભ્યો

: ભાવનગર શહેર અને જિલ્લામાં સિવિલ ડીફેન્સના ભાગરૂપે અર્ધો કલાકનું બ્લેક આઉટ અપાયું હતું. જેમાં લોકોએ સ્વયંભૂ સજ્જડ ઈલેક્ટ્રીક લાઈટોના ઉપકરણો બંધ રાખી બ્લેક આઉટના અભ્યાસને સફળ બનાવ્યો હતો. જો કે, વાહન વ્યવહાર રાબેતા મુજબ શરૂ રહેતા લોકોમાં કચવાટ પણ સાંભળવા મળ્યો હતો કેન્દ્રના ગૃહ વિભાગે ઓપરેશન અભ્યાસ સિવિલ ડીફેન્સ મોકડ્રિલ માટે જારી કરેલા નિર્દેશ મુજબ ભાવનગર શહેરમાં આજે બુધવારે સાંજે ૭-૪૫ કલાકે શહેરના વાઘાવાડી, ઘોઘાસર્કલ, ક.પરા, કુંભારવાડા, ચિત્રા ફુલસર, ૧૨ નંબરનું બસ સ્ટેન્ડ, રૂપમ ચોક, વિરાણી સર્કલ, સુભાષનગર ચોક, હિલપાર્ક ચોકડી, મિલેટ્રી સોસાયટી, માધવ દર્શન, તળાજા જકાતનાકા સહિતના વિસ્તારોમાં પોલીસ અને ફાયર વિભાગના વાહનો મારફત બે મિનિટ સાયરન વગાડવામાં આવ્યું હતું. લોકો સાયરન અને સમય જોઈને પોતાના રહેણાંક મકાનો, દુકાનો, કોમર્શિયલ બિલ્ડીંગ, ઓફિસોમાં લાઈટો બંધ કરી સજ્જડ બ્લેક આઉટમાં જોડાયા હતા. ત્યારબાદ રાત્રે ૮-૧૫ કલાકે ફરી એક મિનિટનું સાયરન વાગતા તેમજ સ્ટ્રીટલાઈટો શરૂ થતાં ઈલેક્ટ્રીક લાઈટના ઉપકરણો ફરી શરૂ કરી દીધા હતા. બ્લેક આઉટ દરમિયાન આકાશમાં ઉડતા ડ્રોન કેમેરાએ લોકોને કૂતુહલથી જોઈ તરેહ-તરેહની ચર્ચાઓ કરતા સાંભળવા મળ્યા હતા. ઉલ્લેખનિય છે કે,



પહલગામનો બદલો લેવા ભારતીય સેનાએ પીઓકેમાં ઘૂસી કરેલી એરસ્ટ્રાઈકથી દરેક ભાવનગરીઓનો સવારથી જ જુસ્સો સાતમા આસમાને હોય, બેવડાયેલા ઉત્સાહ સાથે શહેરીજનો બ્લેક આઉટની કવાયતમાં જોડાયા હતા. શહેર ઉપરાંત જિલ્લામાં પણ તાલુકા કક્ષા, ગામડે-ગામ લોકોએ સ્વૈચ્છિક અંધારપટ કરી દીધો હતો. વધુમાં બ્લેક આઉટ દરમિયાન વાહન વ્યવહાર થંભાવી રાખવાની કરાયેલી અપીલ નિષ્ફળ રહી હતી.

લોકો બિનજરૂરી પણ વાહનો લઈને રસ્તાઓ પર નીકળતા જોવા મળ્યા હતા. મોકડ્રિલ : તગડીમાં મિસાઈલ હુમલો, 2 ના મોત, 21 ને ઈજા ઘોઘા તાલુકાના તગડી ગામે આવેલી ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન લિ. ઉપર દુશ્મન દેશ દ્વારા મિસાઈલ હુમલો કરવામાં આવ્યો હતો. જિલ્લા વહીવટી અને પોલીસ તંત્ર દ્વારા આયોજીત એરસ્ટ્રાઈકની મોકડ્રિલમાં મિસાઈલના ધમાકાનો અવાજ થતાં સાયરનથી લોકોને સાવચેત કરી કલેક્ટર કચેરીના કંટ્રોલ રૂમને જાણ કરાઈ હતી. ત્યારબાદ પોલીસ, ફાયર, વહીવટી તંત્રના અધિકારીઓ, ભાવનગર રેલવેની સિવિલ ડીફેન્સની ટીમ વગેરેએ તાબડતોડ સ્થળ પર દોડી જઈ બચાવ કામગીરી હાથ ધરી ચાર ગંભીર સહિત ૨૧ ઈજાગ્રસ્તોને હોસ્પિટલ ખસેડયા હતા. મિસાઈલ હુમલામાં બે વ્યક્તિના મોત થયાની મોકડ્રિલ કરાઈ હતી.

# ભાવનગરમાં ધોધમાર 3 ઈંચ, માવઠાંથી તારાજી જેવી સ્થિતિ, આજે પણ રેડ એલર્ટ

સમગ્ર ગોહિલવાડમાં સતત ત્રીજા દિવસે આકાશમાંથી આફત વરસી હતી. ભાવનગર શહેરમાં બુધવારે રેડ એલર્ટની આગાહી વચ્ચે સવારથી લઈ બપોર સુધીમાં ધોધમાર ત્રણ ઈંચ કમોસમી વરસાદ વરસ્યો હતો. તો જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં વીજળીના કડાકા-ભડાકા અને પવન સાથે અડધોથી બે ઈંચ પાણી પડયું હતું. ત્રણ દિવસથી મેઘરાજાએ જિલ્લાને ધમરોળ્યું હોય, માવઠાંથી તારાજી જેવી સ્થિતિનું નિર્માણ થયું છે. દરમિયાનમાં આજે ગુરૂવારે પણ જિલ્લામાં રેડ એલર્ટ આપવામાં આવ્યું છે. ભાવનગર શહેરમાં મધરાત્રિના સમયે મિની વાવાઝોડા સાથે વરસાદ વરસ્યા બાદ આજે બુધવારે રેડ એલર્ટની આગાહી વચ્ચે વહેલી સવારે આઠ કલાક બાદ મેઘરાજાએ પુનઃ આગમન કરી ધોધમાર વરસાદ વરસાવવાનું શરૂ કર્યું હતું. માત્ર બે કલાકની અંદર જ સવા બે ઈંચ પાણી ખાબકી ગયા બાદ બપોરે 12:30 કલાક સુધી ધીમીગતિએ



વધુ એક ઈંચ જેટલો વરસાદ થતાં શહેરમાં કુલ ત્રણ ઈંચ પાણી વરસ્યું હતું.બપોરે બે કલાક બાદ ઉઘાડ નીકળતા શહેરીજનોને ત્રણ દિવસ બાદ સૂર્યનારાયણના દર્શન થયા હતા. ગારિયાધારમાં બપોરે વીજળીના કડાકા-ભડાકા સાથે 24 મિ.મી. વરસાદ ખાબક્યો હતો. તો, તાલુકાના પરવડી, નાની-મોટી વાવડી, પચ્છેગામ સહિતના ગ્રામ્ય પંથકમાં પણ વરસાદના વાવડ છે. જ્યારે ઉપરવાસમાં પણ ધોધમાર વરસાદ થતાં લુવારા ગામ પાસે આવેલી શેત્રુંજી નદીમાં નવા નીરની આવક થઈ હતી. સિહોરમાં સવારથી બપોર સુધીમાં મેઘગર્જના સાથે ધીમીધાર અને ઝાપટાં સ્વરૂપે અડધો ઈંચ વરસાદ બાદ ઉઘાડ નીકળ્યો હતો.જ્યારે, મહુવામાં મંગળવારે સાત ઈંચ વરસાદ બાદ આજે સવારે સાંજે ઝાપટાં સ્વરૂપે 14 મિ.મી.વરસાદ વરસ્યો હતો.વીજ તંત્રની ઘોર બેદરકારીના કારણે સાંજે સુધી ખોરવાયેલો વીજ પુરવઠો પૂર્વવત થયો ન હતો. તો, પાલિતાણામાં સતત ત્રીજા દિવસે ધોધમાર એક ઈંચ વરસાદ બાદ વાદળિયા વાતાવરણ વચ્ચે મેઘરાજાએ ખમૈયા કર્યા હતા. વરસાદના આગમનને પગલે થોડીવાર માટે વીજળી ડૂલ થઈ ગઈ હતી. ઉમરાળામાં સવારે ધીમીધારે અડધો ઈંચ વરસાદ વરસ્યા બાદ આખો દિવસ વરસાદી વાતાવરણ રહ્યું હતું. વલ્લભીપુરમાં પવન સાથે 17 મિ.મી. વરસાદી વરસી જતા બજારમાં રસ્તાઓ ઉપરી પાણી નીકળી ગયા હતા. સાથે જ વીજ તંત્રએ સતત ત્રીજા દિવસે શહેરને બાનમાં લીધું હોય તેમ આખો દિવસ વીજળી ડૂલ રહી હતી.જેસરમાં સતત બીજા દિવસે ધોધમાર વરસાદ થયો હતો. એક જ કલાકમાં અડધો ઈંચ પાણી ખાબકી જતાં ગામમાં પાણી-પાણી થઈ ગયું હતું. ઘોઘામાં પણ સવારથી બપોરના સમયગાળા વચ્ચે ધોધમાર 43 મિ.મી.વરસાદ વરસ્યો હતો.ઉપરાંત, તળાજામાં અડધો ઈંચ વરસેલા વરસાદે વીજ તંત્રની પોલ ખોલી હતી. પાવઠી રોડથી સરતાનપર બંદર વિસ્તારની સોસાયટીમાં ગતરોજ ખોરવાયેલો વીજ પુરવઠો આજે બપોર બાદ શરૂ થયો હતો. ઉલ્લેખનિય છે કે, રેડ એલર્ટ વચ્ચે આજે સમગ્ર જિલ્લામાં અડધોથી ત્રણ ઈંચ પાણી વરસતા ખેડૂતોને પડયા પર પાટું જેવો ઘાટ સર્જાયો છે. હજુ આવતીકાલ ગુરૂવારે પણ ભાવનગરમાં વરસાદનું રેડ એલર્ટ આપવામાં આવ્યું છે. જેણે જગતના તાતની ચિંતા વધારી છે.3 દિવસમાં સરેરાશ 62.2 મિ.મી. વરસાદ નોંધાયોભાવનગર જિલ્લામાં કમોસમી વરસાદના કારણે વૈશાખ માસના આકરા તાપની જગ્યાએ ડિસેમ્બર-જાન્યુઆરીની થથરાવતી ઠંડીનો અહેસાસ કરાવતું વાતાવરણ અનુભવાઈ રહ્યું છે. છેલ્લા ત્રણ દિવસથી સતત પડી રહેલા વરસાદના કારણે સરકારી ચોપડે જિલ્લામાં સરેરાશ 62.2 મિ.મી. વરસાદ નોંધાઈ ચુક્યો છે. તાલુકા પ્રમાણે જોઈએ તો મહુવામાં સૌથી વધુ 1૮4 મિ.મી., ભાવનગરમાં 126 મિ.મી., વલ્લભીપુરમાં 27 મિ.મી., ઉમરાળામાં 2૯ મિ.મી., ઘોઘામાં ૫૫ મિ.મી., સિહોરમાં 67 મિ.મી., ગારિયાધારમાં 43 મિ.મી., પાલિતાણામાં 3૮ મિ.મી., તળાજામાં 20 મિ.મી. અને જેસરમાં 33 મિ.મી. વરસાદ નોંધાયો છે.

# ગુજરાત પોલીસની મોટી કાર્યવાહી, 300 જેટલાં બાંગ્લાદેશી ઘૂસણખોરોને કર્યા ડિપોર્ટ

જમ્મુ-કાશ્મીરમાં પહલગામ હુમલાના બાદ ગુજરાત સરકાર પણ એલર્ટ થઈ ગઈ હતી. આ હુમલા બાદ ગુજરાતમાં ગેરકાયદે રહેતા ઘુસણખોરો સામે સરકારે લાલ આંખ કરી હતી. જેને લઈને અમદાવાદના ચંડોળા સહિત રાજ્યના અનેક જિલ્લામાંથી ઘુસણખોરોને વીણી-વીણીને શોધી કાઢ્યા હતાં. ત્યારબાદ તેમના ગેરકાયદે રહેઠાણો પર પણ બુલડોઝરની કાર્યવાહી કરવામાં આવી હતી. એવામાં હવે રાજ્યભરમાંથી પકડેલાં 300 જેટલાં બાંગ્લાદેશીઓના ડિપોર્ટેશનની કવાયત હાથ ધરી હતી. સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, આ બાંગ્લાદેશીઓને એરક્રાફ્ટ મારફતે તેમના દેશ પરત મોકલી દેવાયા છે. આ પણ વાંચોઃ આજે આ 10 જિલ્લામાં મેઘરાજા બોલાવશે ધડબડાટી, હજુ ત્રણ દિવસ સુધી નહીં કરે ખમૈયા અમદાવાદ-સુરતમાંથી ઝડપાયા બાંગ્લાદેશી ગેરકાયદે



બાંગ્લાદેશીઓને પકડવા માટે અમદાવાદ, સુરત જેવા જિલ્લામાં આપરેશન હાથ ધરાયું હતું. આ ઓપરેશનનમાં અમદાવાદમાંથી 800 અને સુરતમાંથી 134 બાંગ્લાદેશીઓ ઝડપાયા હતાં. આ તમામની અટકાયત કરી તેમના દસ્તાવેજો તપાસતા તેઓ બાંગ્લાદેશ છે અને ગેરકાયદે ઘુસણખોરી કરી રહેતા હતાં તેની પુષ્ટિ કરાઈ હતી. સુરતના 134માંથી 90 વ્યક્તિએ ગેરકાયદે ઘુસણખોરી કરી હોવાની પુષ્ટિ થઈ હતી. બીજી બાજું અમદાવાદમાં 800માંથી 200 જેટલા લોકો ગેરકાયદે ઘુસણખોરી કરવાનું સામે આવ્યું હતું. આ તમામને ગુપ્ત રીતે રાજ્ય સરકારે પોતાના વતન પરત મોકલી દીધા છે. આ પણ વાંચોઃ ધોરણ 10નું 83.08% પરિણામ, બનાસકાંઠા જિલ્લાનું સૌથી વધુ રિઝલ્ટ, આ રીતે ચેક કરો હવાઈ માર્ગે કરાયા ડિપોર્ટ મળતી માહિતી મુજબ, ગુજરાત પોલીસે બાંગ્લાદેશીઓને વતન પરત મોકલવાની કાર્યવાહી હાથ ધરી હતી. આ આખુંય ઓપરેશન રાજ્ય સરકારની સીધી સૂચનાથી ગુપ્ત રીતે કરવામાં આવ્યું હતું. અમદાવાદ, સુરત સહિત રાજ્યભરમાંથી બાંગ્લાદેશીઓને બસમાં ભરીને એસ્કોર્ટિંગ સાથે વડોદરા લઈ જવાયા હતાં અને ત્યારબાદ ત્યાંથી તેમને હવાઈ માર્ગે ડિપોર્ટ કરવામાં આવ્યા હતાં.

# ખેડા જિલ્લામાં અકસ્માતના 5 બનાવમાં આધેડનું મોત

નડિયાદ, ચકલાસી, મહેમદાવાદ પાસે અકસ્માતના પાંચ બનાવમાં એક અજાણ્યા વૃદ્ધનું સારવાર દરમિયાન મોત થયું હતું. જ્યારે સાત લોકોને ઈજા થઇ હતી. આ મામલે પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

મહેમદાવાદની ખાત્રક ચોકડીથી ખેડા રોડ પર સરસ્વતી પાટિયા પાસે તા.૨૪.૪.૨૦૨૫ના રાત્રે મયુર નટુ ઝાલા બાઈક લઈને જતા હતાય ત્યારે અજાણ્યા શખ્સે વાહન ચાલકને ટક્કર મારી હતી. ઈજાગ્રસ્ત અજાણ્યા શખ્સને સારવાર માટે અમદાવાદ ખસેડતા મોત નિપજ્યું હતું. આ મામલે મહેશ નટુ ઝાલાએ મહેમદાવાદ પોલીસે અજાણ્યા વાહન ચાલક સામે ફરિયાદ નોંધાવી છે. નડિયાદના સુરાશામળમાં રહેતા લાલજી ઉર્ફે એલ.કે. ઝાલા અને તેમના ભત્રિજા સુરેશ ઝાલા બાઈક પર દેવનગરમાં શાકભાજીના બાકી પૈસા લેવા ગયા હતા ત્યારે બાઈક પર પરત આવતા સુરા શામળ મોટી કેનાલ પાસે રોડ પર શ્વાન આવી જતા બ્રેક મારતા લાલાજી ઝાલા રોડ પર પડતા ઈજા થઈ હતી. નડિયાદના અમરનાથ સોસાયટીમાં રહેતા હેત રાજેન્દ્ર પટેલ બપોરે એક્ટિવા લઈ તેના પપ્પાને ટિફિન આપવા જતો હતો આ દરમિયાન કોર્ટ સામે મોટરસાયકલ ચાલકે રોડ ક્રોસ કરી એકટીવા સાથે અથડાવતા




હેત પટેલને ઈજા થઈ હતી. આ ઉપરાંત નડિયાદના કબીરપુરામાં રહેતા પ્રકાશ ખેંગાર સરગરા મારવાડી તેના ભાઈ મુકેશ દરગાજી મારવાડીની મોટર સાયકલ પર ડુમરાલથી નડિયાદ આવતા હતા ત્યારે મુકેશભાઈ દરગાજી મારવાડી નશો કરેલી હાલતમાં હોવાથી સામેથી આવતી એક્ટિવા સાથે અથડાવી હતી. જેથી બંને વાહનના ચાલક મુકેશ દરગાજી, પ્રકાશ ખેંગાર સરગરા તેમજ એક્ટિવા ચાલક દીપક નવરોજીને ઈજા થતા સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. આ બનાવ અંગે પ્રકાશ ખેંગાર સરગરાએ ફરિયાદ નોંધાવી છે. નડિયાદના અરેરીની મુવાડીમાં રહેતા ડાયાભાઈ સોઢાની દીકરી આરતી વરઘોડો જોવા ગઈ હતી. આ દરમિયાન થાકી જતાં રોડની ડિવાઈડરની પાળી પર બેઠી હતી ત્યારે ઉભી થવા જતા ટ્રક ચાલકે આરતીના પગ ઉપર ટ્રકનું પાછળનું ટાયર ચડાવી દેતા ઈજા થઈ હતી.આ અકસ્માત સર્જાતા ટ્રક ચાલક ટ્રક મૂકી નાસી ગયો હતો. આ બનાવ અંગે ડાયાભાઈ જૂગાભાઈ સોઢાની ફરિયાદ આધારે નડિયાદ ગ્રામ્ય પોલીસે ગુનો નોંધી કાયદેસર કાર્યવાહી હાથ ધરી હતી.

## ધો.10ની પરીક્ષાનું આજે પરિણામ, 19833 વિદ્યાર્થીના ભાવિનો ફેંસલો

ગઇ તા.૨૭ ફેબ્રુઆરીથી ગુજરાત શિક્ષણ બોર્ડ દ્વારા લેવાયેલ ધો.૧૦ અને સંસ્કૃત પ્રથમાની પરીક્ષાનું પરિણામ ટૂંકા સમયગાળામાં તા.૮ના રોજ સવારે ૮ કલાકે ઓનલાઇન જાહેર કરાશે જેથી ભાવનગર જિલ્લાના નોંધાયેલ ૧૯,૮૩૩ વિદ્યાર્થીઓનું ભાવિ ખુલશે. મળતી વિગતો મુજબ ગુજરાત મા. અને ઉ.મા. શિક્ષણ બોર્ડ દ્વારા ગત ૨૭ ફેબ્રુઆરીથી ધો.૧૦ અને સંસ્કૃત પ્રથમાની પરીક્ષા લેવાઇ હતી. જે ભાવનગરના ૨૦ કેન્દ્રોના ૭૬ બિલ્ડીંગમાં લેવાઇ હતી. જેના ભાવિનો ફેંસલો આજે તા.૮ના રોજ થશે. પરિણામ સબંધી બોર્ડે જાહેર કરેલા પરિપત્રમાં જણાવ્યું છે કે સવારે ૮ કલાકથી વિદ્યાર્થી બોર્ડની નિશ્ચિત વેબસાઇટ પર પરીક્ષાનો




બેઠક ક્રમાંક ભરીને પરિણામ મેળવી શકશે. વિદ્યાર્થીના ગુણપત્રક અને એસઆર નકલ શાળાવાર મોકલવા અંગેની વિગતો હવે પછીથી જાહેર કરવામાં આવશે. ગુણ ચકાસણીની અરજી ઓનલાઇન તથા પરિણામ બાદ નામ સુધારાની દરખાસ્ત પણ કરી શકાશએ. આમ એક તબક્કે ગત વર્ષે સુરેન્દ્રગર જિલ્લાનું ૮૩.૮૩ ટકા પરિણામ આવ્યું હતું. જ્યારે આ વર્ષે પરિણામ ઉંચુ આવે તેવી શક્યતા વધી છે.

# વિશ્વામિત્રી પ્રોજેક્ટના કામમાં અનેક જગ્યાએ તિરાડો-ભંગાણ, 180 કરોડની ગ્રાન્ટ CMએ કરી હતી મંજૂર

વડોદરાની મધ્યમાંથી પસાર થતી વિશ્વામિત્રી નદીમાં ગત ચોમાસા દરમિયાન ભારે પૂર આવ્યા બાદ રાજ્ય સરકારે પાવાગઢથી પીંગલવાડા સુધી વિશ્વામિત્રી નદી ઊંડી અને પહોળી કરવાની કામગીરી શરૂ કરાવી છે. ત્યારે છેલ્લા બે દિવસથી વાવાઝોડુ અને માત્ર દોઢ ઈંચ વરસાદ પડયો અને વિશ્વામિત્રી નદીના મુખ્ય કાંઠામાં ઠેર ઠેર માટીનું ધોવાણ થઈ ગયું છે એટલું જ નહિ કારેલીબાગ વિસ્તારનું નદીનું વહેણ પણ બદલાઈ ગયું છે. વડોદરા શહેરની મધ્યમાંથી પસાર થતી વિશ્વામિત્રી નદીમા દર બે ત્રણ વર્ષે પૂર આવતું હોવાથી લોકોને કરોડો રૂપિયાનું નુકસાન થતું રહ્યું છે. ગત ચોમાસામાં વડોદરા શહેરમાં ભારે પૂર આવ્યુ ત્યારે જે વિસ્તારમાં વિશ્વામિત્રી નદી પસાર થતી ન હતી તેવા વિસ્તારોમાં પણ પૂરના પાણી ફરી વળ્યા હતા અને ચાર થી પાંચ દિવસ સુધી લોકોને ઘરમાં પૂરાઈ રહેવું પડયું હતું. તે સમયે ગૃહરાજ્યમંત્રી, કેટલાક ધારાસભ્યો અને કોર્પોરેટરોનો ઘેરાવો થયો હતો. ત્યારબાદ રાજ્ય સરકારે વિશ્વામિત્રી પ્રોજેક્ટ માટે નવલાવાલાના અધ્યક્ષસ્થાને તજજ્ઞોની સમિતિ બનાવી હતી. બુધવારે મળસ્કે ચાર વાગ્યાથી ભારે વરસાદ શરૂ થયો જે બપોર સુધી ચાલુ રહ્યો હતો. દિવસ દરમિયાનમાં માત્ર દોઢ ઈંચ વરસાદ નોંધાયો તેમ



છતાં વિશ્વામિત્રી નદીના મુખ્ય કાંઠા પર હરણીથી મુંજમહુડા સુધીના વિસ્તારમાંથી પસાર થતી વિશ્વામિત્રી નદીના મુખ્યપ્રવાહના બંને કાંઠા પર જ્યાંથી માટી ખોદકામ અને વૃક્ષો કાપવામાં આવ્યા છે તે સ્થળોએ માટીનું ધોવાણ થયાનું જાણવા મળે છે. નદીના પાળામાં ભંગાણ પડતા કોતરનું પાણીનું વહેણ બદલાયું મંગલપાંડે બ્રિજથી અગોરા મોલ સુધીના રસ્તા પર વિશ્વામિત્રી નદીની કોતરોની ખાનગી માલિકીની જમીનો ખુલ્લી પડી છે તેમાં ભરાતુ પાણી અગોરા મોલની બાજુમાં આવેલી વિશ્વામિત્રી નદીની પ્રશાખામાં થઈ ઈએમઈ થઈ આગળના ભાગે વિશ્વામિત્રીમાં પાણી ઠલવાતું હતું. મંગલપાંડે બ્રિજથી અગોરા મોલ વચ્ચેના ભાગમાં વિશ્વામિત્રીના મુખ્ય કાંઠાની માટી ખોદકામ કરવામાં આવતા કેટલીક જગ્યાએ માટીનું ધોવાણ થયું છે તેમાં અગોરાની આજુબાજુની કોતરોનું પાણી જે અગોરાની બાજુમાં આવેલી વિશ્વામિત્રી નદીની પ્રશાખામાંથી નિકાલ થતો હતો. તે પાણીનો જથ્થો હવે વિશ્વામિત્રી નદીના મુખ્ય પ્રવાહમાં ઠલવાઈ રહ્યો છે જેથી માટીના ખોદકામ બાદ નદીના કાંઠામાં મોટુ ગાબડુ પડયું છે. જીઓ ટેક્સટાઈલ સિસ્ટમ લગાવી છતાં માટીનું ધોવાણ વિશ્વામિત્રી પ્રોજેક્ટ નિહાળવા મુખ્યમંત્રી કારેલીબાગ મંગલપાંડે બ્રિજ પાસે આવ્યા હતા ત્યારે કોર્પોરેશને માટી ખોદકામ બાદ ભવિષ્યમાં માટીનું ધોવાણ થાય નહીં તે માટે મંગલપાંડે બ્રિજથી કારેલીબાગ બ્રિજ સુધી માટી ઉપર જીઓ ટેક્સટાઈલ કોઈર વુવન સિસ્ટમ એટલે કે ખાસ પ્રકારના ઘાસની ચાદર પાથરવામાં આવી હતી તે ઘાસ લગાવ્યું હોવા છતાં તે સ્થળ પર અનેક જગ્યાએ માટીનું ધોવાણ થઈ ગયાનું અને માટીના પાળામાં અસંખ્ય તિરાડો પડી ગઈ છે. બ્રિજની મજબૂતી માટે ગેબેડિયન દીવાલ બનશેવિશ્વામિત્રી પ્રોજેક્ટની ઝડપભેર ચાલતી કામગીરીને કારણે નદી પર આવેલા બ્રિજની આજુબાજુમાં પણ માટી ખોદકામ થવાથી બ્રિજના પાયાને અસર પહોંચે તેવી સ્થિતિ સર્જાઈ છે. તાજેતરમાં મુખ્યમંત્રી વડોદરાની મુલાકાતે આવ્યા હતા ત્યારે તેમણે પણ બ્રિજની મજબૂતાઈ માટે ગાંધીનગરના અગ્ર સચિવ સાથે ચર્ચા વિચારણા કરી માર્ગદર્શન મેળવવા જણાવ્યું હતું. દરમિયાનમાં કોર્પોરેશનમાંથી જાણવા મળતી માહિતી પ્રમાણે વિશ્વામિત્રી પ્રોજેક્ટ માટે રાજ્ય સરકારે રૂા. 180 કરોડની સહાય ફાળવી છે. વિશ્વામિત્રી નદી પર આવેલા સમા, મંગલપાંડે કારેલીબાગ, નરહરિ, કાલાઘોડા, ભીમનાથ, દાંડિયાબજાર-અકોટા, મુજમહુડા, માંજલપુર, કલાલી બ્રિજની આજુબાજુમાં મોટી ખોદકામ થયા બાદ બ્રિજને નુકસાન થાય નહિ તેને ધ્યાનમાં રાખી બ્રિજની આજુબાજુમાં મજબૂતાઈ માટે ગેબેડિયનની દીવાલ(મોટા પથ્થરોની દીવાલ) બનાવવાનું આયોજન કર્યું છે. રાજ્ય સરકારે રૂા. 180 કરોડની ગ્રાન્ટ આપી છે તેમાંથી બ્રિજના મજબૂતી કરણ પાછળ પણ નાણાં ખર્ચાશે.


# શરદ કેલકર 'જય ભવાની, જય શિવાજી' ગીતથી છવાઈ ગયો:એક્ટરે કહ્યું- મહારાજનો ઇતિહાસ નવી પેઢી સુધી પહોંચાડવો છે; લાંબી સિરીઝ બનાવવાનું સ્વપ્ન

એક્ટર શરદ કેલકરે ટીવીથી શરૂઆત કરી હતી અને મોટા પડદા પર પોતાની ઓળખ બનાવી છે. શરદે માત્ર એક એક્ટર તરીકે જ નહીં પરંતુ અવાજની દુનિયામાં પણ નામ બનાવ્યું છે. ફિલ્મ 'બાહુબલી'માં તેમનો શક્તિશાળી અવાજ દર્શકોના મનમાં વસેલો છે. આ એક્ટર તેની ઐતિહાસિક ભૂમિકાઓ માટે પણ જાણીતો છે.હાલમાં શરદ 'જય ભવાની, જય શિવાજી..' ગીતમાં જોવા મળે છે. આ ગીતને દર્શકોનો પણ પ્રેમ મળી રહ્યો છે. દિવ્ય ભાસ્કર સાથેની વાતચીતમાં શરદે પોતાની મહત્ત્વાકાંક્ષાઓ અને પડકારો વિશે વાત કરી છે.શરદ, આ વખતે તમે તમારા ચાહકો માટે 'જય ભવાની, જય શિવાજી' ગીત લાવ્યા છો. કેવું અનુભવી રહ્યા છો?'મને ખૂબ સારું લાગે છે. આ એક એવો વિચાર છે જે મારા મનમાં ઘણા સમયથી હતો. 'તાનાજી ધ અનસંગ વોરિયર' ફિલ્મ કર્યા પછી આ લાગણી વધુ બળવત્તર બની ગઈ. મને જ્યાં પણ તક મળી, મેં આ કહ્યું. પછી એક તક ત્યારે આવી જ્યારે અભિષેક ઠાકુર અને કશિશ મ્યુઝિકે મને કહ્યું કે- 'અમે મહારાજ પર એક ગીત બનાવી રહ્યા છીએ. શું તમે તેનો ભાગ બનવા માગો છો?'- મેં તરત જ હા પાડી દીધી."હું ઈચ્છું છું કે મહારાજની છબી અને તેમનું વ્યક્તિત્વ દેશના ખૂણે ખૂણે પહોંચે. દેશની બહાર પણ તેમના ઘણા અનુયાયીઓ છે, જેઓ તેમના ઉપદેશોમાં વિશ્વાસ રાખે છે, આ ગીત તેમના સુધી પહોંચ્યું. હવે સમયની માગ એ છે કે આપણે આપણા દેશ અને ઈતિહાસ પ્રત્યે મહારાજ જેવી લાગણી રાખીએ. આવી સ્થિતિમાં, આ મારો નાનો પ્રયાસ




છે. કૈલાશ ખેરે આ ગીત ખૂબ જ સુંદર રીતે ગાયું છે.'શરદના આ ગીતને અત્યાર સુધીમાં 6.4 મિલિયનથી વધુ વ્યૂઝ મળી ચૂક્યા છે.શરદના આ ગીતને અત્યાર સુધીમાં 6.4 મિલિયનથી વધુ વ્યૂઝ મળી ચૂક્યા છે.'મને યાદ છે કે જ્યારે હું શાળામાં ભણતો હતો, ત્યારે પાઠ્યપુસ્તકમાં શિવાજી મહારાજ પર ફક્ત એક નાનું પ્રકરણ આવતું હતું. તાજેતરમાં હું રાજ્ય સરકાર પાસે ગયો અને તેમને કહ્યું કે જો આપણા પાઠ્યપુસ્તકોમાં છત્રપતિ શિવાજી પર એક સંપૂર્ણ પુસ્તક હોય, તો આપણે બધાને તેમાંથી ઘણી પ્રેરણા મળશે.'શરદ, દર્શકો તેમના ભવ્ય ઈતિહાસને પડદા પર જોઈને ભાવુક થઈ જાય છે. તો જ્યારે તમે આ ગીત ગાતા હતા ત્યારે કોઈ ભાવનાત્મક ક્ષણ અનુભવાઈ?'મેં પહેલા પણ કહ્યું હતું કે જ્યારે મેં 'તાનાજી ધ અનસંગ વોરિયર' કર્યું હતું, ત્યારે મેં તે ભૂમિકા ભજવવા ખાસ પ્રયાસ કર્યો ન હતો, તે બસ એમ જ ભજવાઈ ગઈ હતી. જ્યારે પણ અમે અમારા જૂના કામને યાદ કરીએ છીએ, ત્યારે અમને સેટ સાથે જોડાયેલી ઘણી બધી બાબતો યાદ આવે છે. તેમાં પડકારો પણ સામેલ છે. પણ મને યાદ નથી કે તાનાજીના સેટ પર આવું કંઈ બન્યું હોય. ડિરેક્ટર મને પાત્ર વિશે બ્રીફિંગ આપતા અને હું તે કરી દેતો. કદાચ, મહારાજના આશીર્વાદ મારા પર હતા."આ ગીતમાં પણ કંઈક આવું જ બન્યું. અમે એપ્રિલના પહેલા અઠવાડિયામાં તેનું શૂટિંગ કર્યું. સામાન્ય રીતે એપ્રિલમાં બહુ ગરમી હોતી નથી પણ તે સમયે ખૂબ ગરમી હતી. અમે બધા ખુલ્લામાં ખડકાળ જમીન પર તડકામાં શૂટિંગ કરી રહ્યા હતા. કોઈપણ વિક્ષેપ વિના,આખી ટીમે બે દિવસમાં ગીત પૂર્ણ કર્યું. હું માનું છું કે આ મહારાજની કૃપા છે."'જય ભવાની, જય શિવાજી' ગીત માટે તમને મળેલી સૌથી સુંદર પ્રશંસા કઈ છે?'આ ગીત માટે મને ઘણી પ્રશંસા મળી.

# એક્ટ્રેસનું ટ્રાન્સફોર્મેશન જોઈ ફેન્સ ચોક્યાં, સોશિયલ મીડિયા યુઝર્સે કહ્યું- ઓળખાતી પણ નથી!



સોશિયલ મીડિયા ઈન્ફ્લુએન્સર અને એક્ટ્રેસ કુશા કપિલા અનેક વખત તેના અંગત જીવનના કારણે ચર્ચામાં રહી છે. પરંતુ હાલ એક્ટ્રેસ તેના ટ્રાન્સફોર્મેશન વીડિયો કારણે લાઈમલાઈટમાં આવી છે. કુશાનો એક વીડિયો વાઈરલ થઈ રહ્યો છે, જેમાં તે બિલકુલ ઓળખાઈ રહી નથી. વીડિયો સામે આવ્યા બાદ કેટલાક લોકો એવો દાવો કરી રહ્યા છે કે- કુશા કપિલાએ જો-લાઈન સર્જરી (જડબાના ભાગની સર્જરી) કરાવી છે.કુશા કપિલાનો નવો લુક વાઈરલ ઈન્સ્ટાગ્રામ પર એક્ટ્રેસ કુશા કપિલાનો એક વીડિયો સામે આવી રહ્યો છે, જેમાં તે પાપારાઝીને પોઝ આપી રહી છે. પરંતુ આ વાત સામાન્ય એટલા માટે નથી કારણ કે એક્ટ્રેસનો લુક જોઈને દરેક વ્યકિત ચોંકાવી ગયો હતો. ચહેરા પરના હાવભાવથી લઈને તેની સ્માઈલમાં એકદમ બદલાવ જોવા મળી રહ્યો હતો. આ વીડિયો સામે આવતા જ સોશિયલ મીડિયા પર વાઈરલ થઈ ગયો હતો.નવો લુક સામે આવતા જ ફેન્સ ચોંકી ગયા એક્ટ્રેસનો નવો લુક જોઈ ફેન્સ ખૂબ જ ખુશ થયા હતા. એક યુઝરે વીડિયોમાં લખ્યું- ખૂબસૂરત.


# ડિરેક્ટર રાજ નિદિમોરુ સાથે ફોટો પોસ્ટ કર્યો, કેપ્શનમાં લખ્યું- નવી શરૂઆત



સામંથા રૂથ પ્રભુ આજકાલ પોતાની લવ લાઈફને કારણે સમાચારમાં છે. તેણે 2017માં એક્ટર નાગ ચૈતન્ય સાથે લગ્ન કર્યા હતા. પરંતુ 2021માં તેમના છૂટાછેડા થઈ ગયા. તાજેતરમાં તેનું નામ ડિરેક્ટર રાજ નિદિમોરુ સાથે જોડાઈ રહ્યું છે. આ દરમિયાન, સામંથાએ સોશિયલ મીડિયા પર કેટલીક તસવીરો શેર કરી છે, જેમાં રાજ નિદિમોરુ પણ જોવા મળી રહ્યો છે.આ તસવીરો સામંથા રૂથ પ્રભુએ તેના ઈન્સ્ટાગ્રામ પર શેર કરી છે. તસવીરોમાં રાજ સ્માઈલ સાથે તેના ડોગ સાથે રમી રહ્યો છે. જ્યારે બીજી તસવીરમાં, સમન્થા અને રાજ સાથે સેલ્ફી લેતા જોવા મળે છે. તેના કેપ્શનમાં એક્ટ્રેસે લખ્યું, 'સફર લાંબી હતી, પણ આખરે અમે અહીં પહોંચી ગયા.' એક નવી શરૂઆત.સામંથા રૂથ પ્રભુની પોસ્ટ બાદ અટકળો શરૂસામંથા રૂથ પ્રભુની પોસ્ટ બાદ અટકળો શરૂએક્ટ્રેસે ડિરેક્ટર રાજ નિદિમોરુની તસવીર શેર કરીએક્ટ્રેસે ડિરેક્ટર રાજ નિદિમોરુની તસવીર શેર કરીફેન્સનું રિએક્શન સામંથાની પોસ્ટ જોઈને ચાહકો ખૂબ ખુશ થઈ ગયા.

# 'કંટારા-2'ના જુનિયર આર્ટિસ્ટનું શંકાસ્પદ મોત:નદીમાંથી મૃતદેહ મળ્યો હતો, AICWAએ તટસ્થ તપાસની માગ કરી; ટીમે કહ્યું- ડૂબી જવાથી મૃત્યુ થયું

ઋષભ શેટ્ટી અભિનિત ફિલ્મ 'કંટારા 2' ના શૂટિંગ દરમિયાન, ફિલ્મમાં કામ કરી રહેલા જુનિયર કલાકાર એમએફ કપિલનું અવસાન થયું. જેને પ્રોડક્શન ટીમ અકસ્માત મૃત્યુ ગણાવી રહી છે, ત્યારે AICWA ( ઓલ ઈન્ડિયા સિને વર્કર્સ એસોસિએશન) એ આ મામલે કડક કાર્યવાહીની માગ કરી છે.રિપોર્ટ અનુસાર, કપિલનું મૃત્યુ 6 મે, 2025 ના રોજ સૂર્નિકા નદીમાં ડૂબી જવાથી થયું હતું. ફિલ્મના નિર્માતા ઋષભ શેટ્ટીના જણાવ્યા અનુસાર, કપિલ નદીમાં તરવા ગયો હતો, પરંતુ તેના કારણે તેનું મોત થયું. એવું કહેવામાં આવી રહ્યું છે કે લંચ બ્રેક પછી, કપિલ કોલ્લુરમાં સૌપર્ણિકા




નદીમાં તરવા ગયો હતો પરંતુ જોરદાર પ્રવાહમાં તે વહી ગયો હતો. ફાયર વિભાગ અને સ્થાનિક વહીવટીતંત્રે તાત્કાલિક બચાવ કામગીરી શરૂ કરી અને સાંજે તેનો મૃતદેહ મળી આવ્યો. આ કેસમાં કોલ્લુર પોલીસ સ્ટેશનમાં એફઆઈઆર નોંધવામાં આવી છે અને તપાસ ચાલી રહી છે.જુનિયર કલાકાર એમએફ કપિલનું અવસાનજુનિયર કલાકાર એમએફ કપિલનું અવસાનતમામ સંભવિત કારણોની તપાસ કરવા અપીલ કરી AICWA એ કર્ણાટકના મુખ્યમંત્રી સિદ્ધારમૈયાને આ મામલાની યોગ્ય તપાસ કરાવવાની અપીલ કરી છે. ફિલ્મ સેટ પર વારંવાર થતા મૃત્યુ અંગે એસોસિએશને ઊંડી ચિંતા વ્યક્ત કરી છે. એસોસિએશનનું કહેવું છે કે અગાઉ પણ 'ઇન્ડિયન 2' અને 'સરદાર 2' જેવી ફિલ્મોના શૂટિંગ દરમિયાન અકસ્માતો થયા છે અને ગયા નવેમ્બરમાં બસ અકસ્માતમાં 20 જુનિયર કલાકારોના મૃત્યુને પણ યોગ્ય રીતે દર્શાવવામાં આવ્યું ન હતું. AICWA ને શંકા છે કે કપિલના મૃત્યુનું સાચું કારણ સંપૂર્ણપણે બહાર આવ્યું નથી. એસોસિએશને તમામ સંભવિત કારણોની તપાસ કરવાની અપીલ કરી છે.AICWA એ આરોપ લગાવ્યો હતો કે ફિલ્મ ઉદ્યોગમાં, આવી ઘટનાઓ પાછળના વાસ્તવિક કારણો પર ઘણીવાર ઢાંકપિછોડો કરવામાં આવે છે અને જે લોકો સત્ય ઉજાગર કરવાનો પ્રયાસ કરે છે તેમને ધમકી આપવામાં આવે છે. એસોસિએશનનું કહેવું છે કે આવા કાળા કૃત્યો હવે બંધ થવા જોઈએ અને કપિલના પરિવારને ન્યાય મળવો જોઈએ.એસોસિએશને પરિવારને 1 કરોડ રૂપિયાના વળતરની માગ કરી AICWA એ કર્ણાટકના મુખ્યમંત્રી સિદ્ધારમૈયાને આ મામલાની નિષ્પક્ષ અને ઉચ્ચ સ્તરીય તપાસનો આદેશ આપવા અપીલ કરી છે. એસોસિએશને ઋષભ શેટ્ટી અને તેના પ્રોડક્શન હાઉસ સામે FIR નોંધવાની પણ માંગ કરી છે. આ સાથે, AICWA એ ₹કાંતારા 2₹ ના નિર્માતાઓ પાસેથી કપિલના પરિવારને 1 કરોડ રૂપિયાનું વળતર ચૂકવવાની માગ કરી છે.'કંતારા'નો પહેલો ભાગ 2022 માં આવ્યો હતો'કંતારા'નો પહેલો ભાગ 2022 માં આવ્યો હતોનોંધનીય છે કે, કંતારા 2 ના સેટ પર અકસ્માત થયો હોય તેવી આ પહેલી ઘટના નથી. તાજેતરમાં, શૂટિંગ સ્થળ પરથી પરત ફરતી વખતે જુનિયર કલાકારોને લઈ જતી બસ પલટી ગઈ હતી અને ભારે તોફાન અને વરસાદને કારણે સેટને પણ નુકસાન થયું હતું. 'કંતારા 2' એ કંતારા સિરીઝનો બીજો ભાગ છે.

# શાહિદ કપૂરે 'ઓપરેશન સિંદૂર' પર પોસ્ટ કર્યું, બાદમાં કેપ્શન ડિલીટ કરી કમેન્ટ્સ રિસ્ટ્રિક્ટ કરી નાખી

પહેલગામ આંતકવાદી હુમલાના 15 દિવસ બાદ ભારતે પાકિસ્તાનમાં એરસ્ટ્રાઈક કરી. ભારત દ્વારા કરવામાં આવેલી આ જવાબી કાર્યવાહીને 'ઓપરેશન સિંદૂર' નામ આપવામાં આવ્યું છે. ઘણાં બોલિવૂડ સેલેબ્સ આ ઓપરેશનની



સફળતા પર પ્રતિક્રિયા આપી રહ્યા છે. તેવામાં તાજેતરમાં એક્ટર શાહિદ કપૂરે પણ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઈન્સ્ટાગ્રામ પર એક પોસ્ટ શેર કરી. જોકે, તેની થોડી જ ક્ષણોમાં એક્ટરે પોસ્ટમાં એડિટ કરીને કેપ્શન દૂર કરી દીધું હતું.શાહિદ કપૂરે આ કેપ્શન સાથે પોસ્ટ કરી હતીશાહિદે અગાઉ આ કેપ્શન સાથે પોસ્ટ કર્યું હતું કે, 'ભારત ઉશ્કેરાતું નથી પણ ભારત ક્યારેય ભૂલતું નથી.'શાહિદે અગાઉ આ કેપ્શન સાથે પોસ્ટ કર્યું હતું કે, 'ભારત ઉશ્કેરાતું નથી પણ ભારત ક્યારેય ભૂલતું નથી.'શાહિદ કપૂરે પોતાના ઓફિશિયલ ઈન્સ્ટાગ્રામ હેન્ડલ પર ભારતીય વાયુ સેનાના એરક્રાફ્ટ 'રાફેલ'નો ફોટો પોસ્ટ કરીને કેપ્શન લખ્યું હતું, 'ભારત ઉશ્કેરાતું નથી પણ ભારત ક્યારેય ભૂલતું નથી.' કેપ્શનમાં તેણે ત્રિરંગાનું ઈમોજી રાખીને હેશટેગ 'ઓપરેશનસિંદૂર' પોસ્ટ કર્યું હતું.શાહિદે અગમ્ય કારણોસર પોસ્ટને એડિટ કરીજોકે, થોડી વાર બાદ તેણે પોતાની પોસ્ટને એડિટ કરી નાખી હતી. હાલમાં તેણે 'રાફેલ'નો ફોટો નીચેથી કેપ્શન હટાવી દીધું છે. હવે માત્ર ઈન લખ્યા બાદ હેશટેગ 'ઓપરેશનસિંદૂર' પોસ્ટ કરેલું છે. સાથે જ એક્ટરે પોસ્ટ પરની કમેન્ટ્સ પણ રિસ્ટ્રિક્ટ કરી દીધી છે. આ પોસ્ટને અત્યારસુધીમાં સાડા છ લાખથી વધુ લાઇક મળી ચૂકી છે. ત્યારે એક્ટરે શા માટે પોસ્ટમાંથી કેપ્શન હટાવ્યું તે અંગે કોઈ ખૂલાસો કરવામાં આવ્યો નથી.સેલેબ્સે 'ઓપરેશનસિંદૂર' પર પ્રતિક્રિયાઓ આપી હતી'ઓપરેશનસિંદૂર'ની સફળતા બાદ બોલિવૂડ અને ટેલિવિઝન ઈન્ડસ્ટ્રીમાંથી ઘણાંબધાં સેલિબ્રિટીઓએ પોતાના સોશિયલ મીડિયા અકાઉન્ટ્સ પરથી વિવિધ પ્રતિક્રિયાઓ આપી હતી અને ભારતીય સેના

# ઓપરેશન સિંદૂર પર ફવાદ-માહિરાના નિવેદનથી AICWA ગુસ્સે ભરાયું



પહેલગામ હુમલાના જવાબમાં, ભારતે પાકિસ્તાનના નવ આતંકવાદી ઠેકાણાઓ પર મિસાઈલ હુમલો કર્યો હતો. દેશનો દરેક નાગરિક આ હુમલાથી ખુશ છે, તો બીજી તરફ પાકિસ્તાની કલાકારોએ તેને કાયરતા ગણાવી. આ નિવેદન પર ઓલ ઈન્ડિયા સિને વર્કર્સ એસોસિએશન (AICWA) એ આકરી પ્રતિક્રિયા આપી છે. એસોસિએશને તેને દેશ અને શહીદોનું અપમાન ગણાવ્યું છે.AICWA એ X પર એક પોસ્ટ શેર કરી. જેમાં તેમણે લખ્યું, ઓલ ઈન્ડિયા સિને વર્કર્સ એસોસિએશન (AICWA) એ પાકિસ્તાની એક્ટ્રેસ માહિરા ખાન અને એક્ટર ફવાદ ખાનના ભારત વિરોધી નિવેદનોની સખત નિંદા કરી છે. આ બંને કલાકારોએ ભારતની સુરક્ષા માટે લેવામાં આવેલા પગલાં પર સવાલો ઉઠાવીને દેશની ટીકા કરી છે. માહિરા ખાને ભારતીય સેનાની કાર્યવાહીને ₹કાયરર₹ ગણાવી, જ્યારે ફવાદ ખાને આતંકવાદની નિંદા કરવાને બદલે ભારત પર દોષારોપણ કર્યું અને ઉશ્કેરણીજનક કોમેન્ટ કરી.ઓલ ઈન્ડિયા સિને વર્કર્સ એસોસિએશનની પોસ્ટઓલ ઈન્ડિયા સિને વર્કર્સ એસોસિએશનની પોસ્ટઆ નિવેદનો ફક્ત આપણા દેશનું અપમાન નથી, પરંતુ આતંકવાદને કારણે જીવ ગુમાવનારા નિર્દોષ લોકો અને દેશની રક્ષામાં શહીદ થયેલા બહાદુર સૈનિકોના બલિદાનનું પણ અપમાન છે. AICWA તેના અગાઉના નિર્ણયને પુનરાવર્તિત કરે છે.

# ભારત-પાકિસ્તાન તણાવને કારણે મેકર્સનો નિર્ણય, 'કેસરી વીર'ની રિલીઝ ડેઇટ પણ બદલાઈ

રાજકુમાર રાવ અને વામિકા ગબ્બીની ફિલ્મ 'ભૂલ ચુક માફ'ની રિલીઝ મોકૂફ રાખવામાં આવી છે. એટલું જ નહીં, આ ફિલ્મ પહેલા સિનેમાઘરોમાં રિલીઝ થવાની હતી, પરંતુ ભારત અને પાકિસ્તાન



વચ્ચે ચાલી રહેલી તણાવપૂર્ણ પરિસ્થિતિને કારણે તેને માત્ર OTT પ્લેટફોર્મ પર રિલીઝ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ સાથે, ફિલ્મ 'કેસરી વીર'ની રિલીઝ ડેઇટ પણ મુલતવી રાખવામાં આવી છે.રાજકુમાર રાવ અને વામિકા ગબ્બીએ સોશિયલ મીડિયા દ્વારા તેમની ફિલ્મ 'ભૂલ ચૂક માફ'ની રિલીઝ મુલતવી રાખવાની માહિતી શેર કરી છે. તેમણે કહ્યું કે- તાજેતરની ઘટનાઓ અને દેશભરમાં વધેલી સુરક્ષા સતર્કતાને ધ્યાનમાં રાખીને, મેડોક ફિલ્મ્સ અને એમેઝોન MGM સ્ટુડિયોએ આ ફિલ્મને થિયેટરોમાં રિલીઝ કરવાને બદલે સીધી OTT પર લાવવાનો નિર્ણય લીધો છે. તેમના મતે, રાષ્ટ્રની ભાવનાઓનો આદર કરીને આ નિર્ણય લેવામાં આવ્યો છે, કારણ કે રાષ્ટ્રીય હિત સર્વોપરી છે. હવે આ ફિલ્મ 16 મેના રોજ પ્રાઈમ વિડીયો પર સ્ટ્રીમ થશે.'ભૂલ ચૂક માફ' થિએટરોમાં રિલીઝ નહિ થાય'ભૂલ ચૂક માફ' થિએટરોમાં રિલીઝ નહિ થાયચાહકોની પ્રતિક્રિયાઓલોકો આ નિર્ણયને વધાવી રહ્યા છેલોકો આ નિર્ણયને વધાવી રહ્યા છેરાષ્ટ્રની ભાવનાઓની કદર કરતા નિર્ણય લેવા હોવાથી લોકો 'જય હિન્દ'ની કોમેન્ટ કરી રહ્યા છેરાષ્ટ્રની ભાવનાઓની કદર કરતા નિર્ણય લેવા હોવાથી લોકો 'જય હિન્દ'ની કોમેન્ટ કરી રહ્યા છેફિલ્મ 'કેસરી વીર'ની રિલીઝ ડેઇટ પણ બદલાઈ ગઈ છે. પહેલા આ ફિલ્મ 16 મેના રોજ રિલીઝ થવાની હતી પરંતુ હવે નિર્માતાઓએ તેની રિલીઝ મુલતવી રાખી છે. નિર્માતાઓએ પોતે સોશિયલ મીડિયા પર આ માહિતી આપી હતી.

# કહ્યું- 'તમે ગુલામ માનસિકતા સાથે જીવો છો;' ટ્રોલર્સે ઇન્ડિયન એક્ટર માટે 'ચાંદિવલી મેટગાલા' શબ્દપ્રયોગ કર્યો હતો

બોલિવૂડ એક્ટ્રેસ જાહ્નવી કપૂરે મેટ ગાલા 2025 માં ભારતીય સેલેબ્સની હાજરીને ટ્રોલ કરનારાઓને યોગ્ય જવાબ આપ્યો છે. આ વર્ષે શાહરુખ ખાન, પ્રિયંકા ચોપરા, કિયારા અડવાણી અને દિલજીત દોસાંઝ જેવા મોટા સેલેબ્સ મેટ ગાલામાં હાજર રહ્યા હતા, પરંતુ કેટલાક લોકોએ સોશિયલ મીડિયા પર તેમની હાજરીની મજાક ઉડાવવાનું શરૂ કર્યું. કેટલાક લોકોએ સેલેબ્સના કપડાં પર ટિપ્પણી કરી કે તે ચાંદિવલીના મેટ ગાલા જેવું લાગે છે.મેટ ગાલા 2025 માં શાહરુખ ખાનમેટ ગાલા 2025 માં શાહરુખ ખાનજાહન્વી કપૂરે આપ્યો યોગ્ય જવાબ જાહન્વી કપૂરે આ વર્ષે મેટ ગાલામાં હાજરી આપી ન હતી. જોકે, તેમણે ભારતીય સેલિબ્રિટીઝ અને સંસ્કૃતિને ટ્રોલ કરનારાઓને યોગ્ય જવાબ આપ્યો. તેણે ઈન્સ્ટાગ્રામની એ પોસ્ટ પર ટિપ્પણી કરી છે જેમાં સેલેબ્સને ટ્રોલ કરવામાં આવ્યા હતા. જાહન્વીએ લખ્યું, ' જ્યારે આપણે આ પ્લેટફોર્મ પર આપણા લોકોને જોઈએ છીએ, ત્યારે તે ઓછું આકર્ષક લાગી રહ્યા છે તે વિચારવાને બદલે એ વાતે ખુશ ન થવું જોઈએ કે આપણને આખરે આપણી સાચી ઓળખ મળી રહી છે?'તેમણે આગળ કહ્યું, 'આપણા કપડાં તો શ્રેષ્ઠ હતા પરંતુ એ જોઈને હસવું આવે છે કે,



આપણે આપણી જાતને નીચ માનવાનું શરૂ કરી દીધું છે. સ્પષ્ટપણે, ગુલામ માનસિકતા હજુ પણ આપણી સાથે છે.'જહાન્વી આગળ લખે છે, "વર્ષોથી, આપણા કારીગરોનું કામ આપણા દેશની બહાર મોકલવામાં આવતું હતું અને ક્રેડિટ વિના વૈશ્વિક પ્લેટફોર્મ પર પ્રદર્શિત કરવામાં આવતું હતું. આપણા કપડાં, ભરતકામ, વસ્ત્રો અને ઘરેણાં લેવામાં આવતા હતા અને અન્ય લોકો તેને પોતાની રચના તરીકે રજૂ કરતા હતા. હવે, મને ખુશી છે કે આપણા લોકો આ કાર્ય અને વારસાનું પ્રતિનિધિત્વ કરી રહ્યા છે. મેટ ગાલામાં આપણા કલાકારો અને કપડાં જોઈને મને જે ગર્વ થયો તેણે સમગ્ર કાર્યક્રમને વધુ જાદુઈ બનાવ્યો."પોસ્ટમાં સેલિબ્રિટીઝની મજાક ઉડાવવામાં આવી રહી હતીએક પોસ્ટમાં લખ્યું હતું, 'dsji, મેટમાં અચાનક આટલા બધા ભારતીયો કેવી રીતે આવી ગયા?' શું આ મેટનું ₹ચાંદીવલીકરણ₹ છે?'મેટ ગાલા 2025'માં ઘણા સ્ટાર્સ પહોંચ્યા હતા મેટ ગાલા 2025 માં ઘણા ભારતીય સ્ટાર્સે હાજરી આપી હતી. શાહરુખ ખાન આ કાર્યક્રમમાં હાજરી આપનાર પ્રથમ ભારતીય પુરુષ એક્ટર બન્યો. કિયારા અડવાણી પ્રેગ્નેન્સી દરમિયાન મેટ ગાલા રેડ કાર્પેટ પર ચાલનારી પ્રથમ ભારતીય મહિલા બની. દિલજીત દોસાંઝે પોતાના મહારાજા લુકથી બધાનું ધ્યાન ખેંચ્યું.

# Miને 3 વિકેટે હરાવીને ટેબલ ટૉપર બની, વરસાદથી વિક્ષેપિત મેચમાં 6 બોલમાં 15 રનનો રિવાઇઝ્ડ ટાર્ગેટ ચેઝ કર્યો

રોહિત શર્માએ ટેસ્ટ ક્રિકેટમાંથી નિવૃત્તિ લીધી છે. તેણે પોતાના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર એક સ્ટોરી શેર કરીને પોતાની નિવૃત્તિ વિશે માહિતી આપી. રોહિત, જે પહેલાથી જ T20માંથી નિવૃત્તિ લઈ ચૂક્યો છે, તે વન-ડે રમવાનું ચાલુ રાખશે. બુધવારે સાંજે એવા અહેવાલો આવ્યા હતા કે તેમને ઈંગ્લેન્ડ પ્રવાસ પર ટેસ્ટ કેપ્ટનશિપ પરથી દૂર કરવામાં આવશે. જે પછી તેણે રેડ બોલ ક્રિકેટને અલવિદા કહ્યું.રોહિતે કહ્યું- સપોર્ટ માટે આભાર રોહિત શર્માએ પોતાના ઈન્સ્ટાગ્રામ હેન્ડલ પર એક સ્ટોરી શેર કરી અને લખ્યું, 'નમસ્તે, હું બધાને કહેવા માંગુ છું કે હું ટેસ્ટ ક્રિકેટમાંથી નિવૃત્તિ લઈ રહ્યો છું. રેડ બોલ ક્રિકેટમાં દેશનું પ્રતિનિધિત્વ કરવું એ મારા માટે ગર્વની ક્ષણ હતી. પ્રેમ અને સમર્થન માટે બધાનો આભાર. હું દેશ માટે ODI ફોર્મેટમાં રમવાનું ચાલુ રાખીશ.'રોહિતે ઈન્સ્ટાગ્રામ સ્ટોરી શેર કરીને ટેસ્ટ ક્રિકેટમાંથી નિવૃત્તિની જાહેરાત કરી.રોહિતે ઈન્સ્ટાગ્રામ સ્ટોરી શેર કરીને ટેસ્ટ ક્રિકેટમાંથી નિવૃત્તિની જાહેરાત કરી.રોહિતે 12 ટેસ્ટ સદી ફટકારી રોહિતે 2013માં ભારત માટે ટેસ્ટ ડેબ્યૂ કર્યું હતું. 2021 દરમિયાન તે પ્લેઈંગ-11માં પોતાનું સ્થાન મજબૂત કરવામાં સફળ રહ્યો અને 2022માં કેપ્ટનશીપ પણ મેળવી. ભારત માટે 67 ટેસ્ટમાં, તેણે 40.57ની સરેરાશથી રન બનાવ્યા, પરંતુ ઘરઆંગણે તેની સરેરાશ ઘટીને 31.01 થઈ ગઈ.ઓસ્ટ્રેલિયામાં રોહિતની સરેરાશ 24.38 અને સાઉથ આફ્રિકામાં 16.63 હતી. જોકે, ઈંગ્લેન્ડમાં તેણે 44.66ની સરેરાશથી સ્કોર કર્યો. તેણે ગયા પ્રવાસમાં ઓપનિંગ કરતી વખતે સદી પણ ફટકારી હતી. રોહિતની નિવૃત્તિ પછી, ટીમ ઈન્ડિયા યશસ્વી જયસ્વાલ અને કેએલ રાહુલને ટેસ્ટ ટીમમાં કાયમી ઓપનર તરીકે ફિટ કરવા પર ધ્યાન કેન્દ્રિત કરી શકે છે.રોહિત ન્યૂઝીલેન્ડ અને ઓસ્ટ્રેલિયા સામે નિષ્ફળ રહ્યો હતો રોહિત ન્યૂઝીલેન્ડ અને ઓસ્ટ્રેલિયા સામેની છેલ્લી ટેસ્ટ સિરીઝમાં પણ બેટથી ખરાબ રીતે નિષ્ફળ ગયો હતો. તે ન્યૂઝીલેન્ડ સામે 15.16 અને ઓસ્ટ્રેલિયા સામે 6.20ની સરેરાશથી રન બનાવી શક્યો. પસંદગીકારોએ હવે નિર્ણય લીધો છે કે રોહિતના આ ફોર્મને કારણે તેને કેપ્ટનશીપની જવાબદારી સોંપી શકાય નહીં.રોહિત પહેલી ટેસ્ટ રમી શક્યો નહીં. તે બીજી ટેસ્ટમાં પ્લેઈંગ-11નો ભાગ બન્યો, પરંતુ મિડલ ઓર્ડરમાં બેટિંગ કરવા આવ્યો. ત્યારબાદ ' જસપ્રીત બુમરાહની કેપ્ટનશીપ હેઠળ પહેલી ટેસ્ટ જીતી હતી, પરંતુ રોહિતની કેપ્ટનશીપ હેઠળ 2 મેચ હારી ગઈ હતી. તે સિડનીમાં છેલ્લી ટેસ્ટ રમી શક્યો ન હતો અને હવે તેણે નિવૃત્તિ લઈ લીધી છે.રોહિતની કેપ્ટનશિપમાં ભારતે 10 વર્ષ પછી ઓસ્ટ્રેલિયા સામે ટેસ્ટ સિરીઝ હારી.રોહિતની




કેપ્ટનશિપમાં ભારતે 10 વર્ષ પછી ઓસ્ટ્રેલિયા સામે ટેસ્ટ સિરીઝ હારી.ગંભીરે કહ્યું હતું- પસંદગીકારો રોહિત પર નિર્ણય લેશે હેડ કોચ ગૌતમ ગંભીરે પણ 6 મેના રોજ કહ્યું હતું કે પસંદગી સમિતિ રોહિતના ભવિષ્યનો નિર્ણય લેશે. તેમણે એબીપી ન્યૂઝના 'ઈન્ડિયા એટ 2047' સમિટમાં કહ્યું, 'મારું કામ ટીમ પસંદ કરવાનું નથી. કોચને ફક્ત પ્લેઈંગ-11 પસંદ કરવાનો અધિકાર છે.ઈંગ્લેન્ડ સિરીઝ માટે નવા કેપ્ટનની પસંદગી કરવામાં આવશે એક્સપ્રેસના એક અહેવાલ મુજબ, ટીમ ઈન્ડિયા જૂનમાં ઈંગ્લેન્ડ સામે શરૂ થનારી ટેસ્ટ સિરીઝ માટે નવા ટેસ્ટ કેપ્ટનની જાહેરાત કરશે.રોહિત શર્માએ 12 ટેસ્ટ સદી ફટકારીને 4301 રન બનાવ્યા છે.રોહિત શર્માએ 12 ટેસ્ટ સદી ફટકારીને 4301 રન બનાવ્યા છે.રોહિત વન-ડેમાં

કેપ્ટનશિપ ચાલુ રાખશે 38 વર્ષીય રોહિત પાસેથી ટેસ્ટ કેપ્ટનશીપ છીનવાઈ જવાનું સૌથી મોટું કારણ રેડ બોલ ક્રિકેટમાં તેનું ફોર્મ હોવાનું માનવામાં આવે છે. તેની કેપ્ટનશીપ હેઠળ, ટીમ ઘરઆંગણે ન્યૂઝીલેન્ડ સામે 3-0થી અને ઓસ્ટ્રેલિયામાં બોર્ડર ગાવસ્કર ટ્રોફીમાં 3-1થી હારી ગઈ. આ હારના કારણે, ટીમ ઈન્ડિયા વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ (W T C ) ના ફાઈનલ માટે ક્વોલિફાય થઈ શકી નહીં.રોહિતે કેપ્ટન તરીકે ચાલુ રહેવાની ઈચ્છા વ્યક્ત કરી હતી માર્ચમાં, આ જ એક્સપ્રેસ રિપોર્ટમાં કહેવામાં આવ્યું હતું કે BCCI ઈંગ્લેન્ડ પ્રવાસ માટે રોહિતને કેપ્ટન તરીકે જાળવી રાખશે. રોહિતે પોતે ઓસ્ટ્રેલિયાના ભૂતપૂર્વ કેપ્ટન માઈકલ ક્લાર્ક સાથેના પોડકાસ્ટમાં કેપ્ટનશીપ ચાલુ રાખવાની ઈચ્છા વ્યક્ત કરી છે.રોહિતે કહ્યું હતું કે તે ઈંગ્લેન્ડમાં બુમરાહ, શમી અને સિરાજના પેસ આક્રમણનું નેતૃત્વ કરવા માટે ઉત્સાહિત છે. જોકે, પસંદગી સમિતિએ તાજેતરમાં મુંબઈમાં BCCI મુખ્યાલયમાં યોજાયેલી બેઠકમાં બોર્ડને તેની ભવિષ્યની યોજના વિશે જણાવ્યું હતું.રોહિત શર્માએ 24 ટેસ્ટમાં ભારતનું નેતૃત્વ કર્યું. ટીમ 12માં જીતી અને 9માં હારી.રોહિત શર્માએ 24 ટેસ્ટમાં ભારતનું નેતૃત્વ કર્યું. ટીમ 12માં જીતી અને 9માં હારી.રોહિત ટેસ્ટ કેપ્ટનશિપ માટે યોગ્ય નથી BCCIના એક સૂત્રએ જણાવ્યું હતું કે, 'પસંદગીકારો ઈંગ્લેન્ડ પ્રવાસ માટે નવા કેપ્ટન ઈચ્છે છે અને રોહિત હવે ટેસ્ટ કેપ્ટનશીપ માટે યોગ્ય નથી. ખાસ કરીને રેડ બોલમાં તેનું ખરાબ ફોર્મ તેને આ ફોર્મેટ માટે યોગ્ય બનાવી રહ્યું નથી. પસંદગીકારો WTCની નવી સાઈકલ માટે એક યુવાન કેપ્ટનને જવાબદારી આપવા માગે છે. સમિતિએ BCCIને એ પણ જાણ કરી છે કે રોહિત હવે ટેસ્ટ કેપ્ટન રહેશે નહીં.તેણે ગયા વર્ષે T20માંથી નિવૃત્તિ લીધી હતી ભારતને 2024 T20 વર્લ્ડ કપ જીત અપાવ્યા બાદ રોહિતે સૌથી ટૂંકા ફોર્મેટમાંથી નિવૃત્તિ લીધી. તેણે આ ફોર્મેટનો ટૉપ સ્કોરર બનીને વિદાય લીધી.

# 2 વિકેટથી KKRને હરાવ્યું, બ્રેવિસના 52 રન, ગુજરાતના ઉર્વિલે 11 બોલમાં 31 રન ફટકાર્યા; નૂરની 4 વિકેટ



ચેન્નઈ સુપર કિંગ્સ (CSK)એ IPL ની 57મી મેચમાં કોલકાતા નાઈટ રાઈડર્સ (KKR) પર 2 વિકેટથી રોમાંચક જીત મેળવી છે. ટીમે 19.4 ઓવરમાં 8 વિકેટે 180 રનના ટાર્ગેટ ચેઝ કર્યો. કેપ્ટન એમએસ ધોની 17 રન બનાવીને અણનમ રહ્યો.ડેવાલ્ડ બ્રેવિસે 25 બોલમાં 52 રન અને શિવમ દુબેએ 40 બોલમાં 45 રન બનાવ્યા. ઉર્વિલ પટેલે 11 બોલમાં 31 રન બનાવ્યા. વૈભવ અરોરાએ 3 વિકેટ લીધી. હર્ષિત રાણા અને વરુણ ચક્રવર્તીને 2-2 વિકેટ મળી હતી.ઈડન ગાર્ડન્સ સ્ટેડિયમ ખાતે કોલકાતાએ ટૉસ જીતીને બેટિંગ કરવાનો નિર્ણય લીધો અને 20 ઓવરમાં 6 વિકેટે 179 રન બનાવ્યા. કેપ્ટન અજિંક્ય રહાણેએ 48 રન બનાવ્યા. આન્દ્રે રસેલે 38 રન અને મનીષ પાંડેએ અણનમ 35 રનનું યોગદાન આપ્યું. CSKના નૂર અહેમદે 4 વિકેટ લીધીઅપડેટ્સ11:22 PM7 મે 2025ચેન્નઈ સુપર કિંગ્સનો 2 વિકેટથી વિજય, કોલકાતાનો રસ્તો મુશ્કેલચેન્નઈએ આ મેચ 2 વિકેટથી જીતી લીધી છે. ધોનીએ 20મી ઓવરના પહેલા બોલ પર સિક્સર ફટકારીને જીત પર મહોર લગાવી. ત્યારબાદ અંશુલ કંબોજે ચોગ્ગો ફટકારીને ટીમને વિજય અપાવ્યો.ચેન્નઈની આ જીતથી કોલકાતા માટે આગળનો રસ્તો મુશ્કેલ બની ગયો છે. હવે નાઈટ રાઈડર્સ ફક્ત 15 પોઈન્ટ સુધી પહોંચી શકશે, જેનો અર્થ એ થયો કે ટીમને અન્ય પર આધાર રાખવો પડશે.11:09 PM7 મે 2025વૈભવ અરોરાએ દુબે અને નૂરને આઉટ કર્યાચેન્નઈએ 19મી ઓવરમાં પોતાની સાતમી વિકેટ ગુમાવી દીધી. અહીં શિવમ દુબે 45 રન બનાવીને આઉટ થયો હતો. તેને વૈભવ અરોરાએ રિંકુ સિંહના હાથે કેચ કરાવ્યો હતો.ઓવરના છેલ્લા બોલ પર નૂર અહેમદ 2 રન બનાવીને આઉટ થયો. તેનો પણ કેચ રિંકુ સિંહે કર્યો10:53 PM7 મે 2025ચેન્નઈનો સ્કોર 150ને પાર, ધોની-દુબે રમી રહ્યા છેચેન્નઈએ 17મી ઓવરમાં 150 રનનો આંકડો પાર કરી લીધો છે. હર્ષિત રાણાના ઓવરના ત્રીજા બોલ પર એમએસ ધોનીએ રન લઈને સ્કોર 150ને પાર પહોંચાડ્યો.10:28 P M 7 મે 2025અરોરાની ઓવરમાં બ્રેવિસે સતત 6 બાઉન્ડરી ફટકારી11મી ઓવરમાં, વૈભવ અરોરાના બોલ પર ડેવાલ્ડ બ્રેવિસે સતત 6 બાઉન્ડરી ફટકારી. આમાં તેણે 3 ચોગ્ગા અને 3 છગ્ગા ફટકાર્યા. અરોરાની ઓવરમાંથી 30 રન આવ્યા.બ્રેવિસે 22 બોલમાં પોતાની ફિફ્ટી પૂરી કરી. આ તેની પહેલી અડધી સદી છે. તેણે દુબે સાથે 50+ રનની ભાગીદારી પણ પૂર્ણ કરી.10:02 P M 7 મે 2025ચેન્નઈની ખરાબ શરૂઆત, પાવરપ્લેમાં 5 વિકેટ ગુમાવી180 રનના ટાર્ગેટને ચેઝ કરવા ઉતરેલી ચેન્નઈની શરૂઆત ખરાબ રહી. પાવરપ્લેમાં 62 રન બનાવતા ટીમે 5 વિકેટ ગુમાવી દીધી છે.10:01 PM7 મે 2025રવીન્દ્ર જાડેજા 19 રન બનાવીને આઉટપાવરપ્લેની છેલ્લી ઓવરમાં ચેન્નઈએ પોતાની પાંચમી વિકેટ ગુમાવી દીધી. અહીં રવીન્દ્ર જાડેજા 19 રન બનાવીને આઉટ થયો હતો. તેને વરુણ ચક્રવર્તીએ બોલ્ડ કર્યો.10:01 PM7 મે 2025હર્ષિત રાણાને બીજી વિકેટ મળી, અશ્વિનને પેવેલિયન મોકલ્યોચેન્નઈએ પાંચમી ઓવરમાં પોતાની ચોથી વિકેટ ગુમાવી દીધી. અહીં રવિચંદ્રન અશ્વિન 8 રન બનાવીને આઉટ થયો હતો. તેને હર્ષિત રાણાએ અંગક્રિશ રઘુવંશીના હાથે કેચ કરાવ્યો હતો. હર્ષિતે ઉર્વિલ પટેલને પણ આઉટ કર્યો.10:01 PM7 મે 2025ઉર્વિલ પટેલ 31 રન બનાવીને આઉટ થયોચેન્નઈએ સતત ત્રીજી ઓવરમાં વિકેટ ગુમાવી. અહીં ઉર્વિલ પટેલ 31 રન બનાવીને આઉટ થયો હતો.

# 12થી 14 પાક. જવાનનાં મોત; બોલાનમાં પેટ્રોલિંગ કરી રહેલી ગાડીને રિમોટથી ઉડાવી, 24 કલાકમાં સતત બીજો હુમલો

પાકિસ્તાન આ દિવસોમાં એક પછી એક હુમલાનો સામનો કરી રહ્યું છે. પહેલા ઓપરેશન સિંદૂર અને હવે બલૂચ લિબરેશન આર્મીએ પાકિસ્તાની સૈનિકોનાં ચીંથરાં ઉડાવી દીધાં છે. આ હુમલો બોલાનમાં કરવામાં આવ્યો હતો. બલૂચ લિબરેશન આર્મીના સ્પેશિયલ ટેક્ટિકલ ઓપરેશન્સ સ્ક્વોડએ પાકિસ્તાની આર્મીના વાહનને નિશાન બનાવીને હુમલો કર્યો.ભારતે પાકિસ્તાનમાં આતંકવાદી ઠેકાણાંને ભારે ફટકો આપ્યો છે. આ પછી બલૂચ લિબરેશન આર્મી (BLA)એ પાકિસ્તાની સેના પર હુમલો કર્યો. આવી સ્થિતિમાં પાકિસ્તાન આ દિવસોમાં બેવડા હુમલાનો સામનો કરી રહ્યું છે. 24 કલાકમાં BLA દ્વારા આ સતત બીજો હુમલો છે. આ હુમલામાં 14 પાકિસ્તાની સેનાના સૈનિકોનાં મોતના સમાચાર છે. આ હુમલાની જવાબદારી BLAએ લીધી છે. આ હુમલા બલૂચિસ્તાન પ્રાંતના બોલાન અને કેચ પ્રદેશોમાં બે અલગ-અલગ વિસ્તારોમાં થયા હતા. બલૂચ લિબરેશન આર્મીના સ્પેશિયલ ટેક્ટિકલ ઓપરેશન્સ સ્ક્વોડે પાકિસ્તાની આર્મીના વાહનને નિશાન બનાવીને હુમલો કર્યો. રિમોટનો ઉપયોગ કરીને પાકિસ્તાની સેનાના વાહનને ઉડાવી દેવામાં આવ્યું.તમને જણાવી દઈએ કે છેલ્લા કેટલાક સમયથી બલૂચિસ્તાનની બલૂચ લિબરેશન આર્મી પાકિસ્તાનને મુશ્કેલીમાં મૂકી રહી છે. બલૂચિસ્તાનના બોલાન જિલ્લાના માચકુંડ વિસ્તારમાં પાકિસ્તાની સેનાના વાહન પર બલૂચ




લિબરેશન આર્મી (BLA)એ રિમોટ-કંટ્રોલ્ડ (IED) હુમલો કર્યો છે. આ હુમલો ત્યારે કરવામાં આવ્યો જ્યારે સૈનિકો લશ્કરી કાર્યવાહી માટે જઈ રહ્યા હતા.રેડ સર્કલમાં પાકિસ્તાન આર્મીનું વાન.રેડ સર્કલમાં પાકિસ્તાન આર્મીનું વાન.જાણો BLAએ કેવી રીતે હુમલા કર્યા જ્યારે પાકિસ્તાની સેનાનો કાફલો પેટ્રોલિંગ પર હતો એ દરમિયાન 7 મે, 2025ના રોજ શોરકંદ વિસ્તારમાં હુમલો કરવામાં આવ્યો હતો. B L A એ આ હુમલાની જવાબદારી સ્વીકારી છે. આ હુમલો BLAના સ્પેશિયલ ટેક્ટિકલ ઓપરેશન્સ સ્ક્વોડ (STOS) દ્વારા કરવામાં આવ્યો હતો. આ હુમલામાં વાહન સંપૂર્ણપણે નાશ પામ્યું હતું અને એમાં સવાર તમામ સૈનિકો માર્યા ગયા હતા. ANIના અહેવાલ મુજબ, વાહનમાં મુસાફરી કરી રહેલા સ્પેશિયલ ઓપરેશન કમાન્ડર ઈમરાન અને સુબેદાર ઉમર ફારુકનાં મૃત્યુ થયાં છે. વિસ્ફોટમાં લશ્કરી વાહન સંપૂર્ણપણે નાશ પામ્યું છે. અન્ય એક ઘટનામાં BLAએ કેચના કુલાગ તિગરાન વિસ્તારમાં પાકિસ્તાન આર્મીની બોમ્બ ડિસ્પોઝલ સ્ક્વોડને નિશાન બનાવી હતી.આ હુમલાની જવાબદારી BLAએ લીધી છે.આ હુમલાની જવાબદારી BLAએ લીધી છે.બલૂચિસ્તાનમાં લાંબા સમયથી અશાંતિ પાકિસ્તાની સેનાએ દાવો કર્યો છે કે ગયા અઠવાડિયે તેનાં સુરક્ષા દળોએ દેશના અશાંત બલૂચિસ્તાન પ્રાંતમાં બે અલગ અલગ ઘટનામાં 10 આતંકવાદીને ઠાર માર્યા હતા, જોકે બલૂચ લિબરેશન આર્મી સતત પાકિસ્તાની સેના પર હુમલો કરી રહી છે અને તેને નોંધપાત્ર નુકસાન પહોંચાડી રહી છે. માર્ચમાં ક્વેટાથી પેશાવર જતી જાફર એક્સપ્રેસને બલૂચ લિબરેશન આર્મીના જવાનોએ હાઈજેક કરી લીધી હતી, જેમાં 440 મુસાફરો સવાર હતા. આમાં મોટી સંખ્યામાં પાકિસ્તાની સૈનિકો માર્યા ગયા. બલૂચિસ્તાનમાં છેલ્લા 2 દાયકાથી અશાંતિ ચાલી રહી છે. સ્થાનિક બલૂચ નેતાઓનો આરોપ છે કે દેશની સંઘીય સરકાર બલૂચિસ્તાનની કીમતી ખનિજ સંપત્તિનું શોષણ કરી રહી છે.

## દેશ - વિદેશ

# પુરાવા માગ્યા તો કહ્યું- સોશિયલ મીડિયા જુઓ; લાહોર-કરાચી સહિત 9 શહેર પર ભારતનો ડ્રોન હુમલો

પાકિસ્તાનના રક્ષામંત્રી ખ્વાજા આસિફે દાવો કર્યો હતો કે તેમની સેનાએ 5 રાફેલ તોડી પાડ્યાં છે. આ નિવેદનને કારણે તેમને પાકિસ્તાનની સંસદમાં જ ટીકાનો સામનો કરવો પડી રહ્યો છે. એક સાંસદે કહ્યું કે જ્યારે સીએનએન ન્યૂઝે ખ્વાજા આસિફે રાફેલ તોડી પાડવાના પુરાવા માગ્યા ત્યારે તેમણે કહ્યું હતું કે પુરાવા સોશિયલ મીડિયા પર છે. આ અફસોસની વાત છે. તેમણે આવાં નિવેદનો આપવા જોઈતા નહોતા.ઓપરેશન સિંદૂરના બીજા દિવસે ભારતે પાકિસ્તાન સામે મોટી કાર્યવાહી કરી છે. ગુરુવારે સવારે ભારતની સ્ટ્રાઈકમાં પાકિસ્તાનનાં ત્રણ મુખ્ય શહેર- લાહોર, કરાચી અને રાવલપિંડીમાં સ્થાપિત HQ-9 એર ડિફેન્સ સિસ્ટમો નાશ પામી હતી. સમાચાર એજન્સી ANIએ આ માહિતી આપી છે. ભારતે આ હુમલા માટે ઈઝરાયલી હાર્પી ડ્રોનનો ઉપયોગ કર્યો હતો.પાકિસ્તાની સેનાના પ્રવક્તા લેફ્ટનન્ટ જનરલ અહેમદ શરીફ ચૌધરીએ ગુરુવારે બપોરે જણાવ્યું હતું કે ભારતે પાકિસ્તાનનાં 9 શહેરમાં ડ્રોન હુમલા કર્યા છે. પાકિસ્તાની સેનાએ ઓછામાં ઓછા 50 ડ્રોનને તોડી પાડવામાં સફળતા મેળવી.શરીફે સ્વીકાર્યું કે એક ડ્રોન નુકસાન પહોંચાડવામાં સફળ રહ્યું. લાહોરમાં પાકિસ્તાન સેનાના 4 સૈનિકો ઘાયલ થયા હતા અને મિયાનમાં 2 લોકોના મોત થયા હતા.જે હાર્પી ડ્રોનથી હુમલો કરવામાં આવ્યો હતો એના વિશે જાણો...પાકિસ્તાનમાં શું-શું ચાલી રહ્યું છે એ વાંચવા માટે નીચે બ્લોગ પર જાઓ...લાઈવ અપડેટ્સ9 મિનિટ પેહલાપાકિસ્તાની રક્ષામંત્રીએ કહ્યું- અમે બદલો લઈશુંપાકિસ્તાનના રક્ષામંત્રી ખ્વાજા આસિફે કહ્યું છે કે ભારતીય ડ્રોન હુમલા બાદ, હવે અમારા તરફથી જવાબી હુમલો નિશ્ચિત છે.રોઈટર્સ સાથે વાત કરતા તેમણે કહ્યું, અમે આવી ઉશ્કેરણીજનક કૃત્યોને અનુત્તરિત છોડી શકીએ નહીં.આસિફે એમ પણ કહ્યું કે અમેરિકા ભારત અને પાકિસ્તાન વચ્ચે તણાવ ઓછો કરવાનો પ્રયાસ કરી રહ્યું છે.49 મિનિટ પેહલાપાકિસ્તાનનો દાવો- ભારતના હુમલામાં કોઈ એર ડિફેન્સ સિસ્ટમને નુકસાન થયું નથીરક્ષામંત્રી ખ્વાજા આસિફે પાકિસ્તાનમાં એર ડિફેન્સ સિસ્ટમના વિનાશના અહેવાલોને ખોટા ગણાવ્યા છે.રોઈટર્સ સાથે વાત કરતા તેમણે કહ્યું કે, લાહોર કે બીજે ક્યાંય પણ એર ડિફેન્સ સિસ્ટમને કોઈ નુકસાન થયું નથી.અગાઉ, ભારતે કહ્યું હતું કે ભારતીય સેનાએ પાકિસ્તાનના અનેક શહેરોમાં એર ડિફેન્સ સિસ્ટમોને નિશાન બનાવી હતી.05:43 PM8 મે 2025રાફેલ તોડી પાડવાનો દાવો કરવા બદલ રક્ષામંત્રી સંસદમાં ઘેરાયાપાકિસ્તાનના રક્ષામંત્રી ખ્વાજા આસિફે દાવો કર્યો હતો કે તેમની સેનાએ 5 રાફેલ તોડી પાડ્યા છે. આ નિવેદનને કારણે તેમને પાકિસ્તાનની સંસદમાં જ ટીકાનો સામનો કરવો પડી રહ્યો છે. એક સાંસદે કહ્યું કે જ્યારે સીએનએન ન્યૂઝે ખ્વાજા આસિફે રાફેલ તોડી પાડવાના પુરાવા માંગ્યા ત્યારે તેમણે કહ્યું કે પુરાવા સોશિયલ મીડિયા પર છે. આ અફસોસની વાત છે. તેમણે આવા નિવેદનો આપવા જોઈતા ન હતા.પાકિસ્તાની સંસદમાં રક્ષામંત્રીને સવાલ પૂછતા સાંસદ અયાઝ સાદિક.પાકિસ્તાની સંસદમાં રક્ષામંત્રીને સવાલ




પૂછતા સાંસદ અયાઝ સાદિક.05:31 P M 8 મે 2025પાકિસ્તાનના પંજાબમાં કટોકટી જાહેરભારત સાથે વધતા તણાવ વચ્ચે પાકિસ્તાનની પંજાબ સરકારે કટોકટી જાહેર કરી છે. રાજ્યની તમામ શાળાઓ, કોલેજો અને યુનિવર્સિટીઓને રવિવાર સુધી બંધ રાખવાનો આદેશ આપવામાં આવ્યો હતો.લોકોને સલાહ આપવામાં આવી છે કે તેઓ પોતાની સાથે એક ઈમરજન્સી કીટ રાખે, જેમાં પ્રાથમિક સારવારની વસ્તુઓ, બોટલબંધ પાણી, ખરાબ ના થાય તેવો ખોરાક, ટોર્ચ અને પોર્ટેબલ ચાર્જર હોવું જોઈએ.એક દિવસ પહેલા પણ પંજાબ સરકારે કટોકટી લાદી હતી જે આજે સમાપ્ત થઈ ગઈ.05:30 PM8 મે 2025પાકિસ્તાને 40-50 ભારતીય સૈનિકોના માર્યા ગયા હોવાનો દાવો કર્યોપાકિસ્તાનના માહિતી મંત્રી અતાઉલ્લાહ તરારે દાવો કર્યો છે કે LoC પર 40 થી 50 ભારતીય સૈનિકો માર્યા ગયા છે. તરારે તેને એક મોટી સિદ્ધિ ગણાવી. તેમણે કહ્યું કે પાકિસ્તાનને સ્વ-બચાવના અધિકાર હેઠળ બદલો લેવાનો અધિકાર છે.05:14 PM8 મે 2025PSLની બધી મેચો હવે કરાચીમાં યોજાશેભારત સાથે વધતા તણાવ વચ્ચે પાકિસ્તાન સુપર લીગ (PSL)ની બાકીની મેચો કરાચી ખસેડવામાં આવી છે. હવે બધી મેચ કરાચીમાં રમાશે. ભારતીય હવાઈ હુમલા બાદ ગઈકાલની PSL મેચ રદ કરવામાં આવી હતી.

05:09 PM8 મે 2025પાકિસ્તાનનો 12 ભારતીય સૈનિકોને મારી નાખ્યાનો દાવો ખોટોપાકિસ્તાન સ્થિત હેન્ડલ્સ એક વીડિયો ફેલાવી રહ્યા છે. જેમાં દાવો કરવામાં આવી રહ્યો છે કે પાકિસ્તાની સેનાએ જમ્મુ અને કાશ્મીરના બટ્ટલ સેક્ટરમાં ચોકીઓ પર હુમલો કર્યો છે અને ઓછામાં ઓછા 12 ભારતીય સૈનિકોને મારી નાખ્યા છે.05:04 PM8 મે 20259 દેશોએ ભારત-પાકિસ્તાનની મુસાફરી ન કરવાની સલાહભારત અને પાકિસ્તાન વચ્ચે ચાલી રહેલા તણાવને લઈ ઘણા દેશોએ તેમના નાગરિકોને આ બંને દેશોમાં મુસાફરી ન કરવાની સૂચના આપી છે. આ દેશોમાં અમેરિકા, બ્રિટન, ચીન, સિંગાપોર, ઓસ્ટ્રેલિયા, કેનેડા, રશિયા, આયર્લેન્ડ અને ન્યૂઝીલેન્ડનો સમાવેશ થાય છે.04:54 PM8 મે 2025આજે પાકિસ્તાનના હવાઈ ક્ષેત્રમાંથી માત્ર એક જ વિમાન પસાર થયુંભારતના ઓપરેશન સિંદૂર દરમિયાન મોટાભાગની એરલાઈન્સ પાકિસ્તાની હવાઈ ક્ષેત્ર ટાળી રહી છે.ફ્લાઈટ ટ્રેકિંગ વેબસાઈટ અનુસાર, હુમલા દરમિયાન ફક્ત ઈથોપિયન એરલાઈન્સની ફ્લાઈટ ETH672 પાકિસ્તાની હવાઈ ક્ષેત્રમાંથી પસાર થતી જોવા મળી હતી.આ ફ્લાઈટ ઈથોપિયાના આદિસ અબાબાથી દક્ષિણ કોરિયાના સિઓલ જઈ રહી હતી.04:25 PM8 મે 2025પાકિસ્તાની સાંસદ તાહિર ઈકબાલ સંસદમાં રડી પડ્યાપાકિસ્તાન સંસદમાં સાંસદ તાહિર ઈકબાલનો રડવાનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો છે. આમાં, તે કહી રહ્યો છે - હે ભગવાન, આજે અમને બચાવો.04:10 PM8 મે 2025રાવલપિંડી ક્રિકેટ સ્ટેડિયમ પર ડ્રોન હુમલોઅલ જઝીરાના અહેવાલ મુજબ, રાવલપિંડી ક્રિકેટ સ્ટેડિયમના પરિસરમાં ડ્રોન હુમલો થયો છે. આમાં ફૂડ વેન્ડરને નુકસાન થયું છે.પાકિસ્તાન સુપર લીગ (PSL)ની મેચો હાલમાં રાવલપિંડી ક્રિકેટ સ્ટેડિયમમાં ચાલી રહી છે. ભારતના હવાઈ હુમલા બાદ ગઈકાલે પીએસએલની એક મેચ રદ કરવામાં આવી હતી.03:57 PM8 મે 2025પાકિસ્તાનનો ભારત પર હાઈડ્રોપાવર પ્રોજેક્ટ્સને નિશાન બનાવવાનો આરોપપાકિસ્તાને ભારત પર નીલમ-જેલમ હાઈડ્રોપાવર પ્રોજેક્ટને નિશાન બનાવવાનો આરોપ લગાવ્યો છે.

# જૂનાગઢ મનપાની બેદરકારીથી આગ ભભૂકી : 3એ જીવ ગુમાવ્યા, 3 ગંભીર

## મનપાનાં JCBએ લાઈન ભાંગી નાખી ને ગેસ લીકેજ થયો : 6 દુકાનો, 8 બાઈક આગની લપેટમાં આવી ગયાં : આગની દુર્ઘટનાથી મનપાના શાસકો પર ફિટકાર

જૂનાગઢ શહેરના ઝાંઝરડા ચોકડી પર વરસાદી પાણીના નિકાલ માટેના પાઈપ નાખવા માટે મનપાનું જેસીબી ખાડો ખોદતું હતું. જે ખાડો ખોદતા હતા ત્યાં ટોરેન્ટ ગેસની લાઈન હતી. લાઈનમાં બેદરકારીપૂર્વક જેસીબીનું બકેટ મારી દેવામાં આવતાં લાઈન તૂટી ગઈ હતી અને તેમાંથી ગેસ લીકેજ શરૂ થઈ જતાં આગ ફાટી નીકળી હતી. આ આગમાં કુલ છ લોકો ઈજાગ્રસ્ત થયા હતા, જેમાંથી ત્રણનાં કમકમાટીજનક મોત થયા છે અને અન્ય ત્રણ ગંભીર સ્થિતિમાં સારવાર હેઠળ છે. મનપાએ ગેસ કંપનીને જાણ કર્યા વગર આડેધડ કરેલાં ખોદકામના કારણે નિર્દોષ લોકોએ જીવ ગુમાવવો પડયો છે. શહેરના ઝાંઝરડા ચોકડી પર સાત દિવસ પહેલા ખોદેલા ખાડાનું કામ અધુરૂ રાખી દેવામાં આવ્યું હતું. આ અંગે સ્થાનિક લોકો ત્રાહિમામ થઈ જતા તેણે નગરસેવકો તથા મનપાને જાણ કરી હોવાથી આજે અધુરૂ કામ કરવા માટે જેસીબી મોકલી દેવામાં આવ્યું હતું. જેસીબીના ચાલકે કોઈપણ વિભાગના



અધિકારી કે જવાબદારોની હાજરી વગર ખોદકામ ચાલુ કરતા ગેસની લાઈનને જેસીબીનું બકેટ મારી દેતા અચાનક લાઈન તૂટી જતા તેમાંથી પ્રેશર સાથે ગેસ લીકેજ થવાનું શરૂ થઈ ગયું હતું. ગેસ લીકેજ થઈ રહ્યો હતો ત્યારે તેનાથી દસેક ફૂટ દૂર ગાંઠિયાની લારી હતી. લારીમાં ગાંઠિયા બનાવવામાં આવતા હતા. લીકેજ થયેલો ગેસ સીધો ગાંઠિયાની લારીના ચુલા પાસે પહોંચી જતા આગએ વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધુ હતું. ભાડે દુકાન રાખી દુકાનની બહાર ગાંઠિયાની લારી રાખનાર શૈલેષભાઈ સોલંકી આગની લપેટમાં આવી ગયા હતા. આગ બેકાબૂ બની એક બાદ એક દુકાનોમાં પ્રસરવા લાગી હતી. દુકાનની બહાર પડેલા મોટરસાઈકલ પણ આગની લપેટમાં આવી ગયા હતા. શૈલેષભાઈ દુકાનની બહાર લારીમાં ગાંઠિયા બનાવતા હતા ત્યારે આગ ફાટી નીકળતા તેમણે દુકાનમાં રહેલા તેમના પત્ની રૂપાબેન અને તેમની અઢી વર્ષની પુત્રી ભક્તિ તથા નાસ્તો કરવા આવેલા ગ્રાહક હરેશભાઈ રાબડીયાને આગથી બચાવવા દુકાનનું શટર બંધ કરી પોતે દાઝેલી હાલતમાં ત્યાંથી ભાગી ગયા હતા. ત્યારબાદ આગ શૈલેષભાઈની દુકાનની આસપાસની ચાર દુકાનોમાં ફેલાઈ ગઈ હતી અને શૈલેષભાઈની દુકાનનું શટર બંધ કર્યું હોવા છતાં આગ દુકાનમાં ઘૂસી ગઈ હતી. આસપાસની દુકાનોમાં લાગેલી આગ, ગેસની ગુંગળામણ, દુકાનની અંદર ઘૂસી ગયેલી આગના કારણે અંદર રહેલા શૈલેષભાઈના પત્ની, પુત્રી અને ગ્રાહકનું મોત થઈ ગયું હતું. ઝાંઝરડા ચોકડીએ પોલીસ ચેકપોસ્ટ નજીકનાં કોમ્પ્લેક્સમાં આવેલી ૫, ૬, ૭, ૮, ૯ અને ૧૦ નંબરની દુકાનમાં પણ આગ પ્રસરી ગઈ હતી. આગના કારણે દુકાનમાં રહેલો ખાણીપીણોનો સામાન, ફ્રિઝ સહિતનો સામાન બળીને ખાક થઈ ગયો હતો. આમ કુલ ૬ દુકાનો તથા ૮ મોટરસાઈકલ બળી ગયા હતા. ગાંઠિયાની લારીએ નાસ્તો કરવા આવેલા ગ્રાહકે જીવ ગુમાવ્યો, એક રાહદારી લપેટમાં આવી જતાં દાઝ્યાઃ આગ પ્રસરીને નજીકની પાનની દુકાને પહોંચી અને... સળગતી હાલતમાં હિંમતપૂર્વક યુવાન હોસ્પિટલે પહોંચી ગયો જૂનાગઢ, : આગ પ્રસરવા લાગી ત્યારે શૈલેષભાઈની દુકાન નજીક આવેલ દાતાર પાનની દુકાનમાં આગ લાગતાં દુકાનના સંચાલક પિયુષભાઈ પણ આગની લપેટમાં આવી ગયા હતા. જો કે, તે હિંમતપૂર્વક આગમાંથી બહાર નીકળી શરીરે ગંભીર ઈજા હોવા છતાં નજીકમાં આવેલી ખાનગી હોસ્પિટલે દોડતા-દોડતા પહોંચ્યા હતા. મૃતક હરેશભાઈ રાબડીયા મૂળ ગોલાધર ગામના વતની છે અને હાલ શહેરના જોષીપરા વિસ્તારમાં રહે છે. હરેશભાઈ ઝાંઝરડા ચોકડી ખાતે શૈલેષભાઈની રેકડીએ ગાંઠિયા ખાવા આવ્યા હતા. ગાંઠિયા ખાઈ રહ્યા હતા ત્યારે આગની લપેટમાં આવી જતા તેણે જીવ ગુમાવવો પડયો છે. હરેશભાઈનો પુત્ર કૃષિ યુનિવર્સિટીના કેમ્પસમાં આવેલી વેટરનરી કોલેજમાં નોકરી કરે છે. તેને જાણ થતા તેને ગંભીર આઘાત લાગ્યો હતો, જ્યારે ગોલાધરના વતની નથુભાઈ ત્યાંથી પસાર થઈ રહ્યા હતા અને તેને પણ આગે ઝપટમાં લઈ લીધા હતા. ઈજાગ્રસ્ત પિયુષભાઈને જૂનાગઢની ખાનગી હોસ્પિટલ બાદ વધુ સારવાર માટે રાજકોટ ખસેડવામાં આવ્યા છે, જ્યારે નથુભાઈને જૂનાગઢ સિવિલ હોસ્પિટલમાં અને શૈલેષભાઈને શહેરની ખાનગી હોસ્પિટલમાં સારવાર હેઠળ રાખવામાં આવ્યા છે.

# રાજકોટ,જામનગર,ભૂજ,કેશોદ સહિત સૌરાષ્ટ્રના એરપોર્ટમાં હવાઈસેવા બંધ

પહલગામમાં આતંકવાદીઓએ 26 નિર્દોષ પ્રવાસીઓને બેરહમીથી ક્રૂરતાપૂર્વક મોતને ઘાટ ઉતાર્યાના જવાબ રૂપે ભારતે પાકિસ્તાનમાં અને પાક.કબજાગ્રસ્ત જમ્મુ-કાશ્મીરમાં આવેલા આતંકવાદીઓના કેમ્પો પર ગત મોડી રાત્રિના એર સ્ટ્રાઈક કરી હતી જે અન્વયે સર્જાયેલ સ્થિતિમાં સલામતિના ભાગ રૂપે પાકિસ્તાન સરહદ નજીક આવેલા સૌરાષ્ટ્રના રાજકોટ, જામનગર, ભૂજ અને કેશોદ,પોરબંદર વગેરે તમામ એરપોર્ટને ફ્લાઈટની અવરજવર માટે ત્રણ દિવસ બંધ કરાયેલ છે.



રાજકોટના જિલ્લા વહીવટી સૂત્રો અનુસાર રાજકોટ એરપોર્ટની તમામ સેવાઓ તા. 7, 8 અને તા. 9 મે એ ત્રણ દિવસ માટે બંધ રાખવામાં આવી છે અને આજની તા.૭ની તમામ સિવિલ ફ્લાઈટ્સ રદ કરવામાં આવી છે. જ્યારે રાજકોટનું હીરાસર એરપોર્ટ તમામ પ્રકારની મિલિટરી સેવાઓ માટે ૨૪ કલાક, રાઉન્ડ ધ ક્લોક ખુલ્લુ રહેશે. રાજકોટથી મુંબઈ, દિલ્હી વગેરે સ્થળે જતી ડોમેસ્ટીક ફ્લાઈટ ત્રણ દિવસ સુધી અવરજવર સંપૂર્ણ બંધ રહેશે. યાત્રિકોએ આ ત્રણ દિવસનું બૂકીંગ કરાવ્યું હશે તે ટિકીટો રદ થશે. જામનગરનું એરપોર્ટ પણ ત્રણ દિવસ માટે સિવિલ ફ્લાઈટ્સ માટે બંધ કરી દેવાયેલ છે, જિલ્લા પોલીસ વડાના આદેશ અન્વયે એરપોર્ટમાં સઘન વાહન ચેકીંગ કરીને વાહનચાલકોની પુછપરછ કરવામાં આવી હતી. જામનગરથી મુંબઈ જતી-આવતી ફ્લાઈટ ત્રણ દિવસ માટે મોકુફ રહેશે અને ટિકીટો કેન્સલ કરી દેવાઈ છે.

જુનાગઢ જિલ્લાના કેશોદ એરપોર્ટ પર પણ આગામી તા.૧૦ સુધી ફ્લાઈટ બંધ રાખવા સુચના આપવામાં આવી છે. એકાંતરા આવતી ફ્લાઈટનું બુકીંગ બંધ કરી દેવામાં આવ્યું છે. આગામી આદેશ બાદ એરપોર્ટ પર ફ્લાઈટ શરૂ થશે.કેશોદ એરપોર્ટ ઉપર હાલ મંગળ, ગુરૂ અને શનિવાર એમ ત્રણ દિવસ અમદાવાદ-કેશોદ-દિવ ફ્લાઈટ અવરજવર કરે છે. જેનું બૂકીંગ રદ કરાયું છે અને આગળ ખુલ્લુ રાખવા સૂચના મળ્યા બાદ જ શરૂ કરાશે. આ ઉપરાંત પ્રાપ્ત વિગત અનુસાર ઉત્તર ભારતમાં ચંદીગઢ, અમૃતસર, જમ્મુ, શ્રીનગર, લેહ, જોધપુર, જેસલમેર, સીમલા, સહિત 16 એરપોર્ટ પરથી ડોમેસ્ટીક અને ઈન્ટરનેશનલ ફ્લાઈટ સેવા સ્થગિત કરાઈ છે. સૌરાષ્ટ્ર પણ ભારત-પાકિસ્તાન સરહદની નજીક આવેલો ગુજરાતનો પ્રદેશ છે અને આતંકવાદી કૃત્યોના કારણે સર્જાયેલી તણાવની સ્થિતિ વચ્ચે હજારો હવાઈયાત્રિકોએ હાલ ત્રણ દિવસ અન્ય માર્ગેથી નિયત સ્થળે જવાનું રહેશે.

# સૌરાષ્ટ્રમાં ભરઉનાળે કમોસમી વરસાદથી ચેકડેમ છલકાયા : નદી-નાળામાં નવા નીર

## કાળઝાળ ગરમીનો પારો ગગડયો, ને વાતાવરણ ટાઢુંબોળ સાવરકુંડલા, લીલીયા, ભાયાવદર, જામકંડોરણા, સુલતાનપુર, જામજોધપુર, ધોરાજી, બગસરા, ફલ્લા વગેરે શહેરો-ગામોમાં વાદળછાંયું વાતાવરણ, માવઠાંથી ખેતીપાકને નુકસાન

સૌરાષ્ટ્રમાં ભરઉનાળે ત્રણ દિવસથી વાતાવરણમાં પલ્ટો આવવા સાથે ચાલુ થયેલા કમોસમી વરસાદથી હવે કેટલાક ચેકડેમ છલકાયા છે અને નદી-નાળામાં નવા નીર પણ આવ્યા છે. આ સાથે કાળઝાળ ગરમીનો પારો ગગડયો છે અને વાતાવરણ ટાઢુંબોળ બન્યું છે. ત્રણ દિવસથી સાવરકુંડલા, લીલીયા, ભાયાવદર, જામકંડોરણા, સુલતાનપુર, જામજોધપુર, ધોરાજી, બગસરા, ફલ્લા વગેરે શહેરો-ગામોમાં વાદળછાંયું વાતાવરણ યથાવત રહ્યું છે અને માવઠાંથી ખેતીપાકને નુકસાન થયાની ફરિયાદો પણ ઉઠવા લાગી છે. * સાવરકુંડલા તાલુકાના પીઠવડી, વંડા, મોટા ભમોદરા, નેસડી, કરજાળા, ઓળીયા, બાઢડા વગેરે ગામોમાં આજે પણ બે ઈંચ જેટલો વરસાદ વરસ્યો હતો. ઉપરવાસમાં સારો



વરસાદ હોવાથી હનુમાનજી આશ્રમ નજીક આવેલો ચેકડેમ ઓવરફ્લો થયો હતો. અણધાર્યા માવઠાંથી શાકભાજી, બાજરી અને અન્ય ઉનાળુ પાકને નુકસાન થયું છે અને ખેડૂત સંગઠનોએ સરકાર પાસે સર્વે કરાવી તાત્કાલિક વળતર આપવા માંગ કરી છે. * લીલીયા શહેર અને આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં ગઈકાલે બપોરે તોફાની પવન અને ગાજવીજ સાથે ધોધમાર એક ઈંચ જેવો વરસાદ વરસી પડયો હતો. આ સાથે વીજ પુરવઠો પણ ખોરવાઈ ગયો હતો. આ માવઠાંથી થોડી વાર માટે ઠંડક પ્રસરી હતી, પણ બાદમાં અસહ્ય બફારો ચાલુ થઈ ગયો હતો. ગઈકાલ બાદ આજે પણ પોણો ઈંચ જેવો વરસાદ પડયો હતો. * ભાયાવદરમાં ત્રણ દિવસથી અષાઢી માહોલ જામ્યો છે, જેમાં આજે બપોરે માત્ર અડધા કલાકમાં અનરાધાર દોઢ ઈંચ વરસાદ ખાબડી પડતા જળબંબાકાર સર્જાયો હતો. જેથી બાજરો, તલ, મગ, કાંજી, ડુંગળી વગેરે ઉનાળુ પાકને ભારે નુકસાન થતાં ખેડૂતો ચિંતાતૂર બન્યા છે. * જામકંડોરણામાં આજે પણ ચોમાસા જેવો માહોલ જામ્યો હતો અને વધુ એકાદ ઈંચ જેવા કમોસમી વરસાદ વરસતા માર્ગો પર પાણી ફરી વળ્યા હતા. આ સાથે પાકને નુકસાન થવાથી ચિંતા પ્રસરી છે. * ગોંડલ તાલુકાના સુલતાનપુર ગામે ભારે પવન અને ગાજવીજ સાથેના વરસાદથી દેરડી રોડ પર વૃક્ષ ધરાશાયી થઈને વીજલાઈન પર પડયું હતું. જેથી વીજ પુરવઠો અને પાણી વિતરણ ખોરવાઈ ગયું હતું. પાકને પણ નુકસાન થયું છે. * જામજોધપુરમાં આજે સવારથી ભારે બફારા બાદ બપોરે પોણા ત્રણ વાગ્યે ધોધમાર વારસાદ ચાલુ થયો હતો અને પોણી કલાકમાં દોઢ ઈંચ વરસી જતાં ખેડૂતોને દોડધામ થઈ ગઈ હતી. આ માવઠાંથી તલ, મગ, કેરી વગેરે ખેતીપાકને મોટાપાયે નુકસાન થયું છે. * ધોરાજીમાં આજે બીજા દિવસે પણ અચાનક મેઘરાજાએ ધમાકેદાર એન્ટ્રી કરી હતી. બપોરે ૩ વાગે ભારે બફારા બાદ મિનિ વાવાઝોડા સાથે એક કલાકમાં એક ઈંચ જેવો વરસાદ ખાબક્યો હતો. અચાનક વરસાદ આવતા ખેડૂતો ચિંતામાં મુકાઈ ગયા હતા. માર્કેટિંગ યાર્ડમાં જણસી પલળી ગઈ હોવાનું જાણવા મળ્યું હતું. * બગસરામાં આજે બીજા દિવસે પણ સવારથી વાતાવરણમાં પલટા આવવાની સાથે સાંજ સુધીમાં ગાજવીજ સાથે બે ઈંચ વરસાદ વરસ્યો હતો. જેથી નીચાણનાં વિસ્તારોમાં પાણી ભરાયા હતા. ઉનાળુ પાક અને કેરીના પાકને વ્યાપક પ્રમાણમાં નુકસાન થયાનું જાણવા મળે છે. * ફલ્લામાં આજે સાંજે પાંચ વાગ્યે તોફાની પવન સાથે વરસાદનું જોરદાર ઝાપટું પડતા રસ્તા પર પાણી ફરી વળ્યા હતા.

# મૂળ સૌરાષ્ટ્રની યુવાન મહિલા વેપારીના અંગત ફોટા જુદી-જુદી સાઈટ પર વાયરલ કરાયા




સુરતના સરથાણા વિસ્તારમાં રહેતી મૂળ સૌરાષ્ટ્રની 21 વર્ષીય મહિલા વેપારીના અંગત ફોટા કોઈકે ટેલીગ્રામ ચેનલ અને જુદીજુદી સાઈટ ઉપર વાયરલ કરતા સરથાણા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. પોલીસ સૂત્રો દ્વારા પ્રાપ્ત થતી વિગતો મુજબ મૂળ સૌરાષ્ટ્રની વતની અને સુરતમાં સરથાણા વિસ્તારમાં રહેતી 21 વર્ષીય શૈફાલી (નામ બદલ્યું છે) પરવત પાટીયા વિસ્તારમાં કપડાનો વેપાર કરે છે.આઠ મહિના અગાઉ અજાણ્યાએ તેને ઈન્સ્ટાગ્રામ ઉપર મેસેજ કરી તેનો અંગત ફોટો મોકલ્યો હતો અને કહ્યું હતું કે આ ફોટો વાયરલ નહી કરુ અને પ્રાઈવશીના કારણે હુ તને મારુ નામ નહી જણાવુ.

હું ઈન્સ્ટ્રાગ્રામ આઈડી પણ ડીલીટ કરી નાખું છુ.ત્યાર બાદ તેના કોલેજના મિત્ર વૈભવે તેને વ્હોટ્સએપ મેસેજ કરી તારો ફોટો કોઈ આઈડી ઉપરથી મને મળ્યો છે તેમ કહેતા શૈફાલીએ તેની પાસે આઈડીની લીંક અને નામ માંગ્યું હતું.

પણ વૈભવે બહાના કાઢી વિગત આપી નહોતી. બાદમાં 20 ફેબ્રુઆરીએ શૈફાલીની સોસાયટીમાં રહેતી ફ્રેન્ડે ફોન કરી જાણ કરી હતી કે તારા ફોટા ટેલીગ્રામ ચેનલ ઉપર વાયરલ થયા છે.

શૈફાલીએ સાયબર ક્રાઈમ હેલ્પલાઈન નંબર ઉપર ફોન કરી તેની લીંક બ્લોક કરાવી હતી.પણ ત્યાર બાદ તેના ફોટા જુદીજુદી વેબસાઈટ પર વાયરલ થતા છેવટે આ અંગે તેણે ગતરોજ સરથાણા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા ઈન્ચાર્જ પીઆઈ એસ.એ.શાહે વધુ તપાસ હાથ ધરી છે. 21 વર્ષીય યુવતીને 8 મહિના અગાઉ અજાણ્યાએ ઈન્સ્ટા પર અજાણ્યાએ અંગત ફોટો મોકલ્યા હતા પણ વાયરલ નહી કરૂ તેમ કહેલું .

# રીબડાના અમિત ખુંટને હનીટ્રેપમાં ફસાવાયો હતો : બે વકીલની સંડોવણી

ગોંડલના રાજકારણમાં ગરમાવો લાવનાર રીબડાના અમિત ખુંટના આપઘાત કેસમાં ચોંકાવનારો વળાંક આવ્યો છે.અમિત ખુંટને હનીટ્રેપમાં ફસાવી તેના વિરૂધ્ધ દુષ્કર્મની ફરિયાદ નોંધાવાયાનો ચોંકાવનારો ઘટસ્ફોટ પોલીસ તપાસમાં થયો છે. જેમાં રાજકોટના વિવાદાસ્પદ એડવોકેટ સંજય હેમંતભાઈ પંડીત અને ગોંડલના એડવોકેટ દિનેશ પાલાભાઈ પાતરની સંડોવણી ખુલી છે. જેથી આ બંને ઉપરાંત દુષ્કર્મની ફરિયાદી અને તેની બહેનપણીની ગોંડલ તાલુકા પોલીસે ધરપકડ કરી છે. રાજકોટમાં રહેતી અને મોડેલીંગ કરતી તરૂણીએ અમિત ખુંટ સામે રાજકોટના એ ડિવિઝન પોલીસ મથકમાં ગત શનિવારે દુષ્કર્મની ફરિયાદ નોંધાવી હતી. જેના આધારે પોલીસે પોક્સો સહિતની કલમો હેઠળ ગુનો નોંધી અમિત ખુંટની શોધખોળ શરૂ કરી હતી. આ ઘટનાક્રમ વચ્ચે અમિત ખુંટે ગઈ તા. ૫ના રોજ રીબડા ગામમાં આવેલી પોતાની વાડીએ ગળાફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી હતી. તેણે આ પગલું ભરતા પહેલા સ્યુસાઈડ નોટ લખી હતી. જેમાં રીબડાના અનિરૂધ્ધસિંહ જાડેજા, તેના પુત્ર રાજદીપસિંહ, દુષ્કર્મની ફરિયાદી અને તેની બહેનપણી પૂજા ગોરે પોતાને ખોટા કેસમાં ફસાવતા બદનામી થવાથી આત્મહત્યા કર્યાનું લખ્યું હતું. જેના આધારે ગોંડલ તાલુકા પોલીસે આ ચારેય આરોપીઓ સામે આપઘાતની ફરજ પાડવાની કલમ હેઠળ ગુનો દાખલ કર્યો હતો. ત્યાર પછી ગોંડલ તાલુકા પોલીસે દુષ્કર્મની ફરિયાદી અને તેની બહેનપણી પૂજા ગોરની પૂછપરછ કરતાં ચોંકાવનારો ખુલાસો થયો છે. આ બંનેની પોલીસે પૂછપરછ કરતાં જાણવા મળ્યું હતું કે પૂજાનો રાજકોટમાં એક મિત્ર રહે છે, જેણે પૂજા અને દુષ્કર્મની ફરિયાદ નોંધાવનાર તરૂણીને સાધી કહ્યું હતુ કે અમિત ખુંટ સાથે સોશિયલ મીડિયાના માધ્યમથી મિત્રતા કરી અને પ્રેમ સંબંધ અને બાદમાં તેની સાથે શરીર સંબંધ બાંધી, તેના વિરૂધ્ધ દુષ્કર્મની ખોટી ફરિયાદ




નોંધાવવાની છે. બદલામાં તમારી બંનેની લાઈફ સેટ થઈ જશે, બંનેને સારામાં સારી જોબ પણ મળશે, બંનેને મોટી રકમ પણ મળશે, આ પછી તમને કાંઈ ઘટશે નહીં, અમિત ખુંટ વિરૂધ્ધ ફરિયાદ કરતી વખતે એડવોકેટ સંજય પંડીત અને દિનેશ પાતર સાથે રહેશે. શરૂઆતથી અંત સુધી તમને મદદ કરશે. બંને કહે તે રીતે તમારે પોલીસ ફરિયાદ નોંધાવાની છે. જેથી દુષ્કર્મની ફરિયાદી અને તેની બહેનપણી પૂજા ગોરને પૈસાની જરૂરિયાત હોવાથી આ કામ માટે સહમત થઈ ગઈ હતી. કાવતરા મુજબ અમિત ખુંટ સાથે મિત્રતા કેળવી, આખરે તેના વિરૂધ્ધ દુષ્કર્મની ફરિયાદ પણ નોંધાવી હતી. મેડીકલમાં દુષ્કર્મ કર્યાનું સાબિત થાય તે માટે શરીર સંબંધ પણ બાંધ્યો હતો. આ ચોંકાવનારા ઘટસ્ફોટના અંતે ગોંડલ તાલુકા પોલીસે દુષ્કર્મની ફરિયાદ નોંધાવનાર તરૂણી, તેની બહેનપણી પૂજા જેન્તીભાઈ ગોર અને બંને એડવોકેટ સંજય પંડીત અને દિનેશ પાતરની વિધિવત ધરપકડ કરી હતી. આ કેસમાં રીબડાના અનિરૂધ્ધસિંહ જાડેજા અને તેના પુત્ર રાજદીપસિંહને હજુ સુધી પોલીસ શોધી શકી નથી. પોલીસ સૂત્રોએ જણાવ્યું કે દુષ્કર્મની ફરિયાદી અને તેની બહેનપણી પૂજાને આ કામ સોંપનાર વચેટિયો પકડાયા પછી તેણે કોના કહેવાથી અમિત ખુંટને ફસાવવાનું કાવતરૂ રચ્યું હતું તે અંગે ખુલાસો થશે.

# વડોદરામાં કોઈ પણ ઈમરજન્સીને પહોંચી વળવા બે સ્થળે મોકડ્રીલ અને બ્લેકઆઉટ



પાકિસ્તાનમાં આંતકીઓ પર કરાયેલી એરસ્ટ્રાઈકને પગલે યુધ્ધ જેવી સ્થિતિ સર્જાઈ છે ત્યારે કોઈ પણ પ્રકારની ઈમરજન્સીને પહોંચી વળવા માટે આજે શહેરમાં બે સ્થળે મોકડ્રીલ યોજાઈ હતી. શહેરમાં સંભવિત આતંકી હુમલો તેમજ કોઈપણ પ્રકારની ઈમરજન્સી સર્જાય તો અફરાતફરીનો માહોલ ના સર્જાય તેમજ હિંમત પૂર્વક સ્થિતિનો મુકાબલો કરી શકાય તે હેતુથી મકરપુરા ઓએનજીસી ખાતે તેમજ ગોરવા રોડ પરના ઈનઓર્બિટ મોલ ખાતે બપોરે ચાર વાગે મોકડ્રીલ યોજાઈ હતી. સાયરન વાગતાં જ દોડધામ શરૃ થઈ હતી અને પોલીસ,ફાયર બ્રિગેડ,હોમગાર્ડ, સિવિલ ડીફેન્સ સહિતના વિભાગોના અધિકારીઓ એક્શનમાં આવ્યા હતા. ઉપરોક્ત સ્થળોએ આગ કાબૂમાં લેવા તેમજ ફસાયેલા લોકોને બહાર કાઢવા માટેની કવાયત કરવામાં આવી હતી. ત્યારબાદ રાતે ૭.૩૦ વાગે બ્લેકઆઉટ માટે અપીલ કરવામાં આવી હોવાથી તમામ વિસ્તારોમાં અંધારપટ છવાયો હતો.કલેક્ટર તેમજ પોલીસ કમિશનર સહિતના વિવિધ વિભાગના ઉચ્ચ અધિકારીઓએ મોકડ્રીલ અને અંધારપટની કવાયત સફળ ગણાવી હતી. મોકડ્રીલ બાદ તમામ વિભાગો દ્વારા મૂલ્યાંકન કરી ક્ષતિઓ દુરસ્ત કરાશે ઈમરજન્સીને પહોંચી વળવા માટે કેન્દ્રીય ગૃહ મંત્રાલયના આદેશથી વડોદરામાં પણ મોકડ્રીલ યોજાઈ હતી.જેમાં જુદી જુદી એજન્સીના વડાઓએ પણ ભાગ લીધો હતો.

Editor : **KANTILAL AMBARAMBHAI PATEL** Publisher, Printer & Owner : **DILIP NANJIBHAI PATEL**
Place of Publication : **C-255, WEST GATE COMPLEX, 150 FEET RING ROAD, NEAR RAIYA CHOWK, RAJKOT-360007 GUJARAT**
Printed At : **RP PUBLICATION, 31 A, JALARAM INDUSTRIAL ESTATE, NH 8/B, RUDA TRANSPORT NAGAR, POST: SOKHADA, RAJKOT-360003 GUJARAT**
**Editor : Responsible for selection of news under PRB Act. Mumbai Tarang (Estd 2023)**